ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 15 • પ્રકરણ : 11 • સળંગ અંક : 179 | 26 ફેબ્રુઆરી 2010 | શેષ લવાજમ : £04.20 / £06.70

આધુનિક સભ્યતા પર સંકટ

• પ્રભાષ જોશી

મિત્રો, ગઈ કાલે જ્યારે હું પટણાથી આવતો હતો, ત્યારે સપ્તાહમાં બે વાર ચાલતી ગાડીમાં આવતો હતો. તેમાં ભીડ નહોતી. હું મારી જગ્યાએ જઈને બેસી ગયો. સામે એક વિદેશી સજ્જન સૂતા હતા. ગાડી ઉપડી, થોડે દૂર નીકળી ગઈ. એમણે જોયું કે ડબ્બામાં બેઠેલા લોકો મારા હસ્તાક્ષર લેવા આવે છે. મારી સાથે વાતો કરે છે. એમને થયું હશે, આમ સૂતો રહું તે બરાબર નહિ. કોઈને પૂછ્યું હશે મારે વિશે. ઊઠીને મારી માફી માગી, કહેવા લાગ્યા - હું આ રીતે પગ લાંબા કરીને સૂઈ રહ્યો છું તો એ અવિવેક કરી રહ્યો છું. ક્ષમા કરજો. મને ખૂબ સારું લાગે છે. હું તમારા જેવા વડીલની સાથે યાત્રા કરી રહ્યો છું. પછી ખબર પડી એ પણ પત્રકાર છે. જર્મનીના. એક વરસની રજા લઈને વિશ્વપ્રવાસે નીકળ્યા છે. અત્યારે તેઓ ચીનથી આવી રહ્યા હતા. ચીનથી નેપાળ આવ્યા. નેપાળથી દાર્જિલિંગ અને દાર્જિલિંગથી બસમાં પટણા આવ્યા. પટણા સ્ટેશનની બહાર જમ્યા. ઢાબા જેવું હોય છે ને, તેમાં દાળ-ભાત જમ્યા હશે. થાક્યા હશે એટલે સૂતા હશે. મને પૂછ્યું - તમે ત્યાં વારાણસી શું કામ જઈ રહ્યા છો? મેં કહ્યું કે ત્યાં 'સર્વ સેવા સંઘ'માં આધુનિક સભ્યતાના સંકટ પર ચર્ચા થવાની છે, 'હિંદ સ્વરાજ્ય'ના અનુસંધાનમાં. એ માણસ જર્મનીના સુપ્રસિદ્ધ વિશ્વવિદ્યાલયમાં ભણ્યા હતા.

એમણે કહ્યું કે હા, સંકટ તો છે. પણ હું ને તમે શું કરી શકીએ? આખી દુનિયા જ એ તરફ દોડી રહી છે કેમ કે મેં એમને કહ્યું હતું કે તમામ લોકો એવું ઈચ્છે છે કે એમનું જીવનધોરણ અમેરિકાના લોકોનું જે જીવનધોરણ છે તેવું થઈ જાય. મેં કહ્યું કે આપણે ભૂલી જઈએ છીએ. અમેરિકામાં દુનિયાના માત્ર છ ટકા લોકો રહે છે અને તેઓ દુનિયાના ૭૦-૮૦ ટકા સંસાધનોનો ઉપભોગ કરે છે. હવે જો દુનિયાના તમામ લોકો અમેરિકાના લોકોના જેવા જ જીવનધોરણની માગણી કરશે, પછી બચશે શું? કશું જ નહિ બચે કોઈને માટે. એ કહેવા લાગ્યા - તમે જે કહો છો તે સોએ સો ટકા સાચું છે. પણ હું અત્યારે ચીનથી આવું છું. ઈન્ડોનેશિયા ગયો હતો. ત્યાં મેં જોયું કે તમામ લોકો એવું જ ઈચ્છે છે. અમારું જીવનધોરણ ઊંચામાં ઊંચું હોય. અમે લોકો પણ એટલો જ ઉપભોગ કરીએ, જેટલો અમેરિકાના લોકો કરે છે. તો જ અમને સુખ મળશે.

2009ના નવેમ્બરની ૩જી તારીખે વારાણસીના 'સર્વ સેવા સંઘ' પરિસરના, વિનોબા સભાગૃહમાં, આયોજિત ગોષ્ઠિના ઉદ્‌ઘાટન સત્રમાં, પ્રભાષ જોશીએ સંબોધન કર્યું હતું. એક મૂર્ધન્ય પત્રકાર, એક પ્રખર વક્તા, એક ગહન ચિંતક, ગાંધી વિચારના મરમી, પ્રભાષજીનું સુદર્શન વ્યક્તિત્વ લોકોને સંમોહિત કરતું હતું. તે દિવસે તેઓ અસ્વસ્થ હતા, છતાં લોકોની ક્ષમા માંગીને બેઠાં બેઠાં, પાણી પીતા પીતા, 'હિંદ સ્વરાજ્ય'ના અનુસંધાનમાં, આધુનિક સભ્યતાના સંકટ પર હૃદય ઠાલવતા રહ્યા. બે દિવસ પછી, 5-11-2009ને દિવસે રાત્રે 11-30 વાગ્યા સુધી ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાતી રોમાંચક મેચ ટીવી પર જોઈ રહ્યા હતા. ત્યાં અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો અને દીવો રામ થઈ ગયો. જાગતે રહો......નો અલખ પોકારનાર શાંત થઈ ગયો. ૩જીનું એમનું આ વ્યાખ્યાન જીવનનું અંતિમ વ્યાખ્યાન બની રહ્યું.

આવા ઓલિયાઓ માટે કાગબાપુએ ગાયું છે :

સાજણ તારાં સંભારણાં, વૈયાંના ઘેરા વળે,
કાળજ કેરે કણહલે, બેહીને બટકાં ભરે.

મેં કહ્યું કે લોકોના મનમાં આ જે ઈચ્છા છે તે તો બરાબર. કોઈ પણ રીતે આપણે વધુમાં વધુ પ્રાપ્ત કરી લઈએ એવી ઈચ્છા સતત રહ્યા કરે છે. આપણા દેશમાં ઈંદિરા ગાંધીને વારંવાર યાદ કરવામાં આવે છે. જેટલી ચેનલો અને સભાઓમાં હું ગયો ત્યાં બધા જ એવું કહેતા હતા કે એમણે ગરીબી હટાવવા માટે પોતાની તમામ શક્તિ કામે લગાડી. આજે તો કોઈ એવી વાત જ નથી કરતું. મેં કહ્યું કે ગરીબી હટાવવા માટે કોઈ ગમે તેટલી વાતો કરે. પણ વાસ્તવિકતા એ છે કે છેલ્લાં ૧૫ વરસમાં તમામ ઉત્પાદન, તમામ સંપદા, તેના ૨૨ ટકા, દેશના જે ૨૦ પરિવારો છે, તેમની પાસે ચાલી ગઈ છે. અર્જુનસેન ગુપ્તાનો રિપોર્ટ છે કે દેશના ૮૪ કરોડ લોકો રોજના માત્ર ૬ રૂપિયાથી માંડીને ૨૦ રૂપિયા મેળવે છે. દેશમાં ૩૦ કરોડ લોકો એવાં છે જેમને ખબર જ નથી કે તેમને આગલા ટંકનું ભોજન ક્યાંથી મળવાનું છે. ૨૦ કરોડ લોકો એવાં છે જેમને ખબર જ નથી કે તેમને બે ટંકનું ભોજન ક્યાંથી મળવાનું છે. આપણે આટલી બધી પ્રગતિ કરી રહ્યા છીએ ત્યારે આવું કેમ થયું? શહેરોમાં તમે જુઓ, મોટા મોટા મોલ ખુલી રહ્યા છે. જેને જુઓ તેને ગાડી જોઈએ છે. રસ્તા જામ છે. બનારસમાં તમે તમારા મુકામે ક્યારે પહોંચી શકશો. તેનો કંઈ ભરોસો નહિ. દિલ્હી જેવા શહેરમાં પહેલાં હું દશ મિનિટમાં પહોંચી જતો હતો. ત્યાં હવે અડધો કલાક લાગે છે. આજકાલ હું 'વસુંધરા' રહું છું. ઘરેથી દોઢ કલાક પહેલાં નીકળું છું. છતાં ટાઈમે પહોંચી શકતો નથી. એકવાર હું મારા મિત્ર આશિષ નાંદીને મળવા ગયો. એમને મેં કહ્યું કે તમારે ત્યાં ચાર વાગે પહોંચી જઈશ એવી ગણતરીથી ઘરેથી બે વાગે નીકળ્યો હતો. આ કંઈ ટ્રાફિકનો ટાઈમ નથી. બપોરનો ટાઈમ છે. લોકો હજુ ઘરે જવા માટે નીકળ્યા નથી છતાં આ સ્થિતિ છે.

આશિષ નાંદીએ મને કહ્યું કે આપણો મધ્યમવર્ગ જે સ્વપ્નું જોઈ રહ્યો હતો તે હવે પૂરું થયું છે. તમામને ગાડી મળે. તમામ પાસે પેટ્રોલ ભરાવવાના પૈસા હોય. એ તો થઈ ગયું. ગાડી એટલી બધી વધી ગઈ કે જ્યાં જવું હોય ત્યાં વખતસર પહોંચી શકાતું નથી. દિલ્હી કે બનારસમાં જ આવું બને છે એવું પણ નથી. અમેરિકામાં અને યુરોપના દેશોમાં લોકો પાંચ દિવસ પછી બે દિવસ શનિ-રવિ રજા પાળે છે. એટલે શુક્રવારની રાતે રસ્તા એટલા બધા જામ થઈ જાય છે કે લોકો પોતાના ઘરે કાં તો મોડી રાતે પહોંચે છે કાં તો કેટલાક શનિવારે પહોંચે છે. કેટલાક લોકો રજા ગાળવા માટે દરિયા કિનારે જાય છે. ત્યારે રસ્તે એટલી બધી ભીડ હોય છે કે રજા પૂરી થવા આવે ત્યારે માંડ માંડ ત્યાં પહોંચી

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

લવાજમના દર

શેષ લવાજમ આ દેશ માટે £4.20 તેમ જ પરદેશ માટે £6.70 છે. ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communications ને મોકલવો.

●

લવાજમ – સંપાદકીય પત્રવ્યવહાર
"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]
Tel. : [+44] 020 - 8902 0993
e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

●

ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale
Street, Opera House, MUMBAI - 400 004
Tel. : [022] 2386 2843
e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ, ફક્ત Rs. 500ની રકમ, Vipool Kalyaniને નામે લખી મોકલવી

ગ્રાહક પત્રિકા :

Name : ....
Address : ....
....
Post Code : ....
Telephone : ....
e.mail : ....
Subscription : £4.20 / £6.70
Date : ....

શકે છે. રજાનો જે સમય હોય તે ગાડીમાં જ વિતાવવો પડે છે. ગાડીમાં વખત સારી રીતે પસાર થઈ શકે એટલા માટે બધી જ સગવડો હોય છે. રેડિયો હોય, ટી.વી. હોય, મ્યુઝિક સિસ્ટમ હોય. જેથી તમારું મન તેમાં પરોવાયેલું રહે. ટેલિફોન પણ હોય છે. મોબાઇલ પણ હોય છે. તમામ સગવડો હોય છે. કેમ કે કોઈને ખબર જ નથી હોતી કે ટ્રાફિકમાં જો ફસાઈ ગયા તો છૂટકારો ક્યારે થશે? જીવન જ આવું થઈ ગયું છે. છતાં બધાંને મોહ છે કે એવું જ જીવન અમને મળી જાય તો ભયો ભયો.

આ વરસે ભારતના અડધા ભાગમાં વરસાદ નથી પડ્યો. મોટામાં મોટી ચિંતા એ છે કે રવિપાકનું શું થશે? હવે દરરોજનાં છાપાં જુઓ. એમને મોટાંમા મોટી ચિંતા એ છે કે વિકાસદર કઈ રીતે ઊંચો આવે? અત્યારે ૬ કે ૭ ટકા છે તે ૧૦-૧૧ ટકા ક્યારે થઈ જાય? કેમ કે તમામ પૈસાદારોની ચિંતા એ હોય છે કે કઈ રીતે અમારા પૈસા બમણા થઈ જાય? એમને એવી ચિંતા નથી થતી કે આ પૈસા બીજાની પાસે જાય છે કે નથી જતા. દેશમાં દુષ્કાળ પડ્યો છે. એને કારણે વિકાસદર નીચે આવી રહ્યો છે. તેવે વખતે જેની પાસે આજના અને આવતી કાલના રોટલાની કોઈ સગવડ જ નથી તેમનું શું થતું હશે? તેમની દશા કેવી હશે? જે દેશના ૮૫ ટકા લોકોને ખબર જ નથી કે હવે પછીના ટંકનું ભોજન મળશે કે નહિ મળે? તે દેશ કઈ રીતે 'સુપર પાવર' બને શકે? જે ૧૦ કે ૧૫ ટકા લોકો છે તેઓ કદાચ ૧૫ ટકાના વિકાસદરથી આગળ વધે તો પણ પેલા ૮૫ ટકાની પરિસ્થિતિમાં કશો જ ફેર પડવાનો નથી. આ તો એવું થયું. એક જ ઘરમાં રહેનારાં ૮૫ જણ ભૂખે મરે છે અને ૧૫ જણને જલસા જ જલસા. એ ઘર ઊંચે કેવી રીતે આવે? એટલે મેં પેલા જર્મન પત્રકારને કહ્યું હતું - આ દેશમાં મારા જેવા અંગ્રેજી બોલવાવાળા અને અંગ્રેજી મારફતે પોતાનો કારભાર ચલાવનારા લોકો બરાબર એમના જેવા જ થઈ ગયા છે. આજથી ૧૦૦ વરસ પહેલાં અમારી ઉપર રાજ્ય કરતી વખતે અંગ્રેજો જેવા હતા તેવા એમની વ્યવસ્થામાં જે પૈસા બનતા હતા કે આવતા હતા તે અંગ્રેજો પાસે ચાલ્યા જતા હતા. આજની વ્યવસ્થામાં એ પૈસા અમારા ઉપલા વર્ગના લોકોની પાસે ચાલ્યા જાય છે. ભારતીય અંગ્રેજોની પાસે ગુલામી એવીને એવી જ છે. અંગ્રેજોના જમાનામાં હતી એવી જ.

એટલા માટે મહાત્મા ગાંધીએ 'હિંદ સ્વરાજ'માં કહ્યું હતું, તેઓ માત્ર દેશની આઝાદી માટે નહોતા કહેતા. તેઓ તો સ્વરાજ્યની વાત કહેતા હતા. સ્વરાજ્ય એટલે પોતાની ઉપર પોતાનું રાજ્ય, સ્વશાસન. સ્વરાજ્ય એટલે આ દેશનો પ્રત્યેક નાગરિક પોતાના જીવનનિર્વાહ માટે કોઈ બીજાની ઉપર આધાર ન રાખે. જે માણસ બીજા ઉપર, બહારની વસ્તુ ઉપર, જેટલો ઓછો આધાર રાખશે તેટલો તે વધુ સ્વતંત્ર હશે. જેટલો ઓછો આશ્રિત એટલી વધુ સ્વતંત્રતા.

કબીરનું એક પદ છે - **હાથ મેં તુંબા, બગલમેં સોટા, ચારોં ખૂંટ જગીરીમેં, મન લાગો મેરો યાર ફકીરી મેં.** એ કહે છે કે મારા હાથમાં તુંબડું છે. બગલમાં સોટો એટલે ચીપિયો છે. ચારે દિશામાં મારી જાગીરી છે. હું તો ફકીર છું. મારે ક્યાં કોઈની સાડીબાર છે? આ તો એક રીત છે જીવવાની તમારી પાસે કરોડો રૂપિયા હશે કે અબજો રૂપિયા હશે, તો પણ તમને વધુને વધુ મેળવવાની લાલસા રહ્યા કરવાની અને પેલો જે ફકીર છે તે કહે છે કે મને તો આ બે વસ્તુ - તુંબડું અને ચીપિયો - મળી જાય એટલે બસ. ગાતો ગાતો ચાલ્યો જઈશ. મારે કોઈ બીજી વસ્તુની જરૂર નથી. સાચું સ્વરાજ્ય તો આની પાસે છે. એને કોઈની ઉપર આધાર નથી રાખવો પડતો.

કબીરનું એક બીજું પદ છે :

સાંઈ ઈતના દીજિયે, જા મેં કુટુંબ સમાય,
મૈં ભી ભૂખા ના રહું, ઔર સાધુ ન ભૂખા જાય.

હે ભગવાન, મને એટલું જ આપો, જેમાં મારું અને મારા કુટુંબનું ભરણપોષણ ચાલ્યા કરે અને મારે આંગણે આવેલો કોઈ ભૂખ્યો ન જાય. વધારેની જરૂર નથી. જેને બીજી બીજી વસ્તુઓની ઉપર આધાર રાખવો પડે, એનું સ્વરાજ્ય કેવું હોય?

પરમ દિવસે રાતે હું પટણા આવવા માટે નીકળવાનો હતો એટલે મેં મારા દીકરાને કહ્યું કે કાલે રવિવાર છે. ડ્રાઇવર બિચારો ક્યાંથી આવશે. તું જ અહીં મારી સાથે સૂઈ જા. સવારે તું જ એરપોર્ટ પર મૂકી જજે. સવારે જલદી જલદી તૈયાર થઈને નીચે ઉતર્યા. ગાડીમાં બેસવા ગયા ત્યારે જોયું તો એક પૈંડામાં હવા જ નથી. હવે? હવા પૈંડાંની નહિ, અમારી જ નીકળી ગઈ. હવે એરપોર્ટ પર કેવી રીતે પહોંચશું? ચિંતા એટલી બધી વધી ગઈ કે સવારે સવારે પરસેવો છૂટી ગયો. વિમાનમાં જે લોકો સાથે આવવાના છે, ટિકિટ એમની પાસે છે. એ લોકો ચિંતા કરતા હશે. કંઈક તો કરવું જ પડશે. ગમે તેમ કરીને હવા ભરાવવી પડશે. પંક્ચર હશે તો તેયે કરાવવું જ પડશે. પણ આજે રવિવાર. સવારે સવારે દુકાન પણ ન ખુલી હોય. પેટ્રોલપંપ વગેરે પણ ન ખુલ્યાં હોય. ભારે થઈ ! પણ પછી ગમે તેમ કરીને પહોંચી તો ગયા. જો આપણી આઝાદીની આ સ્થિતિ છે, પછી આખી દુનિયાનું શું થતું હશે?

પેલા જર્મન પત્રકાર કહી રહ્યા હતા. આખી દુનિયામાં ફરીને એણે જે કંઈ જોયું, આપણે મુંબઈમાં, દિલ્હીમાં કે બનારસમાં જે કંઈ જોઈએ છીએ - જ્યાં જ્યાં થોડીઘણી સભ્યતા આવી ગઈ છે ત્યાં ત્યાં ભાગંભાગ વધુ છે. ત્યાં ત્યાં વધુને વધુ વસ્તુઓની માગ છે. બીજી બીજી વસ્તુઓ પર આધાર રાખવો પડે છે. ત્યાં સ્વરાજ્ય નથી.

આ વાત મહાત્મા ગાંધીને ઘણા વખત પહેલાં સમજાય ગઈ હતી. આ પુસ્તક ૧૯૦૯માં તેમણે લખ્યું હતું. ૧૮૯૩માં તેઓ દક્ષિણ આફ્રિકા ગયા હતા. વચ્ચે તેઓ ભારત આવ્યા હતા. ત્યારે તેમણે એક નાનકડી પુસ્તિકા લખી હતી. તેમાં તેમણે દક્ષિણ આફ્રિકા ગયેલા ભારતીયોને કેવી કેવી હાડમારી ભોગવવી પડે છે, અત્યાચારો સહન કરવા પડે છે, તે લખ્યું હતું. એ પુસ્તિકા દક્ષિણ આફ્રિકાના લોકોએ વાંચી હશે. એટલે

એ લોકો એવું માનવા લાગ્યા કે આ ગાંધી તો અમને બદનામ કરી રહ્યો છે. અમે લોકો એમનું શોષણ કરીએ છીએ, એમને ગરીબીમાં રાખીએ છીએ એવું કહે છે. હવે એને બતાવી દઈએ, એ જે મજૂરોને લાવી રહ્યો છે પોતાની સાથે એને ડરબન બંદરે ઉતરવા જ નથી દેવા. સંદેશો મોકલાવી દીધો. સ્ટીમરના કપ્તાને દરિયામાં લંગર નાખી દીધું. ૪૫ દિવસ સુધી સ્ટીમર દરિયામાં પડી રહી. આ બાજુ લોકો બરાબરના ઉશ્કેરાયા હતા. એમને પાછા જ મોકલી દો. આપણને બદનામ કરે છે. ગાંધી બરાબરના ફસાયા હતા.

એવામાં નાતાલના દિવસો આવ્યા. ઈશુ ખ્રિસ્તના જન્મદિવસે સ્ટીમર પર ઉજવણી કરવામાં આવી. સ્ટીમરના કપ્તાને ગાંધીજીને વિનંતી કરી કે આપ આ પ્રસંગે બે શબ્દ કહો. એમણે પહેલાં તો આનાકાની કરી. પછી તૈયાર થયા. ટૂંકું ભાષણ આપ્યું. તેમાં કહ્યું કે - જે લોકો આપણને સ્ટીમર પરથી ઉતરવા નથી દેતા તે લોકો આપણી કોઈ ભૂલોને કારણે કે એબને કારણે એવું કરે છે એવું નથી. વ્યાપારની ઈર્ષાને કારણે કે કાળાગોરાના ભેદને કારણે પણ એવું નથી કરતા. પણ દક્ષિણ આફ્રિકાના ગોરા લોકો આપણને એટલા માટે નાપસંદ કરે છે કે આપણામાં ગુણો વધુ છે. આપણે ઓછાંમાં ઓછાંથી ચલાવી લઈએ છીએ. સંગ્રહ કરવાને બદલે જે છે તેમાં સંતોષ માનીએ છીએ. દુનિયાની ચિંતા કરવાને બદલે પરલોકની ચિંતા વધુ કરીએ છીએ. જરૂરિયાતો પૂરી કરવા માટે વધુને વધુ ઉત્પાદન કરીશું. એટલે એમને એવું લાગ્યા કરે છે કે આવા લોકો જો આપણી વચ્ચે રહેશે તો એમની અને આપણી વચ્ચે ઘર્ષણ થયા કરશે. એટલે એમને અહીંથી કાઢો. જે રાજકીય આગેવાનો છે એમને એમ છે કે સંસ્કૃતિનું રક્ષણ કરવું તે અમારી ફરજ છે. એ સંસ્કૃતિ પછી ગમે તેવી હોય.

સવિનય

૧૬ જૂન ૨૦૦૯ પછી "નિરીક્ષક" છાપીને રવાના કરવાનું બન્યું નહીં; અને રજિસ્ટ્રેશનનો પ્રશ્ન ઊકલતાં ૧ જાન્યુઆરી ૨૦૧૦થી પૂર્વવત્ મુદ્રણ તેમ જ રવાનગી શક્ય બન્યાં તે સાથે વિશાળ વાચક વર્ગ તરફથી વિધાયક પ્રતિસાદ મળતો રહ્યો છે. જો કે સહેજે છ મહિના જેટલા આ વિરામ વચ્ચે "નિરીક્ષક"-તંત્રીના મનમાં સામયિકની કામગીરી અને ભૂમિકાને લઈને સ્વાભાવિક જ વિચારસત્ર ચાલતું રહ્યું છે.

પૉસ્ટિંગનો પ્રશ્ન ઊભો થયો ત્યારે "નિરીક્ષક"-તંત્રી, "ઓપિનિયન"-તંત્રી સાથે દક્ષિણ આફ્રિકા, પૂર્વ આફ્રિકા તેમ જ યુનાઈટેડ કિંગ્ડમના પ્રવાસે હતા. જોગાનુજોગ, "ઓપિનિયન"-તંત્રી પણ ત્યારે કંઈક આ જ પ્રકારના વિચારચક્રમાંથી પસાર થઈ રહ્યા હતા; કેમ કે "ઓપિનિયન" નિયમિત પ્રકાશિત અને રવાના તો થઈ રહ્યું હતું, પણ આ સામયિકને સંકેલવાની પૂર્વનિર્ધારિત તારીખ એક એક અંક સાથે નજીક આવી રહી હતી. હકીકતે, બાકી કે નવાં લવાજમ શેષ અંકજુમલાને ધોરણે જ સ્વીકારવાનો સિલસિલો ચાલુ થઈ ગયો હતો. અને હવે માર્ચ ઊતરતે ફિન્ચલી (લંડન) ખાતે વિધિવત્ સંકેલો ઉજવાઈ પણ ગયો હશે.

પણ વાત આપણે "ઓપિનિયન"-તંત્રી જે વિચારચક્રમાંથી પસાર થઈ રહયા હતા એની કરતા હતા. વાચકોના લિખિત અને મૌખિક પ્રતિભાવો "ઓપિનિયન" ચાલુ રાખવાની આગ્રહી હિમાયતના આવી રહ્યા હતા, અને બીજી પાસ સંકેલો શરૂ થઈ ચૂક્યો હતો. બંને તંત્રીઓ માટે, આ ભૌગોલિક એટલા જ વૈચારિક સહપ્રવાસ દરમ્યાન વાચકો તરફથી તેમ જ નાનાંમોટાં સભા-આયોજનો કે અનૌપચારિક ગોષ્ઠીબેઠકોમાં એક આહ્લાદક અને આશ્ચર્યજનક અનુભવ એ હતો કે ખાસ કોઈ મોટા ફેલાવા વગરનાં આ બંને પત્રોથી વંચિત રહેવાના ખયાલે ઠીક ઠીક લોકોએ કશુંક ઊણુંઅલૂણું લાગવાનો પ્રતિભાવ આપ્યો હતો. બને કે કાલીઘેલી પણ નિસબતથી ચાલતી કામગીરી –(જેની કચાશ ને કમજોરી તો તંત્રીથી વધુ બીજું કોણ જાણતું હોય) – વિશે વાચક પરિવારમાં રહેલ લગાવ અને કદરબૂજ આ રીતે વ્યક્ત થવા કરતાં હોય.

આ સંજોગોમાં, એક અલાયદા પત્ર તરીકે "ઓપિનિયન"નો સંકેલો યથાવત્ રાખતે છતે એની મારફતે શરૂ થયેલી ડાયસ્પોરી યુગમથામણ કોઈક નવા રૂપે અને એની અદકેરી સંભાવનાઓ સાથે જારી રહે તે દૃષ્ટિએ "નિરીક્ષક"ના દરેક અંકમાં સહેજે એકતૃતીયાંશ સામગ્રી લંડનથી વિપુલ કલ્યાણી દ્વારા સંપાદિત થઈને મળતી રહે, તેવું ગોઠવવા ધાર્યું છે. આ અલબત્ત એક ચાલચલાઉ પહેલ અને તાત્પૂરતી ગોઠવણ છે.

આગળ ચાલતાં, "ઓપિનિયન" અને "નિરીક્ષક"નું આ જોડાણ કેવળ અંકગણિતનું (પાનાં ફાળવણીનું) ન રહેતાં સહજ ક્રમે આપણા ગ્રહ આખા પરના ગુજરાતીઓ વચ્ચે સતત, સક્રિય, સઘન આપલે થકી રાસાયણિક રૂપાંતર બની રહે એવી એક લાંબા ગાળાની ઉમેદ પણ છે. કદાચ, ઉમાશંકર જેમ પોતાને ગુજરાતીમાં લખતા ભારતીય કવિ તરીકે ઓળખાવતા તેમ આ વ્યાયામ લાંબે ગાળે, ગુજરાતીમાં વિશ્વનાગરિક તરેહની મથામણનો આંતરખંડીય આયામ પ્રગટાવી રહે એવી હોંશ (અને કોશિશ) નવી સહસ્રાબ્દીના પહેલા દસકાને છેડે વિપળવાર વહેલી પણ નથી.

"ઓપિનિયન"નો છેલ્લો મુદ્રિત અંક માર્ચ ૨૦૧૦નો થશે; અને આ નવી વ્યવસ્થા, નવું "નિરીક્ષક" ૧૬ એપ્રિલ ૨૦૧૦થી અમલમાં આવશે.

પ્રકાશ ન. શાહ, વિપુલ કલ્યાણી

•

"નિરીક્ષક"નો નવો લવાજમ દર :-

યુનાઈટેડ કિંગ્ડમ માટે વાર્ષિક લવાજમ - £40 : આજીવન લવાજમ - £500.

યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકા માટે વાર્ષિક લવાજમ - $60 : આજીવન લવાજમ - $750.

હમણાં ગુપ્તાજી મને કહેતા હતા. આપણે ત્યાં જેઓ અંગ્રેજી ભણ્યા છે તેઓ એવું માને છે કે જે અંગ્રેજીમાં છે તે બધું જ ઉત્તમ છે. દેશી ભાષામાં જે છે તે એટલું ઉત્તમ નથી. નિમ્ન કક્ષાનું છે.

આવું કેમ થયું? કેમ કે આપણે અંગ્રેજોને આપણા કરતાં શ્રેષ્ઠ માની લીધા હતા. અંગ્રેજોએ આપણને કહ્યું કે અમારી સંસ્કૃતિ તમારી સંસ્કૃતિ કરતાં ચઢિયાતી છે. તમે તમારી સંસ્કૃતિમાં પડ્યા રહેશો તો ઊંચે નહિ આવી શકો પછાત જ રહેશો. એટલા માટે તમે અંગ્રેજી શીખો. તમારું કલ્યાણ થશે.

ત્યારે ગાંધીજીને સમજાયું કે આ જે લડાઈ છે તે સામાન્ય લડાઈ નથી. આ તો બે જીવનપદ્ધતિ વચ્ચેની લડાઈ છે. ગોરા લોકોને એવો ડર છે કે જો અમે ભારતીય લોકોની વાતો માની લઈશું તો અમારી જે સંસ્કૃતિ છે તે ખોઈ બેસશું આ સમજાયા પછી એટલે કે ૧૨ વરસ પછી ગાંધીજીએ આ પુસ્તક લખ્યું, 'હિંદ સ્વરાજ્ય' પણ એમણે સ્ટીમર પર જે ભાષણ આપ્યું હતું અને ૧૯૦૬માં જે સત્યાગ્રહ કર્યો હતો, તે પછી એમને આ વાત બરાબર સમજાય ગઈ. આપણે અસભ્ય છીએ કે અણસમજુ છીએ એટલા માટે એ લોકો આપણને ગુલામ બનાવીને રાખવા માગે છે એવું નથી. પણ એ લોકો પોતાની સંસ્કૃતિને શ્રેષ્ઠ માનીને આપણી ઉપર તે લાદવા માગે છે. કેમ કે એમને ડર પેસી ગયો છે. ક્યાંક અમે ફકીરીને રવાડે જો ચઢી ગયા તો બરબાદ થઈ જશું. બાવા બની જશું.

ગયે વરસે ૧૫મી સપ્ટેમ્બરે જ્યાં દુનિયાની વધુમાં વધુ સંપત્તિ રહ્યા કરતી હતી, અમેરિકાની વોલ સ્ટ્રીટમાં ત્યાં એ લોકોએ દેવાળું કાઢ્યું. જે મોટી મોટી કુબેર કંપનીઓ હતી (બૉટમલેસ કંપનીઓ) લેહમેન બ્રધર્સ, મેરીન કિંચ, જેની પાસે કેટલા પૈસા છે એની જ કોઈને ખબર નહોતી. એ બધાએ દેવાળું કાઢ્યું. ત્યારે

એમના સૌથી વડા અધિકારીને પૂછવામાં આવ્યું કે હજુ ગયે અઠવાડિયે તો તમે ભાષણ આપતા હતા. આપણે ઝડપથી આગળ વધી રહ્યા છીએ. હવે તમે જ કહો છો કે અમે તો પહેલેથી જાણતા જ હતા. આ ફુગ્ગો કોઈ દિવસ ફૂટી જવાનો છે. તો પછી સાત દિવસ પહેલાં કેમ આવું કહેતા હતા? એમણે કહ્યું કે સાત દિવસ પહેલાં જો આ કહી દીધું હોત. તો જે સંકટ આજે આવ્યું છે તે સાત દિવસ પહેલાં આવી ગયું હોત. અમે તો લોકોનો વિશ્વાસ ટકાવી રાખવા માટે, દુનિયાને ટકાવી રાખવા માટે, ખોટું બોલતા હતા. બિચારાઓને સંસાર ટકી શકે એટલા માટે, ખોટું બોલીને કામ ચલાવવું પડે છે ! દુનિયાની ૮૦ ટકા મૂડી લોકો અમેરિકામાં મૂકતા હતા. વધુ સલામત રહે, એ આશાએ.

તમને એક જાહેરાતની વાત કરું. આ જે ત્રણ કંપનીઓએ દેવાળું કાઢ્યું તેમાં એક એ.આઈ.જી. કંપની હતી. દુનિયાની મોટામાં મોટી વીમા કંપની. આપણા તાતા સાથે એનું જોડાણ હતું. તાતા અને એ.આઈ.જી કંપની મળીને દેશમાં વીમા કંપની ચલાવતા હતા. પેલી જાહેરાત એવી હતી કે મુંબઈમાં એક વૃદ્ધ પારસી મા બન્ને હાથમાં સામાન લઈને ચાલતી ઘરે જઈ રહી છે. એક બાળક એને જુએ છે. એ દોડતો આવે છે. એક થેલો એમના હાથમાંથી લઈ લે છે. મા એની આંખમાં આંખ પરોવીને જુએ છે. પછી થેલો આપી દે છે. થેલો લઈને એ મા સાથે ઘરે પહોંચે છે. થેલો મૂકીને ચાલવા માંડે છે. જેઓ એ ચાલવા માંડે છે ત્યારે મા એને ઊભો રાખીને બટુવામાંથી એક રૂપિયો કાઢીને એને આપે છે અને કહે છે આ તારે માટે છે. બાળક એ રૂપિયો પોતાની મુઠ્ઠીમાં લઈને દોડતો પોતાના પિતાની ઓફિસે જાય છે. દરવાજો ખખડાવે છે. એ વખતે એના પિતા અધિકારીઓની સાથે મસલત કરી રહ્યા છે. ઊઠીને બહાર આવે છે. છોકરાને જોઈને ચિંતામાં પડી જાય છે. કેમ, શું થયું? છોકરો હસતાં હસતાં કહે - લો, મારા જીવનની આ પહેલી કમાણી. રૂપિયો આપી દે છે. પિતા એ રૂપિયો લઈ લે છે. પછી તો એ.આઈ.જી.વાળાઓની લાઈન લાગી જાય છે. તમારા એકેક રૂપિયાની અમને જરૂર છે. અમારે ત્યાં તમે રોકાણ કરો. એ જ એ.આઈ.જી. કંપનીએ ખોટું કરજ આપીને, ખોટી કમાણી કરીને, દેવાળું કાઢ્યું. બૅંક ઑફ અમેરિકા એને ટેક ઓવર ન કરત તો કરોડો લોકોની જિંદગીભરની કમાણી ડૂબી જાત.

એક બીજું દૃશ્ય જુઓ. આપણે ત્યાં કુટુંબમાં પતિપત્ની અને બાળકો બધાં સાથે રહેતાં હોય છે. ઘરમાં એક જ ટી.વી હોય છે. તો પણ કામ ચાલી જાય છે. પણ તમારે વધારે ને વધારે ટી.વી. ખપાવવાં છે. એટલે ઘરોને તોડો, નાનાં નાનાં ઘરો બનાવો. વ્યક્તિગત ટી.વી. હોય છે. તો પણ કામ ચાલી જાય છે. પણ તમારે વધારેને વધારે ટી.વી. ખપવવાં છે. એટલે ઘરોને તોડો. નાનાં નાનાં ઘરો બનાવો. વ્યક્તિગત ટી.વી. વસાવો. તો ખપત વધુ થશે ને!

મારા દીકરાને માથામાં ખોડો (dandruff) થયો. એ લંડનમાં ક્રિકેટ રમતો હતો. જ્યારે હું ત્યાં ગયો ત્યારે એક મોટી હોટલમાં ઉતર્યો હતો. એટલે મેં મારા દીકરાને બોલાવી લીધો. એ એક દિવસ મારી સાથે રહ્યો. એણે એ જ ટબમાં સ્નાન કર્યું જે ટબમાં હું સ્નાન કરતો હતો. થોડા દિવસ પછી મને પણ ખોડો થયો. મેં જોયું કે એ ત્યારથી એવા શેમ્પૂનો ઉપયોગ કરે છે. જે ખોડા વિરોધી (anti dandruff) છે. તો પણ એને સારું થતું નથી. મેં એને કહ્યું, એ નહિ મટે કેમ? કેમ કે શેમ્પૂ લગાડવાથી જ જો એ મટી જાય, સારું થઈ જાય તો શેમ્પૂનું ઉત્પાદન જ શું કામ કરે? ઉત્પાદન એટલા માટે કરે છે કે તમને ખોડો પણ થયા કરે અને એનો શેમ્પૂ પણ ખપ્યા કરે. એટલા માટે તો એનો આ ઉદ્યોગ છે. એનું આખું અર્થશાસ્ત્ર છે. અને તમે કહો છો કે શેમ્પૂ લગાવું છું. ક્લિનિક લગાવું છું, હેડ એન્ડ શોલ્ડર લગાવું છું તો ય આ સારું થતું નથી. ન જ થાય. મેં એને યાદ કરાવ્યું. આપણી ટીમ જ્યારે વર્લ્ડકપ રમવા ગયેલી ત્યારે એક શેમ્પૂવાળો રાહુલ દ્રવિડ પાસે પહોંચી ગયો. અને કહેવા લાગ્યો કે જે દિવસે ભારતની મેચ હોય તે દિવસે તમે તમારું માથું આ શેમ્પૂથી ધોજો. એટલે ભારતની ટીમ સામેની ટીમને ધોઈ નાખશે. પછી જ્યારે જ્યારે ઇન્ડિયાવાળા રમ્યા ત્યારે બધાએ જ શેમ્પૂથી માથું ધોયું અને ભારત ધોવાઈ ગયું. સુપર સિક્સની આગળ જઈ શક્યું નહિ. પણ આખા દેશમાં શેમ્પૂનું વેચાણ તો વધી જ ગયું.

એવું જ આ મોબાઈલનું. એક મોબાઈલવાળાએ કહ્યું કે દુનિયા તમારી મુઠ્ઠીમાં કરી લો. જ્યારે જ્યારે સહેવાગ છગ્ગો મારે ત્યારે દુનિયા મુઠ્ઠીમાં આવી જાય. પેલા રિલાયન્સવાળાનો એ હતોને. કરી લો દુનિયા મુઠ્ઠીમાં, સહેવાગના છગ્ગાને સહારે એમણે પોતાના વ્યાપારનું સામ્રાજ્ય જમાવી દીધું. વર્લ્ડકપની વાસ્તવિકતા એ છે કે સહેવાગ એક પણ છગ્ગો ન મારી શક્યો. સહેવાગે છગ્ગો માર્યો હોય કે ન માર્યો હોય, મોબાઈલવાળાને ટનાટન થઈ ગયું.

તો આપણે એક એવી દુનિયા ઊભી કરવા માગીએ છીએ, જેનો આપણી જરૂરિયાત સાથે કે એ જરૂરિયાત પૂરી કરવાની સાથે કોઈ સંબંધ નથી. એનો સંબંધ એ વસ્તુઓનું વધુને વધુ ઉત્પાદન કરવું અને એ વસ્તુઓની વધુને વધુ ખપત કરવી તેની સાથે છે. હું વધુને વધુ ખપત કરી શકું એટલા માટે મને વધુને વધુ પૈસા જોઈએ. વધુને વધુ પૈસા મેળવવા માટે મારે સારામાં સારી નોકરી શોધવી જોઈએ. સારામાં સારી નોકરી મને ત્યાં જ મળી શકે જ્યાં કરોડોની ઊથલપાથલ થતી હોય. અને કરોડો રૂપિયાની સાચી સંપત્તિ ન હોય તો શેરબજારમાંથી બનાવટી સંપત્તિ ઊભી કરો. આઇ.આઇ.એમ. અમદાવાદમાં અભ્યાસ કરનારાઓને ગયા વરસ સુધી કરોડો રૂપિયાનો પગાર મળતો હતો. હવે લાખમાં પણ કોઈ ભાવ પૂછતું નથી. કેમ ભાવ નથી પૂછાતો? પૈસા ખલાસ થઈ ગયા છે? પૈસા કેમ ખલાસ થઈ ગયા? કેમકે એ બનાવટી પૈસા હતા. એક ડોલર એક વખત નહિ, ૨૬ વખત ગિરવે મૂકાયો અને એ ડોલરમાંથી બીજા બીજા લોકોએ પૈસા બનાવ્યા. જે પૈસા બનાવ્યા, તે પણ ખોટા હતા.

અમારે ત્યાં માળવામાં એક કહેવત પ્રચલિત છે. ડોશીમાઓ બાળકોને એ કહેતી હોય છે. એક કાંટો તૂટી ગયો તેનાથી ત્રણ કાંટા કાઢ્યા, બે નીકળ્યા જ નહિ અને એક અંદર જ રહી ગયો. જે રહી ગયો તેમાંથી આટલા થયા. એક બીજી કહેવત છે. ચોખાનો એક દાણો મળ્યો. તેમાંથી ત્રણ બ્રાહ્મણોને જમાડ્યા. બે ભાગી ગયા. એક જમ્યો જ નહિ. આવું છે બધે. જે વસ્તુનું અસ્તિત્વ જ નથી તેનાથી દુનિયા કેવી રીતે ચાલે? મિત્રો, આજે આપણે નજરોનજર આ બધું જોઈ રહ્યા છીએ. છતાં વાસ્તવિકતાનો સ્વીકાર કરીને સાચું જીવન જીવવાની ઇચ્છા થતી નથી.

આજથી ૧૦૦ વરસ પહેલાં મહાત્મા ગાંધીને આ વાત સમજાય ગઈ હતી. આ રીતે દુનિયા ન ચાલી શકે. અને જો ચાલશે તો એ પોતાનો જ વિનાશ નોતરશે. જે સભ્યતા આખી દુનિયામાં હતી અને એની જ બોલબાલા હતી, ત્યારે મહાત્મા ગાંધીએ ચેતવ્યા હતા. આ શેતાની સભ્યતા છે. એક દિવસ પણ એ ન ચાલે. એ પોતાનો જ વિનાશ નોતરશે. આ વાક્યો તમને 'હિંદ સ્વરાજ્ય'માં જોવા મળશે.

આજે આપણી સૌની, આખી દુનિયાની, મોટામાં મોટી ચિંતા શું છે? ચિંતા એ છે કે આપણે એટલું બધું પ્રદૂષણ પેદા કરી દીધું છે કે આપણા દરિયાની સપાટી પર જે ગરમી રહ્યા કરતી હતી, તે વધી રહી છે. ગરમી વધી જવાને કારણે જે પવનો નિયમિત, નિયમસર, આવવા જોઈએ તેમાં વિઘ્ન ઊભું થઈ ગયું છે. દરિયાની સપાટી પરથી આ મોસમી પવનો આવે છે. હવે ત્યાં ગરમી વધી ગઈ. આ મોસમી પવનો વરસાદ લાવતા હતા. એમાં જ વિઘ્ન ઊભું થઈ ગયું. એ વિઘ્નનું નામ પણ એમણે આપી દીધું. અલનીનો ઈફેક્ટ. એને કારણે જે વાદળો આવતાં હતાં પાણી લઈને, તે અધવચ્ચે જ રોકાઈ ગયાં. કેમ કે આ વાદળોને પગ તો હોતા નથી કે ચાલીને આવે. એમને તો પવનો લઈ આવે તો જ એ આવી શકે. પવનોમાં જ ગડબડ થઈ ગઈ. પંક્ચર પડી ગયું.

કાલે રાતે તમે સૌએ આ ગંગા નદીને કિનારે ધામધૂમથી દેવ દીવાળીની ઉજવણી કરી. હવે એવા વાવડ છે કે આવતાં ૨૦ વરસ પછી આ ગંગા નદી જ નહિ હોય! ગંગા નદીમાં પાણી જ નહિ હોય ! કેમકે ગંગોત્રીનાં જે ગ્લેશિયરો છે, જેમાંથી ગંગાનાં પાણી વહીને આવે છે, તે સતત પાછળ ખસતાં જાય છે. અને જો તાપમાન આમ વધતું જ જશે તો ગ્લેશિયરો ઓગળી જશે. ગ્લેશિયરો ઓગળી જશે તો ગંગા નદી જ નહિ રહે.

હવે જરા વિચાર કરો. ગંગા નદી જ જો નહિ રહે તો આપણી બોલીઓનું શું થશે? દેવતાઓનું શું થશે? પુરાણોનું શું થશે? અને એ પણ વિચારી લો. આપના નગરની આગળ જે અલ્હાબાદ શહેર છે, ત્યાં ગંગા અને જમના મળે છે. પણ તેને ત્રિવેણીસંગમ કહેવામાં આવે છે. ત્રિવેણીસંગમ એટલા માટે કહેવામાં આવે છે કે તેમાં સરસ્વતી નીચેથી આવીને મળે છે. ત્રણ નદી ભેગી થાય છે. ગંગા, યમુના, સરસ્વતી. વેદોમાં પણ સરસ્વતી નદીનું વર્ણન છે

એ સરસ્વતી નદી ક્યાં ખોવાઈ ગઈ? એ સરસ્વતી નદી જે હિમાલયની કોઈ તળેટીમાંથી નીકળીને, પંજાબ સિંધમાંથી વહેતી વહેતી, જે ભરુચ છે ને, ત્યાં જઈને અખાતમાં ભળી જતી હતી. એ સરસ્વતી નદીને કિનારે વેદોની ઋચાઓ લખાઈ છે. એ સરસ્વતી નદી જ અંતર્ધાન થઈ ગઈ છે.

ગઈ કાલે હું પેલા જર્મન મિત્રને કહી રહ્યો હતો કે આ વાત લોકોને સમજાવવી તો સરળ છે. કેમકે આખી મોહન-જો-દડો અને હડપ્પા સંસ્કૃતિ એટલા માટે નાશ પામી કે આપણે ઈંટો બનાવવાની શોધ કરી. આપણે માટીની ઈંટો બનાવતા હતા અને જંગલો કાપીને લાવતા હતા. એ લાકડાં બાળીને ઈંટો બનાવતા હતા. ઈંટો બનાવીને સિંધુ નદીને કિનારે મૂકતા હતા. પછી આપણે નીકો બનાવતાં શીખી ગયા. મોહન જો દડોના ઘરોમાં અને આપણી જૂની સંસ્કૃતિના જેટલા જેટલા ભગ્નાવશેષો હતા. ત્યાં બધે જ નીકોની વ્યવસ્થા હતી. યુરોપના લોકોને કે દુનિયાના કોઈ પણ દેશના લોકોને નીકો બનાવતાં નહોતું આવડતું. ઈંટો બનાવતાં પણ આપણે જ જાણતા હતા. બાકીની દુનિયા નહોતી જાણતી. એ ઉત્સાહમાં ને ઉત્સાહમાં આપણે ઈંટો બનાવતા ગયા, નીકો બનાવતા ગયા અને જંગલોનાં જંગલો સાફ કરી નાખ્યાં. મોહન જો દડો, હડપ્પા, લોથલ, કાલી ગંગા વગેરે સ્થળોએ ખોદકામ થાય છે ત્યાં લડાઈનાં કોઈ ચિહ્નો નથી જણાતાં. લોકો આપોઆપ એમને એમ પોતાનાં ઘરબાર છોડીને ચાલ્યાં ગયાં હોય એવું લાગે છે. આ બાબતમાં કોઈને વધુ જાણવું હોય તો રાજસ્થાનના જેસલમેર પાસે જે રણ છે, ત્યાં જઈને જોજો. ત્યાં તમને કેટલાંયે ગામો એવાંને એવાં જોવા મળશે. તેમાં કોઈ રહેતું નથી. એક ઘર છે. ત્યાં દરવાજા પર ગણપતિની મૂર્તિ છે. એવીને એવી છે. આજે પણ. ઘર એકદમ ખંડિયેર થઈ ગયું છે. એ પાલીવાલોનાં ઘરો હતાં. તેઓ પાણીની સારામાં સારી વ્યવસ્થા કરી જાણતા હતા. જાલિમસિંહ રાજાની સાથે એમનો ઝઘડો થઈ ગયો. ઝઘડો એટલો બધો વધી ગયો કે પાલીવાલોએ નક્કી કર્યું - હવે અહીં નથી રહેવું. એટલે પોતાની પાસે જે કંઈ હતું – ઘરેણું, ગાંડું, પૈસા - તે લઈને રાતોરાત જાલિમસિંહના જેસલમેર પ્રદેશની બહાર ચાલ્યા ગયા. બાકીનું બધું એમનું એમ મૂકીને, ગામ છોડીને ચાલ્યા ગયા. જે ભાઈ મને લઈ ગયા હતા ત્યાં, એમને મેં પૂછ્યું કે આ ગણપતિ એવાને એવા જ કેમ ઊભા છે? આ ઘંટી એવીને એવી જ કેમ રાખી મૂકી છે? આ લાકડાંનું સરસ કોતરકામ એવું ને એવું જ કેમ છે? ત્યારે એણે મને કહ્યું કે પાલીવાલોનો શ્રાપ છે કે અહીંનો કોઈ પણ સામાન કોઈ લઈ જશે તો તે અમારી જેમ જ બરબાદ થઈ જશે. આ ગામ જેમ બરબાદ થઈ ગયું છે તેમ. એટલે ડરને કારણે લોકો અહીંની કોઈ વસ્તુ લઈ જતા નથી. બધી વસ્તુ એમને એમ પડી છે. લોકો જ્યારે પોતાનાં ઘરબાર છોડીને ચાલ્યાં જાય છે, ત્યારે ત્યાં બધું ઉજ્જડ થઈ જાય છે. એવું ત્યાં હતું. મોહન જો દડોમાં છે એવું. મોહન જો દડોનો અર્થ થાય છે, મરેલાંનો કિલ્લો. દુનિયામાં જૂનામાં જૂનું બંદર છે ગુજરાતમાં લોથલ. લોથ એટલે લાશ. લોથલ એટલે લાશોનો કિલ્લો. લોથલ એટલે મરેલાંનો ટિંબો. ટૂંકમાં, તે દિવસોમાં જોતજોતાંમાં સંસ્કૃતિઓ ઉજ્જડ થઈ ગઈ. કેમ કે લોકો બધું એમને એમ છોડીને ભાગી ગયા હતા. એટલે કબીરે કહ્યું છે ને - **સાધો, યહ મુર્દો કા ગાંવ**. કબીર કંઈ જેવો તેવો કવિ નહોતો. બધું જ જ્યારે બરબાદ થઈ જાય ત્યારે તમે કરો પણ શું?

આ જે ગંગા નદી છે, સરસ્વતી નદીની જેમ જ સુકાઈ જશે. હું ને તમે એ જોવા માટે નહિ હોઈએ. પણ આપણા દીકરાઓના દીકરાઓના દીકરાઓ હશે. એ વાંચશે કાં સાંભળશે કે કોઈકે કહ્યું હતું - **ગંગા મૈયા, તો હે પિયરિયા ચઢઈબો.** (પ્રભાષજીની આંખોમાં આંસુ આવી ગયાં) જે લોકગીત છે, તે હવે સ્મૃતિરૂપે જ રહી જશે. ગંગા નદી નહિ હોય - મિત્રો, હું થોડો ભાવુક થઈ ગયો. પણ તમે થોડો વિચાર કરો. આપણી આ આખી સંસ્કૃતિ, આપણું આ આખું લોકજીવન, આપણાં પુરાણો, આપણી તમામ કથાવાર્તાઓ, બધું જ બરબાદ થઈ જશે. અને તે આપણે કારણે, પ્રભાષ જોશી જેટલું પેટ્રોલ 'વસુંધરા'થી એરપોર્ટ જતાં બાળે છે, એટલું તાપમાન દરરોજ વધતું જાય છે, કેમ કે આપણે જેટલું પેટ્રોલ બાળીએ છીએ, એટલો ગ્રીન હાઉસ ગેસ બને છે. તેનાથી જ દુનિયાનું તાપમાન વધે છે.

હમણાં હિલેરી ક્લિન્ટન આવી ગયાં. એણે જે કંઈ કહ્યું અને આપણો જે જયરામ રમેશ છે, એ બધા જે કહી રહ્યા છે, તેમની વાત આપણે માનશું નહિ. શું કહેવા માગે છે આ અમેરિકા ? એ એમ કહે છે કે અમે તો અમારી જીવનપદ્ધતિમાં કંઈ ઝાઝો ફેરફાર કરી શકશું નહિ. પણ તમે ભારતીયો હજુ એ રવાડે ચડ્યા નથી તો તમે એમાં ન પડો. કેમ કે પ્રદૂષણ અમે તો ઘટાડી શકવાના નથી. તમે દુનિયાનું પ્રદૂષણ ઘટાડવામાં અમને મદદ કરો. મદદ કરવામાં એટલું કરો કે તમે એ ઝડપથી વિકાસ ન કરો, એ ઝડપથી વસ્તુઓનો ઉપભોગ ન કરો. જે અમે કરી રહ્યા છીએ. હવે આવી વાતો લોકોને કહેવામાં આવે છે. ત્યારે લોકોને એવું લાગે છે કે આ તો અમેરિકાની ખુલ્લી દાદાગીરી છે. પોતે આખી દુનિયાની વસ્તુઓ ભોગવે છે અને અમને સલાહ આપે છે - એ રસ્તે ન જતા. કેમ કે એનાથી પર્યાવરણ બગડશે. આ તો એના જેવો ઘાટ થયો. ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે. આ માલદાર દેશો પર સહુથી પહેલાં નિયંત્રણો મૂકાવાં જોઈએ. પહેલાં એ લોકો પ્રદૂષણ ઓછું કરે. તેને બદલે એ લોકો તો કહે છે કે તમે બીજી બધી વાતો કરો, પણ તમે અમારી જીવનપદ્ધતિ બદલવાની વાત ન કરો. એ તો જેવી છે તેવી જ રહેશે.

ઘણાં વરસ પહેલાં શુમાખર નામના એક બ્રિટિશ લેખક આવેલા. એમણે એક મજાનું પુસ્તક લખ્યું છે - 'સ્મોલ ઈઝ બ્યૂટીફુલ'. નાનું એટલું રૂપકડું. ગાંધીજીએ પણ સરસ કહ્યું છે - હું સ્વેચ્છાથી ગરીબાઈમાં જીવવામાં માનું છું. ઓછી વસ્તુથી ચલાવી લેવામાં માનું છું. એમાં જે સુંદરતા છે તે બીજી કોઈ વસ્તુમાં નથી. તો શુમાખર જ્યારે આવેલા ત્યારે દેશમાં ગણતરીનાં જ આઈ.ટી.આઈ. હતાં. એક આઈ.ટી.આઈ.માં તેમનું વ્યાખ્યાન હતું. તેમાં તેમણે કહ્યું કે તમારે તમારી વધુમાં વધુ બુદ્ધિ, વધુમાં વધુ ધ્યાન, તમારાં જે બળદગાડાં છે તેનાં પૈડાંમાં લગાવવું જોઈએ. જેથી બળદ પર વધુ ભાર ન આવે. કેમ કે તમારે ત્યાં જે ૯૩ ટકા ઊર્જા ઉપયોગમાં લેવાય છે. તે પશુઓની ઊર્જા હોય છે. એનો શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકે એટલા માટે બળદગાડાંનાં પૈડાં એવાં બનાવવાં જોઈએ કે ઓછું જોર લગાવવાથી પણ બળદ ઝડપથી દોડી શકે. એટલે બળદગાડાંનાં પૈડાં કેવાં બનાવવાં છે, તે પર તમારે વધુને વધુ ચિંતન કરવું જોઈએ.

આ સાંભળીને એક યુવાન ઊભો થયો. અને કહેવા લાગ્યો - શુમાખર સાહેબ, તમે અંગ્રેજોએ યુરોપનાં લોકોએ અમને સદીઓ સુધી પછાત રાખ્યા છે. શું આજે પણ એવું જ ઈચ્છો છો? એટલા માટે બળદગાડાં પર કામ કરવાનું કહો છો? અમે બળદગાડાં પર કામ શું કામ કરીએ? અમે તો જેટ વિમાનનાં પૈડાં રિપેર કરવાનું જાણીએ છીએ. અમને બળદગાડાંનાં પૈડાંમાં શું કામ લગાડો છો?

એક બિનસરહદી ગઝલ …

सरहद की दोनों ओर चहकता चमन रहे,
એક જ રહે હૃદય, ભલે નોખાં વતન રહે.
બંને તરફના લોક વિચારે બસ આટલું-
मुझ से कहीं अधिक तेरे घर में अमन रहे ।
सूरों की तरह लफ़्ज़ भी सरहद से हैं परे,
ઈચ્છું છું, મારા કંઠમાં તારું કવન રહે.
ફોરમને કોઈ રેખા કદી રોકી ક્યાં શકી ?
आवाम दोनों ओर सदा गुलबदन रहे ।
सरहद ने क्या दिया है ख़ूं-औ-अश्क़ छोडकर ?
સપનું છે કોની આંખનું, આવું રુદન રહે ?
તારામાં મારું હિંદ ને મારામાં તારું પાક,
हर दिल में इसी आस का आवागमन रहे ।

-વિવેક મનહર ટેલર

(૧૪/૧૫-૦૧-૨૦૧૦)

http://vmtailor.com/archives/645

શુમાખરે માથું કૂટ્યું. મને બરાબર યાદ છે. એ મિટિંગમાં હું હતો. પછી એમણે કહ્યું - મિત્રો, હું તો તમને તમારી બુદ્ધિ, તમારી મહેનત, તમારા પૈસા, તમારા દેશના પ્રશ્નોને ઉકેલવાના કામમાં પ્રયોજવની વાત કરી રહ્યો છું. તમે અમારા સમાજના પ્રશ્નોની ચિંતા શું કામ કરો છો? તમારા દેશનો મોટાંમાં મોટો પ્રશ્ન બળદગાડાંનાં પૈડાં રિપેર કરવાનો છે. ન્યૂક્લિયર પ્લાન્ટ લગાડવાનો નથી.

પણ તમે જુઓ. દુનિયામાં પેટના વધુને વધુ રોગો ભારતના લોકોમાં હોય છે. અને ભારતના સારામાં સારા ડોક્ટરો એડ્સ પર કામ કરે છે. કાં તો કેન્સર પર કામ કરે છે. કાં તો એવા રોગો પર કામ કરે છે જે આપણા ગરીબ લોકોમાં નથી હોતા. ગરીબ લોકોના રોગો નાબૂદ થાય એવું કામ કરવા કોઈ ડોક્ટર તૈયાર નહિ થાય. ગરીબ લોકોનું કામ કરવાથી શું મળે? એનાથી કંઈ પૈસા નહિ મળે. એનાથી કંઈ દુનિયામાં પ્રતિષ્ઠા નહિ મળે.

લાખો લોકો મને કહે છે કે અનાજને સુરક્ષિત રાખવા માટે લીમડાનાં પાંદડાં જરૂરી છે. લીમડાનાં પાંદડાં સુકવીને ઘઉંમાં કે ચોખામાં મૂકી દો. એમાં જીવડાં નહિ પડે. પછી પેલા કીટનાશક દવા બનાવવાવાળાનું શું થશે? એના દવા ઉદ્યોગનું શું થશે? એનો દવા ઉદ્યોગ ચાલ્યા કરે એટલા માટે દરેક ખેડૂતને કહેવામાં આવે છે કે કીટનાશક દવાનો છંટકાવ કરો. કીટનાશક દવાની જરૂર પડ્યા કરે એટલા માટે નવાં નવાં બીજો શોધી કાઢ્યાં. બીજો એવાં શોધી કાઢ્યાં કે એ ઉત્પાદન તો વધુ આપે છે. પણ તેમાં કીડા પણ જલદી પડે છે. વધુ ઉત્પાદન આપે તેવાં અને વધુ કીડા પડે તેવાં બીજો તમને એટલા માટે આપ્યાં કે એમનો દવાનો વેપાર બરાબર ચાલ્યા કરે.

મહાત્મા ગાંધીએ ઘણા વખત પહેલાં આ પરિસ્થિતિ જોઈ લીધી હતી. એટલે જ એમણે કહ્યું હતું કે આ શેતાની સભ્યતા છે. એ પોતાનો જ વિનાશ કરશે. ગાંધીજી કંઈ પશ્ચિમી સભ્યતાના વિરોધી નહોતા. તેઓ તો ખ્રિસ્તીધર્મને ખૂબ જ ઊંચો માનતા હતા. પોતાને વિશે કહ્યું છે કે હું જેટલી વસ્તુ ખ્રિસ્તીધર્મ પાસેથી શીખ્યો છું તેટલી બીજે ક્યાંયથી શીખ્યો નથી. ઊલટું, કેટલાક હિંદુત્વવાદી લોકો એમની ઉપર એવો આરોપ મૂકે છે કે એ તો ખ્રિસ્તી બની ગયા છે. જેમ શંકરાચાર્ય પર આરોપ મૂકાતા હતા કે એ તો છદ્મ બૌધ્ધ છે. તેમ ગાંધીજી માટે કહેવાતું કે તેઓ તો છદ્મ ઈસાઈ છે. ગાંધીજીને ઈસાઈ સભ્યતાની સામે કોઈ ફરિયાદ નહોતી. એમને યંત્રની સંસ્કૃતિની સામે ફરિયાદ હતી. કેમ કે યંત્ર જેટલું ઉત્પાદન કરી શકે છે, તેટલું ઉત્પાદન ૧૦૦૦ માણસો નહિ કરી શકે. એટલે યંત્ર મૂકવાથી ૧૦૦૦ માણસો બેકાર બની જાય છે. એના થકી જે ઉત્પાદન થાય છે એને વેચનાર તમામ પૈસા પોતે જ લઈ છે. એટલે યંત્રને કારણે મૂડીવાદ આવે છે. યંત્રને કારણે બેકારી વધે છે. યંત્ર અને બેકારી સાથે સાથે ચાલે છે. અર્જુનસેન ગુપ્તાએ પોતાના બીજા રિપોર્ટમાં કહ્યું છે કે આઝાદી વખતે જેટલા લોકો બેકાર હતા, એટલા આજે પણ છે જ. જેટલા ટકા બેકાર હતા, હવે એમાં એટલા ટકાનો વધારો થયો છે. ટૂંકમાં, યંત્રને કારણે બેકારી વધી છે, ઘટી નથી અને આ પૈસા બનાવવાવાળા જેટલા જેટલા લોકો છે, તેઓ પોતે જ કહે છે કે અમારો ગ્રોથ તો જોબલેસ ગ્રોથ છે. એટલે કે આટલી ઝડપથી જે આર્થિક વિકાસ થઈ રહ્યો છે તેનાથી રોજગાર નહિ વધે, ઘટશે. પણ પૈસા વધશે. એ લોકો કહે છે કે પૈસા પણ એમ નહિ જાય. પૈસા ધીમે ધીમે ઝરપીને/ટપકીને નીચેના લોકો સુધી પહોંચશે. એટલા માટે અમીરી વધવા દો. જેથી ગરીબી ઘટે. આપણી પાર્લામેન્ટમાં આપણા જે પેલા મિત્ર હતા ને રાજીવ ગાંધી, એમના વખતમાં પેલી જે ફિલ્મકલાકાર હતીને વૈજયન્તીમાલા, તેણે ભાષણ આપ્યું હતું કે અમીરી વધારો તો ગરીબી ઘટશે. પાર્લામેન્ટના ૫૬૨ સભ્યોમાંથી ૩૦૦થી વધુ કરોડપતિઓ છે.

પ્રથમ પંચવર્ષીય યોજના બનતી હતી ત્યારે નહેરુજીએ વિનોબાજીને બોલાવ્યા હતા, દિલ્હી. વિનોબાજી પવનાર આશ્રમથી પોતાના કેટલાક સાથીદારોની સાથે પદયાત્રા કરતાં કરતાં દિલ્હી પહોંચ્યા હતા. ત્રણ દિવસ સુધી યોજના આયોગ સાથે ચર્ચા કરી હતી. પછી એમણે કહ્યું હતું - જુઓ ભાઈ, તમારી આ આખી યોજના ટપકપદ્ધતિ પર આધારિત છે. એ ટપકતી ટપકતી એકદમ નીચે સુધી ક્યારે ય નહિ પહોંચે. એટલે બાબાના જય જગત. આવતા રહ્યા પવનાર.

પછીથી જ્યારે રામકૃષ્ણ હેગડે યોજના આયોગના અધ્યક્ષ બન્યા ત્યારે એમણે એક યોજના બનાવીને અમને કેટલાક સંપાદકોને જમવા માટે બોલાવ્યા હતા. યોજના સરસ હતી. પછી મેં ચાલતાં ચાલતાં એમને કહ્યું કે વિનોબાજી પણ અહીં આવ્યા હતા. એમને પ્રથમ યોજના બતાવવામાં આવી હતી, તે જોઈને એમણે કહ્યું હતું કે આ ટપકપદ્ધતિ એકદમ નીચે સુધી નહિ પહોંચે. માટે બાબાના જય જગત. મેં રામકૃષ્ણ હેગડેને કહ્યું કે આ યોજના પણ એવી જ છે. ત્યારે તેઓ મારા તરફ જોવા લાગ્યા. જોતા જ રહ્યા. તેમની આંખમાં આંસુ હતાં. પછી મને કહેવા લાગ્યા કે તે દિવસે જે યુવાનો વિનોબાજીની સાથે પવનારથી ચાલતા દિલ્હી આવ્યા હતા તેમાં હું પણ હતો. (પ્રભાષજીની આંખોમાં આંસુ) મેં પોતે વિનોબાજીને એ વાતો કરતા સાંભળ્યા હતા, જોયા હતા. અને હું જાણું છું. મેં જે યોજના બનાવીને દેશ સામે મૂકી છે તે પણ એવી જ છે. પણ પ્રભાષજી, તમે મને બતાવો કે આ યોજના સિવાય દેશ કઈ યોજના ઇચ્છે છે? હું એકદમ ચૂપ થઈ ગયો. એ માણસમાં એવી જ નિરાશા એવી જ હતાશા હતી, જે ગઈ કાલે પેલો જર્મન પત્રકાર મને કહી રહ્યો હતો કે દુનિયા બધું જ જાણે છે, છતાં એ તરફ જ જવા માગે છે. મારા તમારા જેવાના કહેવાથી થોડી જ જાય છે ! તો એ ટપકપદ્ધતિનો સિદ્ધાંત હતો. પછી મેં એની ઉપર એક લેખ લખ્યો. ટપકપદ્ધતિનો સિદ્ધાંત એવો છે કે જેમનું અમીરીનું તળાવ ભરાઈ જાય તેઓ તળાવની નીચે સિમેન્ટ લગાવી દે છે. જે પાણી પડતાં જ જામી જાય છે. એવી સારી સિમેન્ટ હોય છે મોંઘી. પૂર આવે છે ત્યારે એ જ સિમેન્ટના કોથળા નાખવામાં આવે છે. અમીરીનું તળાવ ભરાય જાય ત્યારે તેઓ પેલી સિમેન્ટ તળાવની નીચે પાથરીને પથ્થરથી પાકું કરી લે છે. જેથી પાણી ઝરપીને નીચે ન જાય.

એટલા માટે જ્યારે આપણા થાઉં થાઉં વડાપ્રધાન રાહુલ ગાંધી પાર્લામેન્ટમાં કલાવતીની વાત કરી રહ્યા હતા, તે પછી મેં એક લેખ લખ્યો હતો - રાહુલની કલાવતી. તેમાં મેં લખ્યું હતું કે હવે જ્યારે તમે ફરીવાર કલાવતીની ઝૂંપડીએ જાવ ત્યારે પૂછજો. ટીના અંબાણીને એનો પતિ એની વર્ષગાંઠ પર ૨૩૨ કરોડ રૂપિયાનું વિમાન ભેટમાં આપે છે. અને પેલી કલાવતીને નરેગા આવી ગયા પછી પણ ૧૦૦ દિવસ કામ નથી મળતું. જેટલા દિવસ મળે છે તેના પૂરા પૈસા નથી મળતા. એવું કેમ છે? જ્યાં સુધી તમે આનો જવાબ નહિ આપો ત્યાં સુધી તમને એની ઝૂંપડીએ જવાનો અધિકાર નથી. આજે આપણે જે વ્યવસ્થા ઊભી કરી રહ્યા છીએ, તેમાં અસમાનત નિહિત છે. કોઈકનું કરોડપતિ હોવું કે કોઈકનું રોડપતિ હોવું અનિવાર્ય છે. કેમ કે કલાવતીનો રોટલો ઝૂંટવીને જ મુકેશ અંબાણી એની પત્નીને વિમાન આપી શકે છે. જો કલાવતી પણ મુકેશ અંબાણીના પત્ની જેટલો જ રોટલો ખાવા માંડશે તો તો એની પાસે બચશે શું? એટલે આપણે એવી સભ્યતા બનાવવા ઈચ્છીએ છીએ, જેમાં એક ધનકુબેર હોય અને બાકીના બધા ગરીબ હોય. આપણે એવી સભ્યતા બનાવવા ઈચ્છીએ છીએ, જેમાં એક દિવસે આપણે આપણી ગંગા નદી અલોપ કરી દેશું. આપણે એવી સભ્યતા બનાવવા ઈચ્છીએ છીએ, જેમાં આપણાં માથાં પર ઓસામા બિન લાદેનનો કે એલ.ટી.ટી.ઈ.નો કે આતંકવાદીઓનો ભય સતત ઝઝુમ્યા કરે. કેમ કે જો તમે દુનિયાને એક સમાન બનાવવા જશો તો તો એમાંથી જ કોઈ બંદૂક લઈને ઊભો થઈ જશે અને કહેશે કે ના, મારે તમારા જેવા નથી થવું. પેલા નક્સલવાદીઓ બંદૂક કેમ ઉપાડે છે? કેમકે એને ખબર છે. જે આદિવાસીઓની જમીનો છે, જેમનાં જંગલો છે, જેમની જમીનની નીચે મબલક ખનિજો છે, તે તેમની પાસેથી પરાણે લઈને, ભારત સરકાર કોઈ આરપીજીને, કોઈ મિત્તલને, કોઈ અંબાણીને આપવા માગે છે. જેથી તેઓ ત્યાં ખોદકામ કરીને, કારખાનાં ઊભાં કરીને, વધુને વધુ ઉત્પન્ન કરી શકે. નફો રળી શકે. એમ કરવા માટે એ આદિવાસીઓને ત્યાંથી વિસ્થાપિત કરવા જ પડશે. અને તમે જે આદિવાસીઓને એમની જમીન પરથી હાંકી કાઢશો

તેઓ પછી શું કરશે? મંજિરાં વગાડ્યા કરશે? બનારસ કે દિલ્હીમાં આવીને રિક્સા ચલાવશે? મુંબઈમાં તો તે ય નહિ કરી શકો. હવે જો તમે એ આઠ કરોડ આદિવાસીઓ પાસેથી એમનાં જળ, જંગલ અને જમીન ઝૂંટવી લઈને ચાર કે દશ ઉદ્યોગપતિઓને આપી દેશો તો એ આઠ કરોડ જશે ક્યાં? શું કરશે? અમેરિકનોએ રેડઈન્ડિયનો પર બુલડોઝર ફેરવી દીધું તેવું તમે નહિ કરી શકો. આ ભારત છે. લોકતાંત્રિક ભારત છે, સાહેબો! એમાં તમે એ રીતે નરસંહાર નહિ કરી શકો; અને જો તમે નરસંહાર નથી કરી શકતા તો તમે ઉદ્યોગો પણ નહિ લાવી શકો. એટલે ચિદંબરમ કહે છે - અમે લશ્કર મોકલીને નક્સલવાદ ખતમ કરીશું. કેમ કે એમણે જોયું કે શ્રીલંકામાં રાજપક્ષે તમિલોને કઈ રીતે સાફ કરી નાખ્યા. ભારત સરકાર કંઈ ન બોલી. અમેરિકા એવું ઇચ્છે છે કે ભારતમાં વધુને વધુ ઉદ્યોગો સ્થપાય. વધુને વધુ પૈસા બને. તેઓ ઇચ્છે છે કે છત્તીસગઢમાં અને ઝારખંડમાં આ ઉદ્યોગપતિઓનાં કારખાનાં સ્થપાય.

વાસ્તવિકતા એ છે કે જ્યારથી ઝારખંડ બન્યું છે, ત્યારથી ત્યાંની જુદી જુદી સરકારોએ ૧૦૧ કારખાનાં માટેના કરારો પર સહીસિક્કા કરી દીધા છે. તે પૈસા કાં તો મધુ કોડાએ રોક્યા છે કાં તો શિબૂ સોરેને રોક્યા છે. પણ ત્યાંના આદિવાસીઓએ નક્કી કર્યું છે. આ કારખાનાં નહિ થવા દઈએ. એટલે ૧૦૧માંથી એક પણ કારખાનાનું કામ શરૂ નથી થયું. હું એવું માનું છું કે એ આદિવાસીઓને એવું કહેવાનો અધિકાર છે કે તમે અમારી જમીનો, અમારાં જંગલો, અમારાં ખનિજો, અમારી પાસેથી નહિ ઝૂંટવી શકો. એ પર અમારો જન્મસિદ્ધ અધિકાર છે. આપણા બંધારણે અમને એ આપ્યો છે. એની સાથે તમે કોઈ છેડછાડ નહિ કરી શકો. એટલે કાયદાથી બચવા માટે કાયદા બનાવનાર સરકાર ક્યારેક અંબાણીની સાથે થઈ જાય છે તો ક્યારેક આરપીજીની સાથે થઈ જાય છે.

એકવાર હું મહારાષ્ટ્રના કોંકણમાં ગયો હતો. અંબાણી બંધુઓ ત્યાં પોતાનું સેઝ બનાવવાના છે. ત્યાંના કલેક્ટર હતા નિપુણ વિનાયક. તેમણે ત્યાંના પેડ જિલ્લામાં લોકમત લીધો. ૯૬ ટકા લોકોએ એવું કહ્યું કે અમે અમારી એક હેક્ટર જમીન પણ અંબાણીને ઉદ્યોગ માટે આપવાના નથી. આ રિપોર્ટ કલેક્ટરે સરકારને મોકલી આપ્યો. વિલાસરાવ દેશમુખ ત્યારે મુખ્ય પ્રધાન હતા. એમણે એ રિપોર્ટ મૂકી રાખ્યો. અત્યારે અશોક ચવ્વાણ મુખ્યપ્રધાન છે. એક લોકશાહી દેશમાં લોકો બીજું કરી પણ શું શકે? ૯૬ ટકાનો વિરોધ છે. પણ અંબાણીનું સેઝ હજુ રદ થયું નથી. આખરે આપણે આપણા લોકોને, આપણા સંસાધનોને અને આપણું જીવન બચાવવા શું કરી શકીએ? મિત્રો, મેં શરૂઆતમાં જ કહ્યું તેમ એ જર્મન મિત્રને મેં કહ્યું હતું કે પેલા ૧૦ ટકા અંગ્રેજોની જગ્યાએ હવે અમે ૧૦ ટકા અંગ્રેજી જાણનારા, ઉદ્યોગોને જાણનારા, વ્યાપારને જાણનારા લોકો, આ દેશ પર એવી જ રીતે રાજ્ય કરી રહ્યા છીએ, જેવી રીતે અંગ્રેજો કરતા હતા. એટલે જ મિત્રો, ગાંધીજીનું 'હિંદ સ્વરાજ્ય' વાંચો. કેમ કે એક બીજું 'હિંદ સ્વરાજ્ય' લખવાની જરૂર છે. તેમાં આપણે આપણા દેશને, આપણા જ અંગ્રેજોથી, કેવી રીતે મુક્ત કરી શકશું, તે વિશે નવું શાસ્ત્ર, નવી પદ્ધતિ, શોધવી પડશે. નવું ચિંતન કરવું પડશે. અંગ્રેજોની વિરુદ્ધમાં આપણે અસહયોગ, સત્યાગ્રહ કરી શકતા હતા. પણ આ તો આપણામાંના જ છે, આપણા જ છે, આપણે જ જેમને ભણાવ્યા છે, આપણે જ જેમને ચૂંટીને દિલ્હી મોકલ્યા છે. એવા લોકોની સામે લડવું પડે તો આપણે કેવી રીતે લડીશું, તે 'હિંદ સ્વરાજ્ય'નો સંદેશ છે. આ 'હિંદ સ્વરાજ્ય' એટલા માટે જરૂરી છે કે જે સભ્યતાની પાછળ આપણે જવા માગીએ છીએ, તેને જો આપણે અપનાવતા રહ્યા તો ગંગા નદીનું શું થશે? ગંગોત્રીનું શું થશે? આપણા શહેરોનું અને આપણા ગામડાંનું શું થશે? એટલા માટે આ 'હિંદ સ્વરાજ્ય' વાંચવાની જરૂર છે. એટલા માટે નહિ કે ૧૯૦૯ની ૧૩મી નવેમ્બરથી ૨૨મી નવેમ્બરના ૧૦ દિવસમાં ગાંધીજીએ સ્ટીમરના જ કાગળો પર એ લખ્યું હતું. જમણો હાથ લખતાં લખતાં થાકી જતો હતો ત્યારે ડાબે હાથે લખતા હતા. ૪૦ પાનાં ડાબે હાથે લખ્યાં હતાં. તેમનાં હસ્તાક્ષરમાં જે પુસ્તક છપાયું છે તેમાં સારાંમાં સારું લખાણ ડાબા હાથે લખાયું છે તે છે. એટલા માટે મેં ગાંધીજીનું એક ચિત્ર બનાવીને મારા લખવાના ટેબલની સામે મૂકી રાખ્યું છે. જેમાં ગાંધીજી ડાબે હાથે લખે છે. મિત્રો, એ માત્ર શતાબ્દી મનાવવા માટેનું પુસ્તક નથી. આપણું અને આપણા બાળકોનું ભવિષ્ય બનાવનારું એ પુસ્તક છે. તે એક એવી સભ્યતા બનાવનારું પુસ્તક છે, જેમાં કલાવતીને પણ રોટલો મળે અને મુકેશ અંબાણીની પત્નીને પણ રોટલો મળે. તે એક એવી સભ્યતા બનાવવાની વાત કરે છે, જેમાં કદાચ પૈડાંમાં હવા ન હોય તો પણ આપણો પરસેવો નહીં છૂટી જાય.

મિત્રો, એક પ્રસંગ કહીને વાત પૂરી કરું. એકવાર ગાંધીજીએ એક મિત્રને પત્ર લખ્યો. તેમાં છેલ્લે લખ્યું કે સારામાં સારું તો એ છે કે માણસ પોતાના કામ કરવાની જગ્યાએ પગે ચાલીને જ જાય. પત્ર મળતાં મિત્ર વ્યંગ્યમાં હસ્યા. પછી પત્ર લખ્યો - તમે મને પગે ચાલીને કામ પર જવાની સલાહ આપી છે. તે પત્ર ગાડીમાં બેસીને લખ્યો છે. પગે ચાલીને જવું સારાંમાં સારું હોય તો તમે ગાડીમાં શું કામ જાવ છો? ગાંધીજીએ જરાયે સંકોચ રાખ્યા વિના લખ્યું - હું ધારત તો એ પત્રમાં એવું ન લખત કે શિમલા જતાં ગાડીમાં આ પત્ર લખું છું. તમને તો ખબર જ નથી, પત્ર ક્યાંથી લખું છું. તે મેં જ તમને લખ્યું છે. શિમલા જતાં લખું છું. કામની જગ્યાએ ચાલીને જવું સારું. ગાડીમાં બેસવાની મજબૂરી હોઈ શકે. મજબૂરીને આદર્શ ન બનાવી શકીએ. મિત્રો, આપણે ભલે ગાડીમાં કે વિમાનમાં બેસીને જઈએ. આપણું અડધું કામ કમ્પ્યૂટર કરે છે. એ બધાં વિના આપણું કામ હવે ચાલતું નથી. પણ આપણને ખબર પડી ગઈ છે. આપણે જે જીવન જીવી રહ્યા છીએ, તેનાથી આપણે કોઈનો કોળિયો ઝૂંટવી રહ્યા છીએ. આપણે સાચું સ્વરાજ્ય લાવવું હશે તો આપણી આ ટેવો છોડવી પડશે.

(મુદ્રણ : Infineon Infotech Pvt. Ltd.)

અનુવાદ : મોહન દાંડીકર

[Paanchali Falia, DANDI - 396 439 Dist. Navsari, Gujarat, India]

'સંકેલો'નો અવસર, હળવે પગલે, રવિવાર, ૨૮ માર્ચ ૨૦૧૦ના દિવસે આવી રહ્યો છે, તેની નોંધ તમે દરેકે લીધી જ હોય. આ સમૂળો અવસર સહજપણે સમાજ આધારિત જ હોય, તેવી સમજણ કેળવી છે. વિમાની ટિકિટો, વીઝા ખર્ચ, સભાખંડનો ભાડાખર્ચ, ચાપાણી, ભોજન સમેતની સગવડ, વગેરે વગેરે પેટે આશરે ચાર સાડાચાર હજાર પાઉન્ડનો ખર્ચ થવાની વકી છે. પચાસ પચાસ પાઉન્ડના અકેકા દાતા વાચકોમાંથી જાગે, તો ચપટી વગાડતા જ માત્ર એંશી જ વાચકો યજમાન બની શકે. કોઈક વધુ આપવાનું ય વિચારી શકે. ચેક Parivaar Communicationsને નામે જ થાય. હા, એટલી વાત તદ્દન પાક્કી : દરેકને દાન સામે પાવતી આપવામાં આવે અને તે દરેકનો જાહેરમાં સ્વાભિવક આભાર પણ માનવામાં આવે.

કવિ પ્રદ્યુમ્ન તન્ના, ખરેખાત, સાચું કહે છે :
દિલથી દીધું દૂગણું થઈ વળતું રહે પરત !
તરતોતરત ભાઈ ભલે ના ઊકલે એનો અરથ !

કહેવાય છે કે હરીન્દ્ર દવે કહેતા : 'અમને નિશ્ચયનું બળ આપો, મારા નાથ.' તમારો નાથ, આપણો નાથ, મને, તમને અને આપણને દરેકને આવા નિશ્ચયનું અપરંપાર બળ આપી રહો.

પ્રતિઘોષરૂપે, અબીહાલ, આ વાચકમિત્રો સહભાગી બન્યા છે :

સરોજબહેન અંજારિયા (£25), નિરંજનાબહેન દેસાઈ (£25), આશાબહેન કૃષ્ણકાન્ત બૂચ (£50), અનામી વાચક સજ્જન (ભારત) (£50), હીરાલક્ષ્મી ગિરધરલાલ સુદ્રા (£50), મોઈનુદ્દીન મણિયાર (£50), પ્રવીણભાઈ કે. મહેતા (અમેરિકા) (£50) , દિવંગત નૂરબાનુ મણિયાર (£51), ચંદુભાઈ મટાણી (51), વિજ્યાબહેન અને લાલજીભાઈ ભંડેરી (£51), પંચમભાઈ શુક્લ (£51), જ્ઞાનદેવભાઈ શેઠ (£51), મંજુબહેન અને વનુભાઈ જીવરાજ સોમૈયા (£51), ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી (51.25), કનકબહેન આર. પટેલ (£100), મહેશભાઈ સી. કવિ (£100), નટુભાઈ સી. પટેલ (£101), સુધીરભાઈ જટાણિયા (£101), ફારૂકભાઈ ઘાંચી (£151). આ પહેલાંની રકમ - £252.

• કુલ = £1,462.25

મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું ......

પાટનગર લંડનના વેમ્બલી પાર્ક વિસ્તારમાં વસવાટ કરતાં પ્રવીણાબહેન ર. કાથરાણીનાં સૌજન્યથી, આ બંને સરસ છબિઓ અહીં આવી મળી છે. આ બંને ફોટાઓ ઝાંઝીબારના છે. આશરે છસાત દાયકાનો સમયગાળો તેને થયો ય હોય. વારુ, બંનેમાં સ્ત્રીશક્તિની જ બોલબાલા હોય તેમ વર્તાય છે. પહેલી છબિ રસિક છે. દરેક મહિલાએ ગુજરાતી પદ્ધતિએ સાડી પરિધાન કરેલી છે, હા, કેટલાંકે છેડો માથે ઓઢ્યો છે, જ્યારે કેટલીક બહેનો તેમાંથી ટળી છે. એક અનુમાન એમ પણ કરી શકાય : માથે નહીં ઓઢનારી બહેનો દીકરી - બહેનો હોય ને માથે સાડી ઓઢનારી બહેનો વહુઆરો હોય ! સમાજની રીતરસમો સમજવા જેવી છે.

પરંતુ આ ૩૪ બહેનો શા માટે એકઠી થઈ હોય ? આ છબિ ક્યાં પડી હોય ? શું આ તમામ કોઈ મહિલા સંસ્થા સાથે સંકળાયેલી હશે કે ? તેનો કોઈ જાહેર અવસર હશે ? કઈ સાલની આ વિગત હોય ? અને તે દરેકનાં કોઈ નામ સગડ ? – આ બધા સવાલો હાલ નિરૂત્તર છે. પ્રવીણાબહેન ઉપરાંત ઝાંઝીબારનાં નામી વતની અને લેખિકા ભદ્રાબહેન વડગામાએ આવી આવી વિગતો મેળવવા પ્રયાસો કરી જોયા છે. તે બંનેને કામયાબી હાંસલ થઈ હોય, તેમ સમજાયું નથી. … ખેર !

નીચે આપી બીજી છબિ એથી ય ભાતીગળ છે. આ ફોટામાં નિશાળમાં ભણતી કિશોરીઓ પણ છે. વળી પડખે કેટલાક કિશોરો ય દેખાય છે. શું આ કોઈ નિશાળની જગ્યામાં લેવાઈ છબી હશે ? કાંખમાં નાનાંનાનાં ભૂલકાં તેડેલી માતાઓ ય ફોટામાં જોવાં સાંપડે છે. તો શું ત્યાં બાળમંદિરનો ય સમાવેશ થયો હશે ?

આ બંને છબિઓની વિશેષ માહિતીવિગતો વાચકો પાસે હોય પણ ખરી. તે સઘળી એકઠી કરી અમને લખી મોકલજો. અન્યથા ઈતિહાસને પાને આવી કોઈ વિગતોને અભાવે આ છબિઓ મૂરઝાઈ જાય તો ય નવાઈ નહીં !!

થોડુંક છવાયા, છપાયા; પછી, લપાયા !

• વિપુલ કલ્યાણી

દૈનિક “દિવ્ય ભાસ્કર”ની વેબસાઈટ પર, મંગળવાર, ૨ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ, ‘માતૃભાષા વંદનાયાત્રાનું કડી અને મહેસાણામાં આગમન : વણીકર ક્લબમાં માતૃભાષાની સભામાં શ્રોતા તરબોળ’ મથાળા સાથે એક સમાચાર તરતા રહ્યા હતા. અહેવાલના આરંભના ચાર ફકરાઓ આમ હતા :

‘જેની માતૃભાષા પાક્કી એ બધી ભાષાઓમાં પાક્કો બની શકે પરંતુ જો માતૃપ્રેમ જ નક્કર નહીં હોય તો માસી પ્રેમ ક્યારેય નક્કર નહીં થઈ શકે અને જેને પોતાની માતૃભાષા નથી આવડતી એ આજનો ઈડિયટ્સ છે’ એવી આકરી ટકોર જાણીતા ચિંતક, લેખક ગુણવંત શાહે સોમવારે મહેસાણા ખાતે માતૃભાષા વંદનાયાત્રા દરમિયાન કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ચિંતકોએ માતૃભાષાનું મહત્ત્વ સમજાવી એને બચાવવા ટકાવવા ભારે હિમાયત કરી હતી, જેને ઉપસ્થિત શ્રોતાઓએ ઉપાડી હતી.

જાણીતા લેખક, વિચારક ગુણવંત શાહના નેતૃત્વમાં નરસિંહના જૂનાગઢથી નીકળી નર્મદના સુરત લઈ જવાતી માતૃભાષા વંદનાયાત્રા સોમવારે મહેસાણા આવી પહોંચી હતી. શહેરની વણીકર કલબ ખાતે સોમવારે રાતે ઉપસ્થિતોએ ગુજરાતી ભાષાના ઘટી રહેલા પ્રભુત્વ ઉપર ચિંતા વ્યક્ત કરી એને ટકાવવા ઉપર ભાર મુક્યો હતો.



...And if we don't speak, read or write in Gujarati, how are we going to expect our children to?

આ પ્રસંગે વિવિધ ઉદાહરણો આપી ગુજરાતી ભાષાનું મહત્ત્વ સમજાવતાં ગુણવંત શાહે કહ્યું હતું કે, વિશ્વમાં એક માત્ર ઈંગ્લેન્ડને બાદ કરતાં મોટાભાગના દેશોમાં પોતાની માતૃભાષા જ બોલાય છે, વંચાય છે અને ભણાવાય છે ત્યારે આપણે કેમ અંગ્રેજી પ્રત્યે આટલા બધા ઓવારી ગયા છીએ?

સફળતા તો સૌને મળે છે, પરંતુ સફળતા અને સાર્થકતામાં ફરક હોય છે. મેડોના એક સફળ વ્યકિત છે. જયારે મધર ટેરેસા સાર્થક છે. આમ જેને પોતાની માતૃભાષા પાક્કી આવડે છે એના માટે બીજી અન્ય ભાષાઓ શીખવી સરળ છે. પરંતુ જેનો માતૃપ્રેમ નક્કર નથી એનો માસી પ્રેમ પણ નક્કર થઈ શકતો નથી અને જેને પોતાની માતૃભાષા આવડી નથી એ આજનો ઈડિયટ્સ છે. વધુમાં તેમણે સૂફીનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું હતું કે, અંગ્રેજી માધ્યમમાં ભણવું એ સાંભળતાં જ આપણને આંચકો લાગવો જોઈએ.

•

આ હેવાલ લેખ વાંચતા એક પ્રકારનો આંચકો અનુભવ્યો છે. ગુણવંતભાઈ કહેતા હતા કે ‘વિશ્વમાં એક માત્ર ઈંગ્લેન્ડને બાદ કરતાં મોટાભાગના દેશોમાં પોતાની માતૃભાષા જ બોલાય છે, વંચાય છે અને ભણાવાય છે ત્યારે આપણે કેમ અંગ્રેજી પ્રત્યે આટલા બધા ઓવારી ગયા છીએ?’ આશરે સાડાત્રણ દાયકાઓ ઉપરાંતથી ઈંગ્લૅન્ડ વસું છું; અહીં અંગ્રેજીનું જ ચલણ ભાળ્યું છે, તેવો સહજ અનુભવ છે. બ્રિટન બહુ-સાંસ્કૃતિક દેશ છે. બ્રિટનમાં ઈંગ્લૅન્ડ ઉપરાંત વેલ્સ, સ્કૉટલૅન્ડ, આયર્લૅન્ડ જેવા પ્રદેશો પણ છે. વેલ્સમાં વેલ્શ ભાષાનું ય ચલણ છે. ત્યાં તે ભાષા જાણવી આવશ્યક છે. નિશાળોમાં પણ તેનું શિક્ષણ ફરજિયાત છે. સ્કૉટલૅન્ડમાં સ્કૉટિશ ઈંગ્લિશ અને ગેલિકની બોલબાલા છે. જ્યારે ઉત્તર આયર્લૅન્ડમાં આયરિશ ભાષાનો ય વપરાશ છે. આવું છતાં, આ સઘળે સ્થળે અંગ્રેજી ભાષા રાજભાષા છે અને તેનું જ મુખ્ય ચલણ છે. ઈંગ્લૅન્ડની ભાષા અંગ્રેજી જ છે, તેની કોઈ અલાયદી ‘માતૃભાષા’ હોય તેમ આજ લગી જોયું, જાણ્યું, અનુભવ્યું નથી. આથીસ્તો, આ સમાચારમાં જે કંઈ પ્રગટ થયું છે તે જો સાચું હોય, તો ગુણવંત શાહ પાસેથી ઈંગ્લૅન્ડની ‘માતૃભાષા’ વિશેની વિગતમાહિતી મળી રહે, તેવી સહજ અપેક્ષા રાખશું. જો કે ગુણવંતભાઈને અહીં શું કહેવાનું હશે, તેમને શું અપેક્ષિત છે, તે કલ્પવું અઘરું થાય છે, કેમ કે હેવાલ લેખકે ય, કદાચ, મૂળ વક્તાને બરાબર ટાંક્યા ન હોય, તેમ પણ બને ! આમ જનતાને આ હેવાલથી ગેરવલ્લે દોરાવાનું થયું છે, તેનો રંજ છે. વક્તા તેમ જ હેવાલલેખક બન્ને આ સેળભેળ નિવારી શક્યા જ હોત.

વારુ, આ સમાચાર હેવાલનું પ્રથમપહેલું જ વાક્ય છે : ‘જેની માતૃભાષા પાક્કી એ બધી ભાષાઓમાં પાક્કો બની શકે પરંતુ જો માતૃપ્રેમ જ નક્કર નહીં હોય તો માસી પ્રેમ કયારેય નક્કર નહીં થઈ શકે અને જેને પોતાની માતૃભાષા નથી આવડતી એ આજનો ઈડિયટ્સ છે’ એવી આકરી ટકોર જાણીતા ચિંતક, લેખક ગુણવંત શાહે સોમવારે મહેસાણા ખાતે માતૃભાષા વંદનાયાત્રા દરમિયાન કરી હતી. અવતરણ ચિહ્નો વચ્ચેના આરંભના આ મિશ્ર વાક્યમાં આવા ત્રણ સાદા વાક્યોનો સમાસ છે : (૧) જેની માતૃભાષા પાકી એ બધી ભાષાઓમાં પાકો બની શકે. (૨) જો માતૃપ્રેમ જ નક્કર નહીં હોય તો માસી પ્રેમ ક્યારે ય નક્કર નહીં થઈ શકે. (૩) જેને પોતાની માતૃભાષા નથી આવડતી એ આજનો ઈડિયટ્સ છે. વ્યાકરણને મુદ્દે અહીં ‘ઈડિયટ’નું બહુવચન કેમ કરાયું હશે ? સમજાતું નથી !

મૂળગત આ ત્રણ વાક્યો વિશે જ વાત કરવી છે. આદરમાન ગુણવંતભાઈના પહેલા વાક્ય સાથે સો ટકાની સહમતી છે. અને આશરે ચાર દાયકાના નિજી, નક્કર કામોના અનુભવોને જોડીને કહીશ કે તે મતલબના એક નહીં અનેક દાખલાઓ અને તારણો આપી શકાય તેમ છે. આજના ‘ઘેલા’ ગુજરાતમાં આ નક્કર વૈજ્ઞાનિક સત્યની ચોટદાર રજૂઆત કરવા માટે ગુણવંતભાઈને સ-આદર બિરદાવી પણ લઉં છું. ધન્યવાદ, ગુણવંતભાઈ. દિવંગત મનુભાઈ પંચોળી ‘દર્શક’ બીજા મુદ્દાની ચોટદાર દલીલો કરતા રહેતા, તે સહજ સાંભરે છે. આ મુદ્દામાં તર્ક છે ખરો, પરંતુ તેને સાંપ્રત પરિસ્થિતિની એરણે સબળ ચકાસવાની આવશ્યક્તા લાગે છે. આ ‘માતૃપ્રેમ’ અને ‘માસી પ્રેમ’ વચ્ચેનો તફાવત, આ વ્યવહારુ જગતમાં, વહેવારુતા સાથે પુરવાર કરવો રહે છે. સગપણને મુદ્દે અંગ્રેજી કેટલી હદે માસીભાષા બને તે ય સમજવું જરૂરી થવાનું છે. – ખેર ! જ્યારે ગુણવંત શાહના, આમાંના, આ ત્રીજા વાક્યે આંચકો આપ્યો છે. જેને પોતાની માતૃભાષા નથી આવડતી તેને મૂર્ખ (મૂઢ કે ભોઠ?) કહી શકાય

ગુણવંત શાહ સરીખા જાણીતા લેખક, વિચારક, ચિંતક, વક્તા પણ અહીં 'થ્રી ઇડિયટ્સ'ને રવાડે ચડી તેની અસર નીચે આવી બેસે તે વિશેષ કઠે છે.

યહૂદી કોમનો દાખલો અહીં કામનો બનશે. દક્ષિણ આફ્રિકાના દિવસોમાં મોહનદાસ ગાંધી 'કોમ' બાબત જે અર્થ લઈને ચાલ્યા હતા, તે જ એક માત્ર અર્થ-સંદર્ભમાં આ 'કોમ' શબ્દને અહીં ઉપયોગમાં લઉં છું. પરંતુ તે સામૂકી યહૂદી કોમમાં એક સરખી ભાષા નથી. વળી, દરેક યહૂદી હિબ્રૂ અથવા ઈદીશ ભાષાનો ઉપયોગ કરતા હોય તેમ પણ બનતું નથી. આવું પછી પણ, તેમની ઓળખ તો યહૂદી તરીકેની જ અકબંધ રહેતી હોય છે. આવા યહૂદીઓ પછી ભલે રુસી હોય કે અરબી હોય, કોઈ ફેર પડતો જ નથી. ડાયસ્પોરામાં વસેલી આપણી ગુજરાતી જમાતમાં ગુજરાતીનું ચલણ સતત ઘટવામાં છે. મારી દીકરી, કુન્તલ સમેત બીજી અને ત્રીજી પેઢી બહુધા અંગ્રેજી જેવી મુખ્ય પ્રવાહની ભાષામાં પૂરો વહેવાર કરે છે. તે દરેકને વળી મર્યાદિત ગુજરાતી બોલવાનું ય આવડે છે. આવું છતાં, તે દરેક ઓળખે ગુજરાતી મટતા નથી, મટ્યા નથી. અને તે દરેક સહજ પણ મૂર્ખ નથી.

ગુજરાત બહાર, ભારતના અન્ય પ્રાન્તોમાં વિદ્યાર્થીને સારુ ગુજરાતી માતૃભાષા તરીકે કદાચ રહેવા પામી ન હોય. જે તે પ્રદેશની રાજભાષામાં તે દરેકને શિક્ષણ લેવાનું બનતું હોય. આગળ જોયું તેમ, પરદેશે પથરાયેલા ગુજરાતી પ્રજાસમૂહના સંતાનો માટે જે તે મુલકની ભાષામાં જ સ્વભાવિક ભણવાનું આવતું હોય. હકીકતમાં ગુજરાતી તો તેમના વારસાની ભાષા બને છે. માટે ગુણવંત શાહની આ દલીલ આ બંને વર્ગોને કદાચ આવરતી ન ય હોય. અહીં બ્રિટનમાં વિદ્યાર્થીઓને સ્વાભાવિકપણે અંગ્રેજી માધ્યમમાં જ ભણવાનું આવે છે. અને તે આવકાર્ય જ છે. તેમ છતાં, તે સઘળાં 'ઇડિયટ્સ' સાબિત થતા જ નથી.

> આવતી રોકો વસંતને
> મારે આંગણિયે ફૂલડાંના ફાલ
> લાવતી રોકો વસંતને
> એ તો આંગણને આંબલિયે ટહુકો કરે,
> અહીં એકલડું ઉર મારું હીબકાં ભરે.
> કોઈ હેતસૂના હૈયાની ડાળ
> હલાવતી રોકો વસંતને.
> શાને શીળો સમીર બની અંગે અડે !
> મારા ઝૂરતા જીવન સાથ રંગે ચડે !
> એની વેણુંમાં વેદનાનું વ્હાલ
> વહાવતી રોકો વસંતને.
>
> **- જયંત પાઠક**

પોતાની અવધિની પચાસપચાસ વરસની ઉજવણી કરતા ગુજરાતે, આરંભના વરસોમાં, બે ઠાકોરભાઈઓનાં વલણો અને વળગણોનો અનુભવ કરેલો છે. અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની વાતો દરેક દાયકે સતત થતી આવી છે. વાસ્તવમાં, ગુજરાતમાં સહજ સ્વાભાવિક ગુજરાતી માધ્યમનું જ મુખ્ય ચલણ બનવું જોઈએ. અને તેને સારુ અનેક કારણો મોજુદ છે. અને આ મતને જગત ભરના કેળવણી ક્ષેત્રના મનોવૈજ્ઞાનિકો અને તજજ્ઞોનો ટેકો મળી રહે તેમ છે. શિક્ષણ ક્ષેત્રમાંની શાસકની અવચંડી નીતિરીતિને કારણે આ અંગ્રેજી ભણીનું ગાંડપણ શિરે અસ્વાર થઈ બેઠું છે. શિક્ષણ ક્ષેત્રે પણ 'ગ્લોબલાયઝેશન'નું આ વાવાઝોડું આપણા મુલકને પરેશાન કરી રહ્યું છે, તે સમજવું આવશ્યક છે. ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગૂજરાત વિદ્યાપીઠ, વિશ્વ ગુજરાતી સમાજ, ગુજરાતીમાં ચાલતાં દરેક સમૂહમાધ્યમો, ગુણવંત શાહ, રઘુવીર ચૌધરી, રાજેન્દ્ર પટેલ સહિતના તમામ નાનામોટા સાહિત્યકારોએ પ્રથમપહેલાં સરકારના જ કાન આમળવા જોઈએ. સામે નક્કર કાર્યક્રમ આપવો જોઈએ અને તેને ચરિતાર્થ કરવામાં મનસા, વાચા, કર્મણા ખૂપી જવું જોઈએ. ફક્ત વાણીસૂરાપણું જ કાંઈ સફાઈકામ નહીં કરે, તેથી તો પર્યાવરણ વધુ ડહોળાતું રહેવાનું છે.

જે લોકો અંગ્રેજીને વાયરે ઓવારેલા છે, તેમને આ કોર, ગુજરાતી માધ્યમની તરફદારીમાં આણવાના છે; અને તેને માટે વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવાનું હોય, આમ આક્રમક બનવું યોગ્ય ન પણ નીવડે. અને જે જે લોકો માતૃભાષાથી વંચિત થયા હોય, તો તે કારણને સારુ કોણ કોણ જવાબદાર છે ? – જવાબદાર આગેવાનોએ ઊંડા ઊતરી ચિંતન કરવાની તાતી જરૂરત છે. માતૃભાષાથી વંચિત રહેનાર ખુદ 'ઇડિયટ્સ' કેમ હોઈ શકે ? અંગ્રેજી માધ્યમમાં દાખલ થવાનો નિર્ણય તેમણે ખુદ કર્યો ન જ હોય, માવતરે કર્યો હોય. તો માવતર પણ 'ઇડિયટ્સ' ?! તેમણે આવો નિર્ણય શા સારુ કર્યો હોય ? તેમના નિર્ણાયક પરિબળો કયા અને કેવા હશે ? છે કોઈને અંદાજ ? તેને ધ્યાનમાં લેવાયા છે ? વળી, શાસન, મુખ્ય મંત્રી, શિક્ષણ મંત્રી, તેમની નીતિરીતિ, શિક્ષણમાં ધંધા અર્થે પેસેલું પેલું ખાનગી ક્ષેત્ર અને તેમનાં (દેખાતાં અને છદ્મ) વલણો, વહેણો, વળગણો અને ઉચ્ચારણો. આ બધું વક્તાને ધ્યાન બહાર જતું હશે કે - શાકમાં આખું કોળું જતું રહે તેમ ?!

તાજેતરમાં ગુજરાતને પ્રવાસે હતો. ગુજરાતમાંથી પ્રગટ થતાં દૈનિકો સમેતનાં સમસામયિકો નિરાંતવા જોયાં વાંચ્યાં છે. ગુજરાતી ભાષા, માતૃભાષાનાં શિક્ષણ અંગેના વિવિધ લેખો અને સ્થંભોમાંથી પસાર થવાની તક મળી છે. ગુજરાતી ભાષાને કાયમી ધોરણે શિક્ષણમાં સાંચવી શકાય, તે બાબતની તેમ જ માતૃભાષાની જાળવણી અંગેના કોઈ દૂરંદેશ કાર્યક્રમોની રજૂઆત મેં ક્યાં ય ભાળી નહોતી. ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, વિશ્વ ગુજરાતી સમાજ, ઈ. બાબતનાં ય હાથ આવ્યાં વિધવિધ પ્રકાશનો દીઠાં છે. લગભગ દરેક જગ્યાએ મને અંધાપો વર્તાયો છે. 'માતાના ધાવણ પછીના ક્રમે માતૃભાષા આવે છે.'ની અહાલેક પોકારતી ગુણવંત શાહની 'માતૃભાષા વંદનાયાત્રા'ની પત્રિકા ય વાંચી, જોઈ ને તપાસી. જાતને નરસિંહથી નર્મદ (જૂનાગઢથી સુરત) સુધી વહેતી કરી, પરંતુ કોઠે શાતા વળ્યાનો અનુભવ ન જ થયો તે ન જ થયો. આવું કેમ ?

આ સઘળું ઉપલકિયું જ લાગ્યું છે. આ દોડભાગ કરતી યાત્રા સિવાય, તળ ગુજરાતની સીમા વચ્ચેના પ્રદેશ સારુ ગુજરાતી ભાષાશિક્ષણ માટેનો મને લગીર નક્કર એકાદ કાર્યક્રમ સુદ્ધાં સાંપડયો નથી. આ પહેલાં કહ્યું તેમ શિક્ષણકામ માટેની સરકારની અવળી નીતિરીતિ બાબત તેના કાન આમળવાની વાત પણ ક્યાં ય ભાળી નથી. પરિષદ અને અકાદમીને પક્ષે ય કોઈ કાયમી, પાકી યોજના હોવી જરૂરી છે. પરંતુ તેનો ય સરિયામ ખાલીપો હાલે જોયો. … ભલા, તેમ છતાં, કોઈને ય દેખાય તો જણાવજો, દોસ્ત !

સઘળી પ્રવૃત્તિઓમાં વ્યક્તિ જરૂર અગત્યની છે, પરંતુ તે પ્રધાનસ્થાને ક્યારે ય નથી. મુખ્ય સ્થાન તો ઉદ્દેશનું, નિયત કાર્યક્રમનું, સ્વીકૃત યોજનાનું રહ્યું છે. આથી, અહીં પણ ગુજરાતી ભાષા અને તેનું ભાવિ પ્રધાનસ્થાને સો ટકા અંકિત છે. ગુણવંતભાઈ શાહ માટે આદર છે, તેમનું હૃદયે અદકેરું સ્થાનમાન છે; પણ પ્રથમપહેલું સ્થાન માદર-એ-જબાનને જ હોય. છેવટે, દલપતરામે કહ્યું છે તેમ, 'રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ' જ આપણે મૂળગત છીએ અને વાસ્તવમાં તેમ જ બનવું જોઈએ. ટૂંકામાં, આવું જ દરેક ક્ષેત્રમાં હોવું ઘટે – પ્રધાનસ્થાને ઉદ્દેશ, નિયત કાર્યક્રમ, સ્વીકૃત યોજના; ગૌણ સ્થાને વ્યક્તિ !

ભારતને કહેવાતી રીતે જોડવા લાલકૃષ્ણ અડવાણી, મુરલીમનોહર જોશી, નરેન્દ્ર મોદીએ વરસો પહેલાં આવી એક યાત્રા કાઢેલી તેનું સ્વાભાવિક સ્મરણ થઈ આવ્યું. તે યાત્રાથી ભારતમાં એકવાક્યતા આવેલી કે વિભાજિત જૂથો પેદા થયેલા ? જવાબ ચોખ્ખોચટ્ટ છે. હકીકતે, ભારત આજે સોસવાઈ રહ્યું છે. આશા રાખીએ કે આ 'વંદનાયાત્રા' ગુજરાતને બેઠું કરે અને એક કરે. અલબત્ત, … … અફસોસ ! મન માંકડું છે ને, તેથી તેને તેવું તેવું તારણ વસતું નથી !

તો પછી, આ 'વંદનાયાત્રા'નો શો આશય હોય ? શું કોઈ છાનોછપનો એજન્ડા હશે ? કોણ કહેશે ?! દરમિયાન, આજના વાતાવરણમાં તો આટલું જ થાય : વાવાઝોડું આવે તેમ ઘૂમ્યા, પ્રકાશિત અને વીજળિક ઉપકરણોને કારણે સમૂહમાધ્યમોમાં થોડુંક છવાયા, છપાયા અને પછી લપાયા ! … આથી કેટલીક આંતર તરતપાસ કરવાની પણ આ ઘડી છે. આ 'વંદનાયાત્રા'માં સક્રિય સામેલ મિત્રોમાંથી કેટકેટલાંના સંતાનો, કુળદીપકો, નબીરાઓ, ભલા, ગુજરાતી માધ્યમ વાટે ભણી રહ્યા હશે ? લાંબા ગાળાના અને કાયમી ઠરે તેવા નક્કર કાર્યક્રમમાં કેટલા સક્રિય બનવાનું રાખે છે અને સતતપણે ચાલુ રહેવાના છે ? આ અને આવા સવાલોના જવાબ પર જ આવી યાત્રાની સફળતાનો આંક ઝગારા મારતો હશે.

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

એક જબ્બરું સાહસ … ભાષાને જીવતી રાખવાનું સારું કામ

© વિપુલ કલ્યાણી



અમદાવાદથી પ્રકાશિત "સંદેશ"ની, ૧૭ જાન્યુઆરી ૨૦૧૦ની આવૃત્તિની 'સંસ્કાર' નામે પૂર્તિમાં, જાણીતા સાહિત્યકાર મહમ્મદ માંકડનો, 'જયાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' નામનો એક લેખ પ્રગટ થયો હતો. વાંચતા પોરસ ચડે તેવી તેવી વિગતો તેમાં હતી. ૧૩ ફેબ્રુઆરીએ, ૮૨ વર્ષની આવરદા હેમખેમ પાર કરતા, મહમ્મદભાઈ પોતાની આ સાપ્તાહિકી કટાર, 'કેલિડોસ્કોપ'માં, લખતા હતા :

'ગુજરાતી ભાષા વિશે લખવા માટે વિચાર કરું છું ત્યારે કવિ 'ખબરદાર'ની ઉપર આપી પંક્તિઓ યાદ આવે છે. મહાત્મા ગાંધીનો પોતાની માતૃભાષા ગુજરાતી ઉપરનો પ્રેમ યાદ આવે છે, અને પેલી અવાર માતાની વેદના યાદ આવે છે. જે સ્ત્રી પોતાના પુત્ર વિશે એવું બોલી શકે એનો પોતાની માતૃભાષા ઉપરનો પ્રેમ કેટલો ઉત્કટ હશે!

'રશિયાની સામ્યવાદી સરકારે ઘણાં સારાં-નરસાં કામો કર્યાં હતાં. દરેક સરકારના ચોપડે એવાં કામો વધુ ઓછાં પ્રમાણમાં નોંધાયેલાં હોય જ છે, પરંતુ એક બહુ જ સારું, બહુ જ મોટું કામ સામ્યવાદી સરકારે, દરેક રાજ્યની, દરેક પ્રદેશની ભાષાને, લોકબોલીને જીવતી રાખવાનું કર્યું હતું. એટલું જ નહીં. એવી બોલીના ઉત્તમ સાહિત્યકારોનાં પુસ્તકોને માત્ર રશિયન ભાષામાં જ નહીં પરંતુ વિશ્વની અનેક ભાષાઓમાં પ્રગટ કરવાનું કામ પણ કર્યું હતું.

'એટલે જ મારા જેવા પુસ્તકપ્રેમીને રસૂલ હમઝાતોવનું 'મારું દાઘેસ્તાન' પુસ્તક ગુજરાતી ભાષામાં વાંચવા વસાવવા મળ્યું હતું. એ પુસ્તકની અંગ્રેજી અને ગુજરાતી આવૃત્તિ પણ મારી પાસે છે. પરંતુ ગુજરાતી ભાષામાં પણ એ પ્રગટ કરવું એ તો એક સાહસ જ ગણાય. અને એવું જબરું સાહસ સામ્યવાદી સરકારોએ કર્યું હતું એની નોંધ લેવી જોઈએ. એને કારણે જ મહાન રશિયન સાહિત્યકારો: પુશ્કિન, તોલ્સ્તોય, દોસ્તોયેવસ્કી, તુર્ગેનેવ, ચેખોવ વગેરેનાં અંગ્રેજી અને ગુજરાતી પુસ્તકો સાવ સસ્તી કિંમતે ઉપલબ્ધ થયાં હતાં. એક સમય એવો હતો જ્યારે બહુ મોંઘી કિંમતનાં પુસ્તકો પ્રગટ કરતાં પશ્ચિમના પ્રકાશકો સામ્યવાદના એ સાહિત્યિક અને સંસ્કારી પુસ્તકોનાં આક્રમણથી ગભરાઈ ગયા હતા.

'સસ્તી કિંમતનાં એ પુસ્તકોમાં માત્ર સાહિત્યના જ નહીં પરંતુ અર્થશાસ્ત્ર અને ઈતિહાસનાં પુસ્તકો પણ હતાં. 'પ્રગતિ પ્રકાશન મોસ્કો' તરફથી પ્રગટ થયેલાં એવાં ગુજરાતી પુસ્તકોમાં કાર્લ માર્ક્સે લખેલ ભારતના ઈતિહાસ ઉપરનું પુસ્તક હતું, અને એમાં ૧૮૫૭ના જે વિદ્રોહને અંગ્રેજો 'સિપાહીઓના બળવા' તરીકે ઓળખાવતા હતા, એને મહાન પ્રજાકીય વિદ્રોહ તરીકે રજૂ કર્યો હતો. એ જ રીતે બીજા એક ભારતના ઈતિહાસના પુસ્તકમાં પણ એવી જ રીતે એની રજૂઆત થઈ હતી - એ વાત અંગ્રેજી, ફ્રેંચ કે જર્મન ભાષામાં લોકો વાંચે એ ત્યાંના શાસકોને કઈ રીતે પોસાય?

'આ આડવાત એટલા માટે લખી છે કે જેને આપણી ગુજરાતી ભાષા માટે ખાસ કશું લાગતુંવળગતું નહોતું એ સામ્યવાદી શાસકોએ, ઈતિહાસ કે અર્થશાસ્ત્રનાં પુસ્તકો સામ્યવાદના ફેલાવા માટે પ્રગટ કર્યા હશે, એમ માનીએ તો પણ, તોલ્સ્તોય, તુર્ગેનેવ કે ચેખોવનાં પુસ્તકો પાછળ એવો આશય હોય એમ લાગતું નથી. દોસ્તોયેવસ્કીને તો એ લોકો પ્રતિક્રાંતિવાદી ગણતા હતા, છતાં એક સાહિત્યકાર તરીકે એનું સન્માન કરતા હોય એમ લાગે છે. એમના આચરણ ઉપરથી એમ લાગે છે.'

આ સમગ્ર પ્રકલ્પમાં, કેન્દ્રસ્થાને એક જ નામ આવે છે : અતુલ સવાણી. આ એક માણસનું તપ એટલે ગુજરાતી સાહિત્યને તરબતર કરતું થોકબંધ અનુવાદિત રૂસી સાહિત્ય. તાજેતરમાં જ રણજિતરામ સુવર્ણચંદ્રક'થી વિભૂષિત આપણા વરિષ્ટ સાહિત્યકાર મહમ્મદ માંકડ જે પુસ્તકોની વાત અહીં ઉપર માંડી છે તે દરેકની પાછળ સ્વાભિવક અતુલ સવાણીનું તપ જોવા મળે છે. આરંભે 'પ્રગતિ પ્રકાશન' અને પાછળથી 'રાદૂગા પ્રકાશન' હેઠળ પ્રગટ થયેલાં, આશરે દોઢસો જેવાં, આ પુસ્તકોની યાદી તપાસવા જેવી છે. રશિયાની વિધવિધ ભાષાઓમાંથી ગુજરાતીમાં અનુવાદિત થયેલાં આ પુસ્તકોની, સપ્ટેમ્બર ૨૦૦૭ દરમિયાન ઉપલબ્ધ થયેલી, માહિતીઓને આધારે બનાવાયેલી સૂચિ, આથીસ્તો, અહીં રજૂ કરીએ છીએ. જ્યારે પ્રાપ્ય મૂળ લેખકનું નામ કૌંશમાં આપીએ છીએ.

ઓ રસિયા ! આ રશિયા !!

(૧) લઘુનવલો અને નવલિકાઓ (તોલ્સ્તોય), (૨) શ્રેષ્ઠ વાર્તાઓ (ગોર્કી), (૩) બહેનો (અસ્કદ મુખ્તાર), (૪) ગરીબ બિચારાં ધવલ નિશાઓ (દોસ્તોયેવ્સ્કી), (૫) જનમના વેરી [નાટક] (ગોર્કી), (૬) લઘુ નવલો અને નવલિકાઓ (ચેખોવ), (૭) સિંદૂરિયા સઢ (અલેક્સાન્દર ગ્રીન), (૮) પિતાઓ અને સંતાનો (તુર્ગેનેવ), (૯) મારું દાઘેસ્તાન (રસૂલ હમઝાતોવ), (૧૦) પહાડો અને વગડાઓની વાતો (ચીંગીઝ આઈત્માતોવ), (૧૧) જિપ્સી (આનાતોલી કાલીનિન), (૧૨) બાળપણ (ગોર્કી), (૧૩) મારી તાલીમ (ગોર્કી), (૧૪) મારાં વિશ્વવિદ્યાલયો (ગોર્કી), (૧૫) મા (ગોર્કી), (૧૬) પોલાદી ઘડતર (નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી), (૧૭) વાર્તાઓ - બેલકિન (પૂશ્કિન), (૧૮) કેપ્ટનની દીકરી (પૂશ્કિન), (૧૯) પહાડોનાં સંતાનો (?), (૨૦) ઈન્સાનનું નસીબ (શોલોખોવ), (૨૧) અધૂરો પત્ર [ટૂંકી વાર્તાઓ] (?), (૨૨) જમીલા (ચીંગીઝ આઈત્માતોવ), (૨૩) તિમુરની ટુકડી (આર્કાદી ગૈદાર), (૨૪) લુકોમોર્યે [વાર્તાઓ] (?), (૨૫) એલીસ (યૂલિયા દૂનિના), (૨૬) અસ્તવ્યસ્ત ચકલો (કોન્સ્તાન્તિન પાઉસ્તોવ્સ્કી), (૨૭) માશાનો તકિયો (ગાલીના લેબેદેવા), (૨૮) લેનિનનો મલકાટ (નિકોલાઈ બોગ્દાનોવ), (૨૯) ચિત્રોમાં વાર્તાઓ (ગેર્નેત, દિલાક્તોસ્કાર્યા, હામ્સર), (૩૦) અજબ વહાણો (સ્વ્યાતોસ્લાવ સાખાર્નોવ), (૩૧) ભેટ (સુતેયેવ, વિનોકૂરોવ, નૈદેનોવા), (૩૨) પહેલો શિકાર (વિતાલી બિઆન્કી), (૩૩) બાળવાર્તાઓ (તોલ્સ્તોય), (૩૪) ત્રણ રીંછ (તોલ્સ્તોય), (૩૫) સૂરજ કોનો ? (આવેરેનકોવ), (૩૬) ગુગુત્સેનો ટોપો (સ્પિરિદોન વાનગેલી), (૩૭) સારું શું અને ખોટું શું (વ્લાદીમિર માયાકોવ્સ્કી), (૩૮) હાથી (આલેક્સાન્દર કુપ્રીન), (૩૯) બહાદુર કીડી (તાત્યાના માકારોવા), (૪૦) મારું રીંછ (ઝિનાઈદા આલેક્સાન્દ્રોવા), (૪૧) આળસુ 'આવડે ના' (યાકોવ આકીમ), (૪૨) નીલો કટોરો (આર્કાદી ગૈદાર), (૪૩) કોણે શું ચીતર્યું (વ્યાચેસ્લાવ લેગકોબીત), (૪૪) કૂકડે કૂક – કલગી લાલ (અલેક્સેઈ તોલ્સ્તોય), (૪૫) બાળકો (ચેખોવ), (૪૬) ટેલિસ્કોપ શું કહે છે ? (?), (૪૭) માનવીનો ગગનવિહાર (કાર્લ આરોન), (૪૮) માનવે પૃથ્વીનો આકાર કેવી રીતે શોધ્યો (આનાતોલી તોમીલિન), (૪૯) હીરામાણેકનો પહાડ [લોકકથાઓ] (?), (૫૦) તાપણાં [લેનિનના જીવનની વાતો] (?), (૫૧) મિશાની થૂલી (?), (૫૨) ત્રણ જાડિયા (?), (૫૩) પ્રાણીજગત (?), (૫૪) જીવતો ટોપો (?), (૫૫) એક, બે, ત્રણ … (?), (૫૬) સફેદ હરણ (?), (૫૭) કાબરચીતરી મરઘી (?), (૫૮) કલાકારોનાં ચિત્રાંકનોમાં લેનિન (?), (૫૯) શિયાળ અને ઉંદર (?), (૬૦) સિંહ અને કૂતરો (?), (૬૧) માશા અને રીંછ (?), (૬૨) ટૂકની કામગીરી (?), (૬૩) તેયોંચીકા અને ડાકણ (?), (૬૪) કૂકડાભાઈ (?), (૬૫) મલોખાંનો વાછરડો (?), (૬૬) જંગલના જીવ (?), (૬૭) ભરવાડની નજરે (?), (૬૮) વાઘનો ભત્રીજો (?), (૬૯) સૌથી જોરાવર કોણ ? (?), (૭૦) ચંદ્રકન્યા અને સૂર્યપુત્ર (?), (૭૧) સૂરજના વાયરા (?), (૭૨) મિત્રો (?), (૭૩) શિંગાળું ઘેટું (?), (૭૪) જવાહરલાલ નેહરુ [જીવનકથા] (અલેકસાન્દર ગોરેવ, વ્લાદીમિર ઝીમ્યાનીન), (૭૫) ભારતનો ઈતિહાસ [બે ભાગ] (?), (૭૬) દિલ મેં દીધું બાળકોને (વસીલી સુખોમ્લીન્સ્કી), (૭૭) મનુષ્ય વિરાટ કેમ કરી બન્યો (ઈલ્યીન, સેગાલ), (૭૮) દસ દિવસ [રૂસી ક્રાંતિ] (જોન રીડ), (૭૯) રશિયન ક્રાંતિ (આલ્બર્ટ

વિલિયમ્સ), (૮૦) દુનિયાની આર્થિક અને રાજકીય ભૂગોળ (?), (૮૧) સોવિયેત સંઘનો સંક્ષિપ્ત ઇતિહાસ (?), (૮૨) અવકાશનો યુગ (યૂરી શ્કોલેન્કો), (૮૩) સોવિયેત - ભારત મિત્રતા (?), (૮૪) ભારતમાં ઉદ્યોગીકરણ (?), (૮૫) કેળવણી (ક્રુપ્સ્કાયા), (૮૬) જિંદગીને સલામી (?), (૮૭) ફ્રાંસમાં આંતરવિગ્રહ (કાર્લ માર્ક્સ), (૮૮) ચૂંટેલી કૃતિઓ [ત્રણ ભાગ] (લેનિન), (૮૯) રાજકીય અર્થશાસ્ત્રની મીમાંસામાં ફાળો (કાર્લ માર્ક્સ), (૯૦) કામદારોને હસ્તક નિયંત્રણ અને ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ (લેનિન), (૯૧) શું કરીએ ? (લેનિન), (૯૨) રાષ્ટ્રીય નીતિ તથા સર્વહારા વર્ગીય આંતરરાષ્ટ્રવાદના સવાલો (લેનિન), (૯૩) લોકશાહીવાદી ક્રાંતિમાં સામાજિક - લોકશાહીવાદની બે કાર્યનીતિઓ (લેનિન), (૯૪) માર્ક્સવાદનાં ત્રણ ઉગમસ્થાનો અને ત્રણ ઘટકો (લેનિન), (૯૫) કહેવાતો બજારોનો સવાલ (લેનિન), (૯૬) માર્ક્સ - ઍંગેલ્સ - માર્ક્સવાદ (લેનિન), (૯૭) કાર્લ માર્ક્સ અને તેમના સિદ્ધાંતો (લેનિન), (૯૮) ગોથા કાર્યક્રમની મીમાંસા (કાર્લ માર્ક્સ), (૯૯) એક કદમ આગળ, બે કદમ પાછળ (લેનિન), (૧૦૦) સમાજવાદ : તરંગી અને વૈજ્ઞાનિક (ઍંગેલ્સ), (૧૦૧) માર્ક્સની કૃતિ 'મૂડી' (ઍંગેલ્સ), (૧૦૨) કોમ્યુનિસ્ટ પાર્ટીનું જાહેરનામું (માર્ક્સ અને ઍંગેલ્સ), (૧૦૩) તોલ્સ્તોય વિશે લેખો (લેનિન), (૧૦૪) એશિયામાં જાગૃતિ (લેનિન), (૧૦૫) ઓક્ટોબર ક્રાંતિની જયંતીના પ્રસંગોએ લેખો અને ભાષણો (લેનિન), (૧૦૬) સમાજવાદ : નિમ્ન - મૂડીવાદી અને સર્વહારા વર્ગીય (લેનિન), (૧૦૭) માર્ક્સવાદના ઐતિહાસિક વિકાસનાં અમુક લક્ષણો (લેનિન), (૧૦૮) માર્ક્સવાદ અને વિદ્રોહ (લેનિન), (૧૦૯) રાજ્ય અને ક્રાંતિ (લેનિન), (૧૧૦) મૂડીનો ઉદ્ભવ (કાર્લ માર્ક્સ), (૧૧૧) લુડવિગ ફ્રાયરબાખ અને ક્લાસિકલ જર્મન તત્ત્વજ્ઞાનનો અંત (ઍંગેલ્સ), (૧૧૨) ચૂંટેલી કૃતિઓ [ચાર ભાગ] (માર્ક્સ - ઍંગેલ્સ), (૧૧૩) ક્રાંતિકારી પ્રલાપ (લેનિન), (૧૧૪) ઉગ્રવાદી સામ્યવાદ - બાલિશ બીમારી (લેનિન), (૧૧૫) મકાનનો સવાલ (ઍંગેલ્સ), (૧૧૬) રોજી, કિંમત અને નફો (કાર્લ માર્ક્સ), (૧૧૭) મજૂરી અને મૂડી (કાર્લ માર્ક્સ), (૧૧૮) પ્રથમ હિંદુસ્તાની સ્વાતંત્ર્ય સંગ્રામ (માર્ક્સ - ઍંગેલ્સ), (૧૧૯) ડુદરિંગ ખંડન (ઍંગેલ્સ), (૧૨૦) સહકારી પ્રવૃત્તિ (લેનિન), (૧૨૧) સોવિયેત સત્તા શું છે ? (લેનિન), (૧૨૨) બીજી ઇન્ટરનેશનલનું પતન (લેનિન), (૧૨૩) રાજ્ય (લેનિન), (૧૨૪) ગામડાંના ગરીબોને (લેનિન), (૧૨૫) એપ્રિલની થિસીસો (લેનિન), (૧૨૬) સંસ્કૃતિ અને સાંસ્કૃતિક ક્રાંતિ (લેનિન), (૧૨૭) સાર્વજનિક શિક્ષણ (લેનિન), (૧૨૮) પૂર્વની પ્રજાઓનાં કોમ્યુનિસ્ટ સંગઠનોની બીજી અખિલ રૂસી કોંગ્રેસમાં પ્રવચન (લેનિન), (૧૨૯) સામ્રાજ્યવાદ : મૂડીવાદની સર્વોચ્ચ કક્ષા (લેનિન), (૧૩૦) પૂર્વમાં રાષ્ટ્રીય મુક્તિ આંદોલન (લેનિન), (૧૩૧) કોમ્યુનિસ્ટ પાર્ટીનું જાહેરનામું [સમીક્ષા] (?), (૧૩૨) પ્રવચનો અને લેખો (યૂરી આંદ્રોપોવ), (૧૩૩) સોવિયેત યુનિયનની કોમ્યુનિસ્ટ પાર્ટીનો સંક્ષિપ્ત ઇતિહાસ (?), (૧૩૪) મૂડીવાદ એટલે શું ? (?), (૧૩૫) સામ્યવાદ એટલે શું ? (?), (૧૩૬) વૈજ્ઞાનિક સામ્યવાદ એટલે શું ? (?), (૧૩૭) તત્ત્વજ્ઞાન એટલે શું ? (?), (૧૩૮) સંક્ષિપ્ત રાજકીય અર્થશાસ્ત્ર (લેવ લેઓન્ત્યેવ), (૧૩૯) તત્ત્વજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતો (વિક્તોર આફાનાસ્યેવ), (૧૪૦) કાર્લ માર્ક્સ - સંક્ષિપ્ત જીવનકથા (યેવડોનિયા સ્તેપાનોવા), (૧૪૧) પીળો દાનવ (આંદ્રેઇ આની), (૧૪૨) રાજકીય અર્થશાસ્ત્ર એટલે શું ? (ઇલ્યીન, મોતીલ્યોવ), (૧૪૩) સમાજવાદની રૂપરેખા (?) અને (૧૪૪) વૈજ્ઞાનિક સામ્યવાદનાં મૂળતત્ત્વો (?).

હાશ … ! આ સમૂળી યાદી વાંચતાં વાંચતાં હાશકારો હવે લાગે તે સ્વાભાવિકપણે સમજાય. આ પ્રાપ્ય ૧૪૪ નામોમાંથી પસાર થતાં, બેપાંચ અગત્યના મુદ્દાઓ સામે તરી આવે છે. મહમ્મદભાઈ માંકડ સાચું જ કહે છે : 'જેને આપણી ગુજરાતી ભાષા માટે ખાસ કશું લાગતુંવળગતું નહોતું એ સામ્યવાદી શાસકોએ, ઇતિહાસ કે અર્થશાસ્ત્રનાં પુસ્તકો સામ્યવાદના ફેલાવા માટે પ્રગટ કર્યા હશે, એમ માનીએ તો પણ, તોલ્સ્તોય, તુર્ગનેવ કે ચેખોવનાં પુસ્તકો પાછળ એવો આશય હોય એમ લાગતું નથી. દોસ્તોયેવસ્કીને તો એ લોકો પ્રતિક્રાંતિવાદી ગણતા હતા, છતાં એક સાહિત્યકાર તરીકે એનું સન્માન કરતા હોય એમ લાગે છે.' આપણો બહોળો વર્ગ રૂસી ભાષા જાણતો, સમજતો નથી ત્યારે રૂસી સાહિત્યકારોનું વિધવિધ સાહિત્ય આપણા સુધી પહોંચાડવાનો એક જબ્બર ઉપક્રમ અહીં થયો છે, તેમાં કોઈ બેમત હોઈ જ ન શકે.

અતુલ સવાણી અને સાથીમિત્રોએ અનુવાદનાં જે ઉમદા ધોરણો અપનાવ્યાં છે, તેને જોવાંતપાસવાં આવશ્યક છે. એ સૌએ ગુણવત્તાની પીઠિકા બાંધી આપી છે અને તેને તેઓ સતત અનુસરતા રહ્યાં છે. વળી, આ અનુવાદોમાં કેટકેટલા સરસ, તળપદા તેમ જ નકસીદાર ગુજરાતી શબ્દોનું ચલણ જોવા સાંપડે છે ! આથી, અનુવાદશાસ્ત્રના, કોશતંત્રના તજજ્ઞો માટે અહીં ભંડાર ભર્યો પડ્યો છે. આપણી યુનિવર્સિટીઓના ગુજરાતી વિભાગોમાં તથા ભાષાશાસ્ત્ર વિભાગોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સંશોધનનું જબ્બર સાધન આ અનુવાદે આપ્યું છે.

ગુજરાતમાં આજકાલ ભાટાઈનો નવો ચાલ રમાઈ રહ્યો છે. કોઈક રાજકારણીને નરેન્દ્ર મોદીની સરખામણી મહાત્મા ગાંધી સાથે કરવાની કોઈ મરજાદ અને છોછ અડતાંનડતાં નથી. તો ડાંગના સમાહર્તા સાહેબને મન તે, વળી, હિન્દુઓ માટે રામ, મુસ્લિમો માટે રહીમ અને ઈસાઈઓ માટે ઈસુ વર્તાય છે ! જ્યારે ગુજરાતની એક વડી યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકને તેમના વિભાગની પરીક્ષાના કોઈ પણ એક પ્રશ્નપત્રમાં, કમ સે કમ પચાસ ટકા, નરેન્દ્ર મોદી અને તેમની વિચારસરણીના જ સવાલો પૂછવાને સારુ સૂજે છે ! શું કરીએ ?! … ભાઈ મારા ! આજના ગુજરાતની આ બલિહારી છે. તેવે તેવે વખતે કેટલાકને આ લેખમાં ડાબેરી વિચારનું, ઝોકનું ડાકલું વાગતું દેખાતું ય હોય ! … કાર્લ માર્ક્સ, ઍંગેલ્સ અને લેનિનની જીવનકથા બાજુમાં રાખીએ, તો પણ આજના વિશ્વને સમજવા માટે સામ્યવાદને ય સમજવો ભારે જરૂરી છે, તેટલું સ્વીકારવું જ રહેશે. આ લાંબીલચ્ચ યાદી પર આવાં આવાં સાહિત્યની ભરપેટ સામગ્રી છે. હા, તેનો સ્વીકાર ન કરવો હોય તો ન જ કરીએ, પણ તર્કની એરણે તે સાહિત્યને ચડાવવું જ જરૂરી છે. તેમાંથી પસાર થયા વિના પાકટ બનવું સહેલ નથી.

આપણા એક વેળાના જાણીતા લેખક અને પત્રકાર દિવંગત બટુક દેસાઈએ ચીંગીઝ આઈત્માતોવની નવલકથા 'જમીલા' આપણને ગુજરાતીમાં ઉતારી આપી છે. આ યાદી પરે તેનો બાવીસમો ક્રમાંક છે. રૂસી તેમ જ કિરગિઝ ભાષામાં લખતા આ લેખકનું કિરગિઝ સાહિત્યપ્રદેશમાં મોટું સ્થાનમાન છે. સન ૧૯૫૮માં પ્રકાશિત આ સુખ્યાત નવલકથા તો પહેલવહેલી કિરગિઝ જબાનમાં જ મળે છે અને પછી રૂસીમાં. કિરગિઝસ્તાનના સમાજનું તેમાં સુપેરે વર્ણન થયું છે. ચીંગીઝ આઈત્માતોવને આ નવલકથાએ મોટી યારી આપી છે. અનેક ભાષાઓમાં તે તરતીફરતી રહી છે. અનેક માનઅકરામો ય આ સાહિત્યકારને મળ્યા છે. ક્યારેક થાય, આપણા પન્નાલાલ પટેલે 'માનવીની ભવાઈ', 'મળેલા જીવ' જેવી સીમાવર્તી નવલકથાઓનું સર્જન કર્યું છે. તેમ જોસેફ મેકવાને આપણને 'આંગળિયાત' અને 'વ્યથાનાં વિતક' જેવું ઉદ્દાત સાહિત્ય આપ્યું છે. તેમ વિદેશમાં ય અનેક લેખકોનાં કામ બોલે છે. તેની અરસપરસ સરખામણી ક્યારેક કરવા જેવી છે. અભ્યાસુઓએ આવું કામ આપવાનું વિચારવું જોઈએ. 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નાં કાર્યક્ષેત્રનું જ આ કામ છે. … જો તેમને વસે તો !

વારુ ! આઈત્માતોવની આ નવલકથામાં સ્ત્રીપુરુષ વચ્ચેની ભીષણ અસમાનતાઓની સહજ વાત છેડવામાં આવી છે. મધ્ય એશિયામાંના પરંપરાવાદી સમાજમાંની આ વાત આ એકવીસમી સદીમાં પણ ક્યારેક સામંતયુગમાં જીવતા આપણા સમાજે જાણવા સમજવા જેવી છે. આ નવલકથામાં લેખકે મુલ્લાઓનાં વલણની જેમ ભારે આલોચના કરી છે, તેમ સ્ત્રીશિક્ષણના અભાવાની ટીકાઓ ય અહીં જોવા મળી આવે છે. માણસ તરીકે

ગણના કરવા કરતાં કોઈક પ્રકારની અમાનત તરીકે જ સ્ત્રીઓની ગણના કરતા સમાજ વિશેનો ઊંડો રંજ અહીં જોવા મળે છે. વળી, એ દિવસોમાં આ વિસ્તરમાં ભારે પ્રચલિત અનેકપત્નીત્વવાદની ય વિષદ ટીકા લેખકે કરી છે. આ સઘળું 'જમીલા'માં ય જોવા નીરખવાનું સાંપડે છે. જમીલા ગ્રામ્યવિસ્તરમાં જીવતી પરણેલી સ્ત્રીની કથા છે. તેનો ધણી તો જમીલાને પ્રેમનું પ્રતીક લેખવાને બદલે માત્ર તેનો માલિકીભાવ જ અનુભવે છે. તે સરહદ પરે જ્યારે સંત્રીની ફરજ પર હતો તેવાકમાં, જમીલા કોઈક પુરુષના પ્રેમમાં પડે છે. છેવટે, બંને પ્રેમી પંખીડાં પોતાનાં ગામ, પોતાની પારંપરિક વિરાસત છાંડીને નાસી જાય છે. કિરગિઝસ્તાનના કેટલાક રાષ્ટ્રીય, સામાજિક અને સૈદ્ધાંતિક સંઘર્ષોનાં તાણાંવાણાં આ કથામાં વણાયાં છે.

ઈરાજ બશીરી શા એક અભ્યાસીના મત અનુસાર, આમ જોવા જઈએ તો 'જમીલા' ઉમ્મરલાયક બનતી સ્ત્રીની કથા છે. સૈત નામના એક ઉદ્દગાતા વાટે આ કથાનો ઉઘાડ થાય છે. પોતાની સાળી, જમીલા તેમ જ તેના સાથી, બાજુના ગામનિવાસી, ડેનિયારનું ચિત્ર તે નિહાળતા ભળાય છે. આ બંને અરસપરસ પ્રેમમાં પડે છે અને પછી ગામ છોડીને નાસી જાય છે. ૧૯૪૩ના ઉનાળામાં આ કથા મંડાય છે. સૈત વાગોળતો રહ્યો છે અને બંને મિત્રોને ઝંખે છે, જે હવે અડખેપડખે નથી. એક તરફ તેને આમુલ પરિવર્તન દેખાય છે. જે જમીલા આ સઘળું છોડીને ગઈ છે. અને બીજી બાજુ તેને વાસ્તવિક્તા ય સમજાય છે. હકીકતમાં, આ વાસ્તવિક્તા ઉભયભાવશીલતાથી સભર સભર છે.

'જમીલા'નું પહેલું ભાષાન્તર લૂઈ આરાગોને કરેલું છે. અને તે ૧૯૫૯માં ફ્રેન્ચ ભાષામાં હતું. આથી તેની નામના જગતને ચોક ફરી વળી. તે પછી તેનું અંગ્રેજી ભાષાન્તર થયાનું કહેવાય છે. રુડિયાર્ડ કિપ્લીંગની 'વર્લ્ડ્સ મૉસ્ટ બ્યુટિફુલ લવ સ્ટોરી' કરતાં ક્યાં ય વિશેષ આ નવલકથાને દુનિયાની એક સર્વસુંદર પ્રેમકથા તરીકે લૂઈ આરાગોન ઠેરવે છે. ૧૯૬૧માં 'જમીલા'ની કથાને એક ઑપેરામાં (સંગીત-નાટકમાં) વણી લેવામાં આવી હતી. વળી, તેને આધારે કેટલીક સરસ મજાની ફિલ્મો ય ઊતરી છે. ૧૯૬૩માં તેને સાહિત્યનું 'લેનિન પારિતોષિક' પણ એનાયત કરવામાં આવેલું.

પાનબીડું :

સૈતનાં આંતરમુખી પ્રબોધનનું પ્રતિબિંબ 'જમીલા'ના પહેલા ફકરામાં જ જોવાનું મળે છે. ડેનિયારે જે કંઈ તેને આપ્યું હતું, વળતાં, તેના કુરકુરેઉ નામક ગામને તે ધરવા ઈચ્છો હતો. ડેનિયારનાં માર્ગદર્શન તથા ફાળાની અસર તેથી વળી વિશેષ પાકી થાય છે. પહેલો ફકરો વાંચ્યા પછી, વાચકના મનમાં જે કંઈ સમસ્યા પેદા થાય છે તેનો ઉકેલ પણ તેમાંથી જડતો હોવાનું ભાસે છે. કેમ કે, ડેનિયારની વિધાયક અસર તળે જો સૈતનું જીવન આહ્લાદક બન્યું હોય, તો નક્કી બીજી બાજુ જીવન સંતોષકારી અને આનંદદાયી જ હોય.

સાદી ફ્રેમ વચ્ચેના નાનકડાં ચિત્રની સામે ફરી એક વાર હું મારી જાતને દેખતો થયો. આવતીકાલે સવારે હું મારે ગામ જવા નીકળીશ. અને હું તલ્લીન બની આ ચિત્રને જોતો જ રહું છું. હવે પછીની મારી યાત્રાને સારુ રખેને મને તેમાંથી કોઈ પ્રકારનું માર્ગદર્શન જડી જાય.

[The opening paragraph of *Jamila* testifies to Seit's inner enlightenment. His intention to give his village of Kurkureu what Daniyar had given him, further confirms the effectiveness of Daniyar's contribution and guidance. It also resolves the enigma with which the reader is faced after reading the first paragraph. Because, if Seit is an example of Daniyar's positive influence, then life on the other side of the tracks, too, must be rewarding and fulfilling :

[Once again I find myself in front of the small painting in a simple frame. Tomorrow morning I leave for the village, and I gaze long and intently at the canvas, as if it can give me a word of advice for the journey ahead.]

(૧૦.૦૨.૨૦૧૦)

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

होंगे कामयाब होंगे कामयाब
हम होंगे कामयाब एक दिन
हो हो हो मन मे है विश्वास
पुरा है विश्वास हम होंगे कामयाब एक दिन ॥धृ॥

होगी शान्ति चारो ओर
होगी शान्ति चारो ओर
होगी शान्ति चारो ओर एक दिन
हो हो हो मन में है विश्वास
पूरा है विश्वास होगी शांति चारो ओर एक दिन ॥१॥

हम चलेंगे साथ साथ
डाले हाथोमें हाथ
हम चलेंगे साथ साथ एक दिन
हो हो हो मन में है विश्वास
पूरा है विश्वास हम चलेंगे साथ साथ एक दिन॥२॥

नही डर किसी का आज
नहि भय किसी का आज
नहि डर किसी का आज के दिन
हो हो हो मन में है विश्वास
पूरा है विश्वास नहीं डर किसी का आज एक दिन ॥३॥

•

આ ગીત ગિરીજાકુમાર માથુરની રચના છે. કહે છે કે તત્કાલીન ભારતીય વડા પ્રધાન ઈન્દિરા ગાંધીની સૂચનાએ આ ગીતને હિન્દીમાં કંડારવામાં આવેલું. વળી, કોઈક હિન્દી ફિલ્મમાં ય તેનો વપરાશ થયાનું કહેવાય છે. ભારતભરમાં પ્રખ્યાત બનેલું આ ગીત રાષ્ટ્રગીત સ્તરનું લેખાતું આવ્યું છે. મૂળે, અહીં નીચે આપ્યા, 'વી શેલ ઑવરકમ …'નું તે રૂપાંતર છે.

We shall overcome
We shall overcome
We shall overcome some day

Oh, deep in my heart
I do believe
We shall overcome some day

We'll walk hand in hand
We'll walk hand in hand
We'll walk hand in hand some day

We shall all be free
We shall all be free
We shall all be free some day

We are not afraid
We are not afraid
We are not afraid some day

We are not alone
We are not alone
We are not alone some day

The whole wide world around
The whole wide world around
The whole wide world around some day

We shall overcome
We shall overcome
We shall overcome some day

જગત ભરમાં પ્રખ્યાત આ ગીત - 'વી શેલ ઑવરકમ …' ભૂતકાળની ઝંખના કરતી કંઈ કેટલી ય યાદોની પોઠો લઈને આવી ચડે છે. ચાર્લ્સ ટિન્ડલીના ગોસ્પેલ ગીત - 'આઈલ ઑવરકમ સમ ડે'(૧૯૦૦)માંથી ઊતરી આવેલું આ ગીત છે. અમેરિકામાં મુલકી યુદ્ધ ફાટી નીકળેલું તે પહેલાંના વખતમાં જાણીતાં

સંવેદનશીલ સપનાની અદ્‌ભુત કામગીરી

• પન્ના રમેશ શાહ

બત્રીસ વર્ષની પન્ના અને રમેશ, ૧૯૮૪માં, બીજી વાર માતાપિતા બનવાનું સૌભાગ્ય પામ્યાં. તેમને ત્યાં છ વર્ષના ધ્રુવ પછી એક સુંદર પુત્રી જન્મી. કુટુંબના ચોરસનો ચોથો ખૂણો ભરાઈ ગયો. પન્ના અને રમેશ તથા નાનકડો ધ્રુવ ખૂબ આનંદમાં હતાં. પુત્રીનું નામ રખાયું સપના.

મા-દીકરી : સપના ને પન્નાબહેન શાહ

પરંતુ કુદરતને નાનકડા કુટુંબની ખુશી કદાચ મંજૂર નહોતી,. જાણે કે તેમની કસોટી કરવાને કુદરતે તૈયારી કરી. ચાર મહિનાની સપના બીમાર પડી. ચેસ્ટ કન્જેશન થઈ ગયું. એન્ટીબાયોટિકના કેટલા ય કૉર્સ છતાં કોઈ ફરક જણાયો નહોતો. દાક્તરની ફેરબદલી ય કરી જોઈ. અનેક નિદાનો લેવાયાં. ડૉક્ટરે સપનાને જોઈને જ નિદાન કરી લીધું. આમ છતાં, તેમણે અમુક બ્લડ ટેસ્ટ કરાવવાનું કહ્યું. બ્લડ ટેસ્ટનો રિપૉર્ટ આવ્યો તે દિવસ અને સમય મને આજે પણ બરાબર યાદ છે. હોય જ ને ? રિપૉર્ટ સૂચવતો હતો કે અમારી લાડલી પુત્રીને 'સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોફી' છે. અને તેની સારવાર કરવા છતાં તેને મટાડી શકાય તેમ નથી. જાણે સોપો જ પડી ગયો.

આ રોગમાં દરદીના સ્નાયુઓ નબળા હોય છે અને તે કોઈ જાતનું હલનચલન કરી શકતા નથી. ઉપરાંત, આ 'જિનેટિક ડિસોર્ડર' છે. 'મારે માથે આભ તૂટી પડયું' - ઉક્તિનો અર્થ બેધડક અમને, માતાપિતાને બરાબર સમજાઈ ગયો. અને તો ય માથે હાથ દઈ બેસી રહેવાય તેમ પણ નહોતું. આઠ મહિનાની સપનાને અમે ભારત લઈ ગયાં. ત્યાં પણ કેટલાંયે ટેસ્ટ થયા; બાયોપ્સી ય થઈ. નાઈરોબીના આ પહેલાંના દરેક રિપૉર્ટને આ નવા રિપૉર્ટે સમર્થન આપતા હતા. ડૉક્ટરે દિલાસો આપતાં કહ્યું કે જે છે તેને સ્વીકારીને જીવવાનું શીખી લો. આવા દરદીની જિંદગી છ મહિનાની પણ હોય અને સાઠ વરસની પણ હોઈ શકે. અમારી દીકરીની જિંદગી કાયમી વ્હીલચેરમાં બંધાઈ જશે, તે વિચાર માત્રથી મા તરીકે મને કમકમાં આવી જતા હતાં.

અને તેમ છતાં, મા તરીકે મેં હિમ્મત ન જ હારી. કોમળ અને નાજુક મમ્મીએ દૃઢ મનોબળથી 'મિશન સપના'નો આરંભ કર્યો. પીર, બાવા, ફકીર, માતાજી અને બીજી બાજુ ફિઝિયોથૅરપિ, મેગ્નેટ થૅરપિ, રેકી, રિફ્લેક્સોલોજી, કોસ્મિક એનર્જી અને પ્રાર્થના. આવા દરદથી પીડાતાં બાળકો બોલી પણ નથી શકતાં, પરંતુ અમારા સદ્‌ભાગ્યે સપના બોલતી હતી. માતાપિતાની સતત કાળજીને લીધે તે જાતે ખાતી પણ થઈ. તેનું મગજ બરાબર કામ કરતું હતું. અઢી વર્ષે તે નર્સરીમાં ગઈ. બીજાં બાળકોની જેમ જો કે તે હરીફરી શકતી નહીં. વ્હીલચેર અને એલિસ નામે આયા તેનાં પૂરા સમયનાં સાથીદારો રહ્યાં. અઢી વરસની સપના. તેની સારસંભાળ, તેની સારવાર લેવાની અને તેનાં શિક્ષણની ખાસ સંભાળ લેવાની. તે વચ્ચે કૌટુંબિક તથા સામાજિક જવાબદારીઓમાં પણ ક્યાં ય પીછેહઠ કરી નહોતી. દરેક બાજુ કચાશ ન રહી જાય તેનું અમે ધ્યાન રાખતાં. આજે દેખાય છે કે યંત્ર કરતાં વિશેષ કાર્યક્ષમતાથી કામ કર્યું હતું. રમેશને સ્વાભાવિક ધંધામાં વિશેષ ધ્યાન આપવાનું રહેતું. આથી બહુધા જવાબદારીઓ મારે શિરે આવતી. અનેક રાતો જાગીને અમે વિતાવી હશે. ટૂંકામાં, અમારી બન્નેની અંગત જિંદગી હવે માત્ર 'સપના'મય બની ગયેલી. અમે બન્ને સાથે બહાર પણ જઈ શકતાં નહીં.

આમ છતાં, હકારાત્મક અભિગમને કારણે તેમ જ સપનાના અસાધારણ ગુણોને લીધે સપના મિત્રોમાં, સહાધ્યાયીઓમાં, પાડોશીઓમાં તથા સગાં સંબંધીઓમાં ખૂબ જ માનીતી બની ગઈ. સપના ક્યારે ય કોઈની ઈર્ષા ન કરે, ફરિયાદ પણ ઓછી કરે. તેના દિલમાં બધાં માટે પ્રેમ, કરુણા અને સહાનુભૂતિ રહેતાં. પોતાની તકલીફ માટે ભાગ્યે જ તે કચવાટ કરતી. આ સંવેદનશીલ છોકરીએ જોતજોતામાં નર્સરીથી હાઈ સ્કૂલ સુધીનું શિક્ષણ પૂરું કર્યું. કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. તેને લૉ સાથે સાઈકોલૉજી કરવું હતું. પરિણામે, બે જુદી જુદી કૉલેજોમાં સાથે પ્રવેશ લીધો. નૉર્મલ વ્યક્તિઓ માટે ય બે ડિગ્રીઓ સાથે કરવી અઘરી થાય, તો સપનાને માટે ક્યાં ય વધુ મુશ્કેલીઓ આવે. સપના તો જાતે લખી પણ શકતી નહોતી. કૉલેજના ક્લાસ પણ ખાસ વિનંતી કરીને એવી જગ્યાએ ભરવા પડે જ્યાં સરળતાથી વ્હીલચેર લઈ જઈ શકાય. કદાચ આ ફેરે કુદરત તેની તરફેણમાં હતી. આથી દરેક અવરોધ સહેલાઈથી દૂર થઈ ગયા. સાઈકોલૉજીની પરીક્ષાઓ પૂરી થઈ; હવે ડિગ્રી મળવાની હતી. પણ કુદરત હજુ વધુ કસોટી કરવા ઈચ્છતી હશે. એપ્રિલ ૨૦૦૬માં સપના ફરી વાર બીમાર પડી. દવાથી કોઈ ફેર પડતો હોય તેમ જણાતું નહોતું. ડૉક્ટર અને દવા બદલાવી જોયાં પણ પરિણામ શૂન્ય. સપના જે કંઈ ખાતી તેનું લોહી બંધાતું જ નહીં, તેનો કફ જ થઈ જતો. એવું લાગતું હતું કે જાણે કે તેના શરીરમાં કોઈ અતૃપ્ત આત્માએ પ્રવેશ ન કર્યો હોય. સપનાનું માથું અને શરીર એવી રીતે ધ્રૂજે કે હમણાં બન્ને જાણે કે છૂટાં પડી જવાનાં ન હોય. એક દિવસ તો સપનાએ કહી પણ દીધું કે હવે તેનો જવાનો સમય થઈ ગયો છે. હું જાઉં છું. હિતેચ્છુઓ અને સગાંઓ છેલ્લીવાર મળવાં ય આવવા લાગ્યાં. અને બીજી બાજુ, બધાં પ્રાર્થના ય કરતા હતાં. સપના સાથે માવતર તરીકે અમારી બન્નેની ય કસોટી થઈ રહી હતી. હિમ્મત, ધીરજ, સમતા અને સહિષ્ણુતા કેળવ્યા વિના ચારો જ નહીં. મેં કમ્મર કસી, હું સાબદી બની. જેણે જેણે જે જે ઉપાયો સૂચવ્યા તે તે શ્રદ્ધાપૂર્વક કરતી રહી. ધીમે ધીમે સપનાને સારું થવા લાગ્યું. વર્ષના બ્રેક પછી, ફરીથી તેણે રહી ગયેલી બીજી ડિગ્રી મેળવવા ભણવાનું ચાલુ કર્યું. અને તે પાસ પણ થઈને રહી.

યુનિવર્સિટીના ચાન્સેલરને હાથે 'બેચલર ઑવ્ લૉ'ની ડિગ્રી મેળવતી સપના

મારા પર આ કસોટીઓની આડ અસર કહો તો આડ અસર અને પુરસ્કાર માનો તો પુરસ્કાર એ આવ્યો કે હું હવે અડધી દાક્તર જ બની ગઈ ! રસોઈકામમાં અને કળાકારીગીરીમાં તો હોંશિયાર હતી જ, તેની જોડાજોડ દરેક દરદ, તેનાં લક્ષણો જાણવા અને તેની ઘરગથ્થુ સારવાર કેમ કરવી તેની ગડ બેસતી થઈ. તેનો લાભ હવે ચોપાસનાં આડોશી પાડોશી પણ લેતા થયાં.

સાતેક વરસ પહેલાં ઘઉંના જવારાનો રસ સપનાને આપવાનો મેં શરૂ કરેલો. તેનાથી સાંધાના

બનેલાં ૧૯મી સદીના ભક્તિભાવ ભરેલાં ગીત, 'નો મોર ઑક્શન બ્લોક ફોર મી'ના પહેલા અને આખરી અંતરાની અસર પણ તેમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. ટેનેસી રાજ્યના નોક્સવિલ નગરમાં આવી પેલ્લિસિપી સ્ટેટ ટેકનિકલ કમ્યુનિટી કૉલેજના પ્રાધ્યાપક ડોનેલ કિંગના મત અનુસાર, આ ગોસ્પેલ ગીતમાંથી 'હાયલેન્ડર રિસર્ચ એન્ડ એજ્યુકેશન સેન્ટર' માટે ગાય કેરાવાન, કેન્ડી કેરાવાન તેમ જ બીજા બેચાર લોકોએ અનુસરણ કરેલું છે. આ કેન્દ્ર નોકસવિલ પાસે હાલે અસ્તિત્વમાં છે.

અમેરિકાના 'સિવિલ રાઈટ્સ' આગેવાન દિવંગત માર્ટિન લ્યૂથર કિંગે આ 'વી શેલ ઑવરકમ …' ગીતનો, પોતાના આંદોલન માટે, ધ્વનિગીત તરીકે બહોળો ઉપયોગ કરેલો.

પ્રેષક : પુષ્પાબહેન નરહરિ જાની

દુખાવાને રાહત મળે છે અને રોગના પ્રતિકારની શક્તિને અજબગજબની તાજગી મળી રહે છે. ઘઉંના છોડ હું બજારમાંથી ખરીદી નથી કરતી, એ તો ઘરના વાતાવરણમાં કૂંડામાં તેનું હું વાવેતર કરું છું. અને આમ દરરોજ તાજેતાજો રસ જ સપનાને આપું છું.

સ્થાનિક અખબાર "ઈસ્ટ સ્ટેન્ડર્ડ"નાં પ્રતિનિધિ, લીનસ્થર મુરેઉ, વચ્ચે, છાપા માટે હેવાલ લેખ કરવા માટે ઘેર આવેલાં. તે લખતાં હતાં :

'તેની મુલાકાત લેવા માટે ગઈ ત્યારે સપના ટેલિવીઝન જોયા કરતી હતી. અને લાગલા જ અમારું સ્વાગત કરતી વેળા તેના ખડખડાટ હાસ્યથી જાણે કે આખો ય ઓરડો ઝગામગા થઈ ગયો. તેનાં માવતર અડખેપડખે જ હતાં. અને પછી થોડી વારે તેના પિતાએ રજા લીધી. કહે, મારે દુકાન સાંચવવા જવું પડશે. તેમની દુકાન બાજુમાં જ છે. હજુ તો અડધો જ સમય વીત્યો હશે પણ હું તો સપનાનાં વ્યક્તિત્વથી અંજાઈ જ ગઈ છું. તે આટઆટલી બીમાર છે તેની ગંધ સુદ્ધાં વાતાવરણમાં નહોતી. તે વચ્ચે અમે ફોટા લેવા માંડયા. અને તેણે અમને રોક્યાં કેમ કે તેનાથી પીડા સહી જતી નહોતી. અને પછી તે અમને સમજાવતી રહી કે કાનૂનનો અભ્યાસ કરવા માટે તેણે કેવી કેવી મહેનત કરેલી. ક્યારેક અસહ્ય પીડાને કારણે વર્ગમાં તે જઈ પણ શકતી નહોતી. તેના સ્નાયુઓની વેદનાને લીધે ક્યારેક મહિનાઓ સુધી તેને ઘરમાં જ રહેવાનું થતું.'

'યુનાઈટેડ સ્ટેટ્સ ઈન્ટરનેશનલ યુનિવર્સિટી'ના પદવીદાન સમારંભમાં ૧૯ ઑગસ્ટ ૨૦૦૬ના દિવસે તે ગયેલી; અને તે અવસરનાં કેવાં કેવાં સંભારણાં અમને છે. સપનાનું નામ બોલાયું, તે વ્હીલચેરમાં બેઠી દાખલ થઈ અને ચોમેર આનંદવિભોરનો પડઘો સતત ચકરાતો હતો. તે મોટા ખંડમાં આશરે છ હજાર લોકો હતા. સૌએ ઊભા થઈ તાળીઓના ગડગડાટ વચ્ચે સપનાનું અભિવાદન કરેલું. આ દૃશ્ય ક્યારે ય ભૂલી ન શકાય. સપના કહેતી હતી : 'લાંબા અરસાથી આ દિવસની મને ઝંખના હતી. યુનિવર્સિટીના પહેલા જ સેમેસ્ટરમાં જ હું પાછી પાની કરવાનું વિચારતી હતી. પરંતુ મને રાબેતા મુજબની જિંદગી જીવવાના સતત ઓરતા રહ્યા હતા.'

સપના કહેતી હતી : જ્યારે હું યુનિવર્સિટીમાં દાખલ થઈ ત્યારે મારા સિવાય કોઈ જ વિકલાંગ હતું નહીં. તદ્દન નવો અનુભવ સૌને હતો. વાતાવરણ યોગ્ય કરવા સારુ વિકલાંગોને સમજવા માટે વિદ્યાર્થીઓનું એક મંડળ શરૂ કરેલું. તેનું નામ રાખ્યું : 'પડકારો ઝીલતાં માણસો'. વર્ગમાં દરેક પ્રકારની મને સહાય મળી રહે તે માટે વહીવટકારોએ તંત્રવ્યવસ્થા ઊભી કરી આપી. મારું લખાણ પણ કોઈક ટાઈપ કરી આપતું. દરેક સવાલને આમ સામાજિક અને મનોવૈજ્ઞાનિક સરાણે ચડાવી ઉકેલ સમજવાની મેં કોશિશ જ કરી છે.'

નાઈરોબીની ઘણી શૈક્ષણિક સંસ્થાઓમાં, તેમાં ય ખાસ કરીને પ્રાથમિક શાળાઓમાં, તેને આરંભે જાકારો મળેલો, તે વિશે ય સપનાને બળાપો છે. આશા રાખીએ કે હવે ત્યાં પણ સમજણ જાગે.

એકાદા મહિનાથી સપનાએ 'કેન્યા સ્કૂલ ઑવ્ લૉ'માં જવાનું શરૂ કર્યું છે. એક વરસનો આ અભ્યાસક્રમ છે. તે પછી તે કોઈ વરિષ્ટ વકીલ સાથે રહીને છ મહિનાનો અનુભવ મેળવશે. અને પછી પોતાના ખુદના સપના અનુસારની યાત્રાનો તે પોતે જ આરંભ કરશે.

સપનાની 'નેની', એલિસ વાનૂઝાનો તેને સક્રિય સહકાર રહ્યો છે. એલિસ સતત તેનો પડછાયો બનીને રહી છે. જ્યાં સપના હોય, ત્યાં એલિસ હોય જ.

હવે ફરી એક વાર બધું તેના સહજ ક્રમમાં ચાલે છે. ભાઈ ધ્રુવ ડેન્ટિસ્ટ બની ગયો છે અને તેની જિંદગીમાં ઠરીઠામ થયો છે. તેના લગ્ન થઈ ગયાં છે. સપનાનાં બીજાં મિત્રો ય યોગ્ય પાત્ર શોધીને ગોઠવાતાં જાય છે. ત્યારે મારાંમાંનું માતૃત્વ પોકારે છે – શું મારી દીકરીને પણ આ યૌવનસહજ ઝંખના નહીં થતી હોય ? સંવેદનશીલ અને ઊર્મિશીલ સપના એકલી પડી જશે તો ? આનો જવાબ કે ઉકેલ અમારી પાસે નથી; પરંતુ પરમશક્તિમાં શ્રદ્ધા રાખીને અમે બન્ને જીવીએ છીએ. કુદરત પાસે તેનો સચોટ સહજ ઉકેલ પણ હશે. જે દિવસ જેવો ઊગે તેવો તેનો સ્વીકાર કરવો, એ તેનો જીવનમંત્ર છે. તેનો સ્વીકાર કરતા થયા છીએ. અને આપણે સૌ પણ સપનાને શુભેચ્છા આપીએ કે તેને હવે દુ:ખદ નહીં, પણ સુખદ આશ્ચર્યનો સામનો કરવાનું સદ્ભાગ્ય મળજો.

[Post Box Number 69975 code 00400 NAIROBI, Kenya]
e.mail : rmshah1952@hotmail.com

પરિવાર કમ્યુનિકેશન્સ

"ઓપિનિયન"ના 'સંકેલો' અવસરમાં

સહભાગી થવા આપ સૌને સહૃદય નોતરે છે

રવિવાર, ૨૮ માર્ચ ૨૦૧૦

સવારે ઠીક ૧૦.૦૦ વાગ્યાથી મોડી સાંજ લગી

બે ટંક ચા-પાણી તેમ જ બપોર સાંજ પ્રીતિ ભોજનની સોઈ-સગવડ

-: સ્થળ :-

એડન દેપાળા મિત્રમંડળ સભાખંડ

67A, Church Lane, East Finchley LONDON N2 8DR

કાર્યક્રમ રૂપરેખા :

સવારે 10.00 થી 12.00

"વિલાયત પણ હવે 'અમરધામ અભિમુખે' ('પ્રૉમિસ્ડ લૅન્ડ') રહ્યું નથી !"

• જાહેર વાદ - સંવાદ •

પ્રથમ વક્તા : ડૉ. પંચમભાઈ શુક્લ

સંચાલન : શ્રી સુષમાબહેન સંઘવી

સમાપન ઇ. : ડૉ. ફારૂકભાઈ ઘાંચી

•

બપોરે 1.30 થી 4.30

ત્રીજો વિકલ્પ : 'હિન્દ સ્વરાજ્ય'

- : વક્તા : -

• ડૉ. ઉષાબહેન ઠક્કર • ડૉ. રોહિતભાઈ બારોટ

• ડૉ. સુદર્શનભાઈ આયંગર • શ્રી કાન્તિભાઈ શાહ

સંચાલન : લૉર્ડ મેઘનાદભાઈ દેસાઈ

સમાપન ઇ. : શ્રી આશાબહેન બૂચ

•

સાંજે 5.00 થી 7.30

વાચક સભા

• સન્માન •

'વણઝારાની રઝળપાટ'નાં પંદરપંદર ચોમાસાં : શ્રી વિપુલ કલ્યાણી

સંભારણાંની વાટેઘાટે

અતિથિ વિશેષ : લૉર્ડ નવનીતભાઈ ધોળકિયા

સંચાલન : શ્રી હસમુખભાઈ માણેક

સમાપન ઇ. : શ્રી હિમ્મતભાઈ જગાણી

ગુફ્તગૂ –

તિલક કરે ...

• કનુભાઈ સૂચક

ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૫માં અધિવેશનમાં જવાનું નક્કી કર્યું એ આમ તો અકસ્માત જ હતો. ખેર, પૂર્વ સંધ્યાના મુશાયરામાં પણ પહોંચી ગયા. નયન દેસાઈના સંચાલનમાં કવિગણે પોતાની રચનાઓનું પઠન કર્યું. જેમાં કેટલાંકને નયનભાઈએ સમર્થ કવિ કે સાહિત્યકાર તરીકે ઓળખાવ્યાં તેમાં રાજેન્દ્ર પટેલ અને રઘુવીર ચૌધરીનો સમાવેશ થયો. સાહિત્ય પરિષદના મંચ પરથી એ કહેવાયું હોય ત્યારે એ સત્ય જ હોય. સુરેશ દલાલની અનુપસ્થિતિમાં તેમણે કવિતા છાપવામાં કરેલાં છબરડાં અંગે કટાક્ષ કરાયો. તે પણ ગુજરાતી સાહિત્યની માતૃસંસ્થાના અને પ્રવક્તા તરીકે તેના અધિકાર ક્ષેત્રમાં જ આવે.

બીજે દિવસે બપોરે દોઢ કલાકે વરાયેલા પ્રમુખ ભગવતીકુમાર શર્મા અને ગુજરાતી સાહિત્ય પરિષદ અને નવસારી નગરના સદભાગ્યે પ્રાપ્ત મુખ્ય મહેમાન અનન્ય સાહિત્ય પ્રતિભા મહાશ્વેતા દેવીનું દબદબાપૂર્વક સ્વાગત થયું. એ પછી અધિવેશનનો ઉદઘાટન સમારંભ બપોરે ત્રણથી સાંજના છ વાગ્યા સુધી ચાલ્યો. હવે આ સમયનાં પ્રવચનો અંગે થોડી વાત કરીએ.

નિવૃત્ત થતા પ્રમુખ નારાયણભાઈ દેસાઈએ તેમના કાર્યભારની સોંપણી કરી દીધા પછી તેમણે કશું કહેવાનું ન હોય, તેવો પરિષદનો ઉપક્રમ હશે. યોગ્ય જ હોય ને ? “પરબ”ના છેલ્લા અંકમાં લખતાં નારાયણભાઈ લખે છે: 'વરાયેલા પ્રમુખને જવાબદારી સોંપતા પહેલાં (- જો કે પછી -) નિવૃત્ત પ્રમુખને બોલવા સારુ સાત મિનિટ ફાળવાઈ છે.' ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખના પ્રમુખ કોણ હશે ? કનૈયાલાલ મુનશીની નવલકથાનો નાયક કોણ ? મુંજાલ કે સિધ્ધરાજ ? આજે પણ નિરુત્તર છે. ગુજરાતી પરિષદના સર્વેસર્વા કોણ ? સવાલ નિરુત્તર છે.

નારાયણભાઈ બધામાં સદંશને ખોળતાં માણસ છે. ૮૫ વર્ષની તેમની આયુયાત્રા આદર્શના પર્યાય સમી છે. અનુભવમાંથી પ્રગટ તેમની વાણીમાં સચ્ચાઈનો રણકાર છે. તેઓ વધુમાં લખે છે : 'ગુજરાતી સાહિત્યકારો આજે મળે છે એના કરતાં વધુ મળે, મોટા સાહિત્યકારો પોતપોતાના કિલ્લામાં ન રહે, પોતાના અનુભવોની લહાણી કરે અને નવા સાહિત્યકારોને અનુપ્રમાણિત કરે.' તેમના પ્રમુખકાળ દરમિયાન સાહિત્યયાત્રાઓએ જનસંપર્કનો માર્ગ બતાવ્યો છે. આ ઉપરાંત તેમણે કેટલાંક સૂચનો પણ કર્યા છે. અસ્વસ્થતાને કારણે સાત મિનિટ કરતાં પણ ઓછા સમયમાં તેમના વતી તેમનું પ્રવચન કોઈએ વાંચી આપ્યું.

મહાશ્વેતા દેવી પ્રત્યક્ષ અનુભવની એરણ પર ટીપાઈ શબ્દમાં ઉતરતી અનુભૂતિનાં લેખક છે. તેમની વાણીમાં નીતરતું નવનીત અમૃતનો આસ્વાદ છે. તેમનાં મનનીય પ્રવચન પછી, તેમને સંપૂર્ણ સભાએ ઊભા થઈ, તાળીઓના ગડગડાટથી વધાવી, યોગ્ય પ્રતિસાદ આપ્યો.

'વિનમ્રતા એ મારો સ્થાયી ભાવ છે.' કહેનારા ભગવતીભાઈના નબળાં શરીરમાં બળવાન આત્મા વસે છે. તેમના પ્રવચન અને વ્યવહારમાં એ સ્પષ્ટ દેખાતું હતું. 'પ્રાપ્ત કર્તવ્ય, નિષ્ઠાથી બજાવવાની મારી પ્રકૃતિ છે.' –ની નરવા અવાજમાં ઘોષણા કરી. તેમણે પોતાનું વક્તવ્ય આપ્યું તેમાં પરિષદ અંગે તેમના ચિંતનની કણિકાઓ અને હકીકતો અહીં પ્રસ્તુત છે :

૧: આઠ વર્ષ પહેલાં રઘુવીરભાઈને પ્રમુખપદની ઇચ્છા હતી તેથી ભગવતીભાઈ ખસી ગયા.

૨: રાજકીય સંસ્થાઓની જેમ સાહિત્યની સંસ્થાઓમાં પણ તેના આંતરિક લોકશાહીના જતન માટે શાશ્વત્ સાવધાની - eternal vigilance અનિવાર્ય છે. આવી સંસ્થાના સર્વ સ્તરનાં અંગભૂતોનો ધ્યાનમંત્ર બનવો જોઈએ.

૩: પરિષદ હવે લોકતાંત્રિક જ નહિ, સાહિત્યસંદર્ભે લોકસમર્પિત સંસ્થા પણ છે. આથી એના સંચાલન અને વ્યવસ્થાપનમાં સંપૂર્ણ પારદર્શિતા અપેક્ષિત હોય જ.

૪: લોકપ્રિય કૃતિ સાહિત્યગુણથી રિક્ત જ હોય તેવી ગ્રંથિમાંથી આપણે મુક્ત થઈ જઈએ. છેવટે તો સાહિત્યમાં જીવન જ સર્વોપરી અને સર્વતોભદ્ર બનવું જોઈએ. સાહિત્યને કેવળ 'પાંચ-સાત શૂરાનો જયકાર' જેવી સીમિત - કુંઠિત પ્રવૃત્તિ ન બનવા દઈ શકાય.

૫: ' .. .. છતાં કશુંક ખૂટે છે' તે આપણા સાહિત્યને આંશિક સ્થગિતતા ભણી દોરી રહ્યું હોય એવું તો નથી બન્યું ને ?

૬: સમગ્ર વાયુમંડળને ઝળહળાવી મૂકે એવા કોઈ પ્રાણવાન સર્જકની ફરીથી પ્રતીક્ષા કરવાનો આ સમય હોય એમ લાગે છે.

૭: પરિષદના અક્ષરાંકન પ્રતીકમાંથી 'અમદાવાદ' શબ્દ દૂર કરાયો તેને હું પરિષદનાં સર્વગ્રાહી વિસ્તરણનો એક શુભ સંકેત માનું છું.

ભગવતીકુમાર શર્માનાં વક્તવ્યમાં તેમની વ્યવહારબુધ્ધિ અને વિવેક બન્નેનાં દર્શન થાય છે. એમણે પરિષદ, સભ્યો, સાહિત્યકારો, પરિષદના પદાધિકારીઓ અને સામાજિક અભિગમ એ સર્વ અંગે લગભગ કંઈ પણ ચૂકયા સિવાય સાચી અને પેટછૂટી વાતો કરી છે. જ્યાં કહેવું જરુરી છે તેમને વાત તો પહોંચી પરંતુ તે રીઢા કર્ણપટલો પાસે.

પરિષદના મકાનનો - પ્રોપર્ટીનો - વર્ષો સુધી મ્યુનિસિપાલિટીનો ટેક્સ ભરાયો નહિ. ખબર નહિ ક્યા મહાનુભાવનો તર્ક હતો કે ગુજરાતી પ્રજાને સંસ્કૃત કરવાનો સંસ્થા ભગીરથ પ્રયાસ કરતી હોવાથી સરકાર અને આનુષંગિક સંસ્થાનો સમજે છે કે બીલો મોકલતાં ભલે છતાં ઉઘરાવશે નહીં. વાહ ભાઈ વાહ ! વિવેક પોદ્દાર નામના સદગૃહસ્થે, એક સરકારમાં પદાધિકારી સાહિત્યકારના બોલને માન આપી કર ભરી દીધો. રકમ માત્ર ૨૫ લાખ આજુબાજુ. વિવેકભાઈનો તર્ક પ્રસંશનીય હતો. જે ભૂમિએ મને સમૃધ્ધ કર્યો છે તે બદલ નાનકડું આ તર્પણ છે. પારદર્શક વહીવટમાં માનતાં ભગવતીભાઈએ આ અંગે ખુલાસો પૂછયો ત્યારે કહેવામાં આવ્યું કે તમે તો ફાયદામાં છો કે બોજ રહિત પરિષદના તમે પ્રમુખ થયા છો. કેમ અને શા માટેની ચિંતા તમે છોડો ને. સંસ્કૃતમાં કહ્યું છે - ગતંમ ન સોચન્તિ પંડિતા: વ્યાપારી પેઢીના વ્યવસ્થાપક જેવો આ વાણી વૈભવ ભગવતીભાઈ સમજ્યા હશે ? કદાચ પ્રથમ પદાર્થપાઠ.

નવા વહીવટી મંત્રી રાજેન્દ્ર પટેલ બહુ કુશળ વહીવટકર્તા છે એવું સાંભળ્યું છે. સરસ માણસ છે. પરિષદમાં કેટલી લોકતાંત્રિક પ્રક્રિયાથી કાર્ય થાય છે તે સમજાવતાં અને તેના આંકડાઓ આપતા જાહેર કરે છે કે આ વખતે મધ્યસ્થ સમિતિમાં અને કારોબારીમાં બહારનાઓનું પ્રતિનિધિત્વ વધાર્યું છે. રાજેન્દ્રભાઈ, બહારના એટલે કોણ અને અંદરના એટલે કોણ ? અને એક વધુ વર્ગ પણ છે. કાયમના કોણ કે સાવ અંદરના કોણ ? પ્રતીકમાંથી ભૂંસાયેલો પેલો શબ્દ 'અમદાવાદ' અંતરમાં હજી પણ સંઘરાયેલો છે. મધ્યસ્થ સમિતિમાં બધાંને બોલવા દેવામાં આવે છે તે લોકતાંત્રિક વ્યવસ્થા-પરંપરા શું છે, અને એ જ પ્રમાણે કરવું જોઈએ તે શબ્દોનો આખરી અમલ. વાઘની બોડમાં હાથ કોણ નાખે ? - તેમ કહી મધ્યસ્થ અને કારોબારીના સભ્ય આ શબ્દો બોલનારાનું નામ આપતાં નથી. સમજી શકાય તેવું છે.

પરિષદને સૂચનો કરવાથી આગળ ન વધી શકતા પૂર્વપ્રમુખોની વેદના ઘણા બધાં જાણે છે. ભગવતીભાઈના વક્તવ્યની પુસ્તિકાના પાન નંબર ૨૦થી ૨૫ દરેક પદાધિકારી અને અડ્ડો જમાવી બેઠેલા વાંચશે તો તેનું લક્ષણા મૂલ્ય સમજાશે. ધીરુબહેન પટેલ, કુમારપાળ દેસાઈ અને નારાયણભાઈ દેસાઈ જેવાં પૂર્વ પ્રમુખોના વક્તવ્યોમાં, ઉચ્ચારોમાં પણ પરિષદમાં ઘર કરી બેઠેલાં આ અનિયંત્રિત સત્તા સ્થાનો તરફ આક્રોશ છે. બળવો લાગે તેવું કોઈ બોલ્યું નથી. પરિષદનો ઉજળો ઇતિહાસ છે. તેનાં ધ્યેયો ઉત્તમ છે. પૂર્વ પ્રમુખોની નામાવલી જોતાં જ પ્રતિભાવંતોથી તે આદરણીય છે. તેથી શું ? બદલાતાં પ્રવાહો સાથે માળખાકીય ફેરફારો જરૂરી છે. ગુજરાતી ભાષા વિશે વ્યક્ત થતી ચિંતા સભામંચો સુધી જ સીમિત બની ગઈ છે.

ક્રાન્તિકારી પરિવર્તનનો સમય આવ્યો છે. પરિષદનાં માળખાને સમવાયી બનાવી ગામડે ગામડે, નગરે નગરે, દેશ-વિદેશે સંસ્થાઓ અને શાખાઓને પરિષદે બંધારણીય રીતે સંકલિત કરવી જોઈએ. સમિતિ સભ્યો,

પદાધિકારીઓ સામાન્ય સભામાં ચૂંટાવા જોઈએ. પ્રમુખ અંગે જરૂર જણાયે જુદી જોગવાઈ કરી શકાય, જેથી પદની ગરિમા જળવાય. કાર્ય ધોરણો પ્રમાણિત કરી સારું કાર્ય પુરસ્કૃત કરી શકાય. માર્ગદર્શિત સિધ્ધાંતો માટે ઉદાહરણ રૂપ બંધારણો ઉપલબ્ધ છે.

લાખોના ખર્ચે પરિષદની બેઠકની ફલશ્રુતિ કેટલી ? કે તેનું પરિમાણ કેટલું ?

૧લો દિવસ: ઉદ્ઘાટન સમારંભ: ફૂલહાર અને વક્તવ્યો.

૨જો દિવસ: સર્જન વિભાગ: ગુજરાતીમાં નિબંધ સ્વરૂપ અને વિકાસ. સારી રજૂઆત. કંઇક વિશેષ પામ્યાં - જાણ્યાની સંતોષાનુભૂતિ થઈ.

વિવેચન: સંશોધન વિભાગ - સંશોધન નામે શૂન્ય: અધ્યાપકોના સંકલનો. અધ્યક્ષાએ પરિષદની કાર્ય કરવાની રીત પર ટીકા કરી અને પોતાના પસંદગીના વિવેચક તરીકે રઘુવીર ચૌધરીની સતત પ્રસંશાફૂલોથી પૂજા કરી. અને સુમન શાહ અને સિતાંશુ યશશ્ચંદ્ર પર પ્રહારો કર્યા. નામ પ્રમાણે વીજળી જેમ ત્રાટકવાથી તાળીઓ મળી, પરંતુ અસંતુલિત રજૂઆત.

ત્રીજો દિવસ: પારસી જગતના માનનીય રૂઈનતન, યઝદી અને જાલે અભ્યાસપૂર્ણ અને લગભગ શુધ્ધ ગુજરાતીમાં સાહિત્ય ક્ષેત્રે પારસી પ્રદાન, નાટ્યક્ષેત્રે પ્રદાન અને કવિતામાં પારસી કવિઓનાં પ્રદાનની અભ્યાસપૂર્ણ રજૂઆત કરી. મજા આવી.

દશ મિનિટમાં થોડાં ઠરાવો અને ભગવતીભાઈનું મનનીય સમાપન. આભાર વિધિ. આભારની માત્રા એટલે વધી ગઈ કે દરેક વક્તા આભાર માને અને પછી મંત્રીઓ અને સંત્રીઓ પણ આભાર માને !

આખાએ કાર્યક્રમમાં ઊડીને આંખે વળગે તેવી યજમાન 'બાનો ભીખુ સાહિત્ય પ્રસાર ટ્રસ્ટ'ની વ્યવસ્થા અને તેમની નિષ્ઠા. મહેશભાઇ કોઠારી અને સતીશ પંડયાની નમ્રતા. અને નવસારીના નગરજનોનો ઉમળકાભેર સહકાર. ૧૧ શેરી પુસ્તકાલયો અને જસુભાઇ નાયક દ્વારા સાહિત્યકારોના ૮૫ ચિત્રોનું પ્રદર્શન આ સંમેલનનાં જમા પાસાં અથવા સત્યત: તો નવસારી નગર અને તેના નગરજનોનાં જમા પાસાં.

ભગવતીકુમાર શર્મા કહે છે: મારે સર્વ સાહિત્યકારો અને સાહિત્યરસિકોને હાર્દિક અપીલ કરવાની છે. પરિષદના વર્તમાન તંત્રથી પ્રમાણિક મતભેદ અને અસંતોષ ધરાવનારાઓનો એક નાનકડો પણ ચોક્કસ વર્ગ છે. કોઇ પણ તંત્રને સુધારવાનો શ્રેષ્ઠ લોકતાંત્રિક માર્ગ એ તંત્રમાં લોકતાંત્રિક ઢબે સ્થાન મેળવવાનું છે. માત્ર બહાર રહીને વિરોધ કરવાથી થોડોક કોલાહલ પેદા કર્યા સિવાય બીજું કશું સિધ્ધ ન થઇ શકે. આથી સર્વ મિત્રો અને વડીલોને મારી વિનંતી છે કે તેઓ પરિષદને પોતાની ગણી તેમાં પ્રવેશે અને સક્રિય બને.

ભગવતીભાઈનું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય પવિત્ર છે. એમની સમજમાં પણ શાલિન અને સમ સ્થાયીભાવ છે. સઘળું શિવમ્ દ્રષ્ટિથી જુએ છે. પરંતુ પોપડાંના પોપડાં જામ્યાં છે ત્યારે પિપૂડીનો અવાજ કયા કાને અફળાશે ? એથી પણ વિશેષ જે લોકો પાસે અને સાથે તેમણે કામ કરવાનું આવવાનું એ રૂઢિના માત્ર નહીં, મમતનાં માણસો છે. બાહોશીથી પોતાની મમતને વળગી રહી, માર્ગના રોડા લાગતાં તત્ત્વોને દૂર રાખવાની કુશળતા તેમની પાસે છે. આ વાત ભગવતીભાઈને સમજાશે ત્યારે તેમનો કાર્યકાળ સમાપ્ત થઇ ગયો હશે. અને પૂર્વ પ્રમુખો ખાનગીમાં તેમને થયેલાં અનુભવો કહેશે, પરંતુ જાહેરમાં … …

e.mail : kanubhai@hotmail.com

(૨)

અતીતમાં એક ડોકિયું

• કોકિલા વિઠ્ઠાણી

જાન્યુઆરી ૨૦૦૯ના અંકમાં 'ખમીર' લેખમાં તુલસીશ્યામનું નામ વાંચી મારા ભૂતકાળનાં સ્મરણો તાજાં થયાં.

સન ૧૯૪૭ની વાત છે. કચ્છ-માંડવીના નાના ગામમાં મેટ્રિકની પરીક્ષાઓની સુવિધા નહીં. અમારે મુંબઈ - રાજકોટ જવું પડે. બાપુજી કામકાજને અંગે વેરાવળ જતા એટલે બા-બાપુજી અને હું રાજકોટ પરીક્ષા આપી વેરાવળ કામ પતાવી, તુલસીશ્યામનાં મંદિરની વાતોથી ઉના જવા કોચમાં ઉપડયાં. એ વખતમાં ખાડાખબડા રસ્તાઓ. વેરાન સૂનું જંગલ, પણ પર્વતની હારમાળાઓ જોઈ મન આનંદવિભોર થઈ ગયું. આખા દિવસના પરિશ્રમે સ્થળે પહોંચ્યાં, ત્યાં તો સુંદર ડુંગરો વચ્ચે તુલસીશ્યામનું સુંદર મંદિર પોતાની પ્રતિષ્ઠાનું ગૌરવ ગાતું નજરે પડયું. થાક બધો જ વિસરાયો. મહાન મૂર્તિની પ્રશંશાં શું કરીએ ? નૈસર્ગિક વાતાવરણે મનને પુલકિત બનાવ્યું.

ગ્રામ્યપ્રદેશના ભોળા માણસોની આગતાસ્વાગતા ચૂભી ગઈ. ખીચડી કઢી, રિંગણાંનું શાક, બાજરાના રોટલા, દૂધ વગેરેનું વાળુ કર્યું. થાક તો ક્યાં ય ઊતરી ગયો. સાચેસાચ એ વખતના પ્રેમભાવે કુમળી વય પર ખૂબ જ ઊંડી છાપ પાડી. આરામ કર્યો. સવારે મહાન મૂર્તિ અને તેની કોતરકળા નિહાળી આનંદ વિભોર બની ગયાં. હજી ય એ પળોની યાદ સુસ્મરણીય છે. તેના ગરમ પાણીના સાત કુંડોમાં ય ફરવાની મજા હજી આજે ય તાજી છે. અત્યારે આવું બધું ક્યાં મળે ? આમ મન વિચારે જ અસ્વાર બની જાય.

[18 Waters Meet Way, Thames Mead, LONDON SE28 8PU, U.K.]

– એતાનશ્રી

શરીફાબહેન નોખી જ માટીનાં છે અને નોખી જ ભાત પાડે છે

• નવેમ્બર ૨૦૦૯નું "ઓપિનિયન" મળ્યું. મારા બન્ને લેખો તમે "ઓપિનિયન"માં સ્વીકાર્યા તે માટે પણ તમારો ખૂબ ખૂબ આભાર. અમારા વડીલ પાંચાકાકા વિશે તમે સરસ નોંધ લીધી છે. ફોટો પણ સરસ મૂકાયો છે.

હીરજીભાઈ શાહ વિશેની તમારી નોંધ વાંચી. સરસ છે. તેમનું અવસાન થયું તેની મને ખબર નહોતી. હું ત્યાં સુધી આવ્યો અને એમને મળાયું નહીં એનો વસવસો રહી ગયો. હું એમને અમારા પરિવારના છે એ રીતે ઓળખું. લોકભારતીના નિવૃત્ત અધ્યાપક યશવંત ત્રિવેદી, તેઓ હીરજીભાઈના ખાસ મિત્ર. મારા પણ મિત્ર. એમની મારફતે હીરજીભાઈની વાતો સાંભળેલી. મળવા જેવા માણસને મળાયું નહીં તેનું દુઃખ રહી ગયું.

તમે સૌ મિત્રો ત્યાં જે સાહિત્યિક - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી રહ્યા છો, તે સરસ છે. ગમે છે. ભલે નાનુકડું જૂથ છે. પણ તમારું કામ સરસ છે. ગુજરાતથી આટલે દૂર બેઠાં બેઠાં આ બધા પ્રવાહોની સાથે આવું સાતત્ય જાળવી રાખવું તે ઘણું અઘરું છે. જીવંત રસ હોય, સૂક્ષ્મ દૃષ્ટિ હોય તો જ એ બને. તમને ખૂબ ખૂબ અભિનંદન.

શરીફાબહેન વીજળીવાળા વિશે પણ મીરાંબહેને સરસ લખ્યું છે. અત્યારના જે નવા લેખકો - સાહિત્યકારો છે તેમાં શરીફાબહેન નોખી જ માટીનાં છે. નોખી જ ભાત પાડે છે. પોતાને જે સાચું લાગે તે કહેવામાં જરાયે હિચકિચાટ નહીં. અને તે પણ અભ્યાસપૂર્વક. પૂર્વગ્રહો વિના. જરાક આકરું લાગે, પણ હોય છે સાચું. આ વખતે, ૨૬મી ડિસેમ્બરે વિવેચન વિભાગનાં પ્રમુખ એ છે.

– મોહન દાંડીકર

[Post At DANDI - 396 439, District Navsari, Gujarat, India]

તમારો શ્રમ એળે નથી જવાનો

• "ઓપિનિયન"નો ડિસેમ્બર ૨૦૦૯નો અંક મળ્યો. અંક ખૂબ જ સમૃદ્ધ થયો છે. તેજસ્વી તણખલાં જેવી ટૂંકી વાર્તાઓ વાંચતાં તમને મનોભાવ જણાવવા જરૂરી બની ગયા. તેર વાર્તાઓ અને વિશેષે લેખો !

દિલથી દીધું દૂગાણું તે હવે વળતું બીજું તો શું પરત કરીએ, પણ હૈયાથી હરખ કરીએ છીએ. વલ્લભ નાંઢા, આનંદરાવ લિંગાયત અને સોનલ પરીખની વાર્તાઓ ગમી.

હંસાબહેન જાનીનો 'ઝીપ કૉડ' રડાવી ગયો. એમાં એવું કંઈ જ નથી કે આંખ ભીંજાય ને છતાં મન ભરાઈ આવે એ સર્જનનો કમાલ સલામું છું. અલવિદા શાકા ઝુલુ એક વિશેષ અનુભવનું ભાથું છે, તો મહેન્દ્ર શાહના રસિકલાલ અગાઉથી અપેક્ષિત અંત છતાં એવો છરકો મૂકે છે કે જાણે કશુંક છૂટી ગયું છે. વિનય કવિની 'બે અજાણ્યા જીવ' અધૂરી હોય એવું કેમ અનુભવાયું હશે ?

ખેર ! જ્યોત સે જ્યોત જલે, બ્રિટનની હાલની (ખાસ તો લંડનની) વિદ્યાર્થીઓની સ્થિતિમાં સાચે જ જરૂરી છે. બ્રિટિશ સરકારે જે છૂટથી વીઝાની લહાણી કરી પછી, 'સ્ટુડન્ટ વીઝા' પર આવેલા આપણાં ભાંડુડાંની સ્થિતિ તમારાથી ક્યાં અજાણી છે ?

અભિનંદન, ભાઈ. તરતોતરત ભલે ના ઉકલે. આનો અરથ પણ તમારો શ્રમ એળે નથી જવાનો, એ હું દેખું છું. સાવ સાચોસાચ !

પ્રદ્યુમ્ન તન્નાની સાથોસાથ આ વર્ષે કેવાં કેવાં જીવ ગુમાવ્યાં આપણે ? મારી ભાષાને ટોડલેથી ઊડી ગયેલા મોરની એંધાણીઓ ખમીસની ચાળ ચાવતા જોયા કરવાની જ રહી ને ?

– અનિલ વ્યાસ

[Flat 2, Hill Court, 953, Harrow Road, WEMBLEY, Middlesex HA0 2RZ, U.K.]

… તો, યુવાનો અને માબાપોની આંખ ખૂલે !!

• ડિસેમ્બરનું "ઓપિનિયન" મળ્યું. તમારા આરંભમાં 28 અને 31 માર્ચ, 2010નું આમંત્રણ વાંચી, 23 એપ્રિલ 2005નું સંભારાણું મનમાં ઝળકી ઊઠ્યું !! મેલબોર્નના અમિત અને કનુની વાત ગુજરાતી છાપામાં છપાવી જોઈએ. આંધળુકિયા કરતાં કેટલાયે યુવાનો અને માબાપોની આંખ ખૂલે !! તેજસ્વી તણખલાં તો મનભરીને માણ્યાં છે, ક્યારેક નિરંજનાબહેનનાં કાવ્યો પણ વાંચીશું.

કવિ પ્રદ્યુમન્ન તન્નાની આ પંક્તિઓ 'તરતોતરત, ભાઈ, ના ઊકલે એનો અરથ .. ' મને કાઠિયાવાડની એક વાર્તા યાદ આપી ગઈ. એક વડીલ ક્યાં ય બહાર જાય તો એને કદી હોટલમાં જમવું ન પડે. નોતરાં પાર વિનાના. અને ઠાલાં નહીં. કોઈને નવાઈ લાગી. એમણે જવાબ દીધો, 'ઘરના રોટલા જ બહાર ખાઉં છું, ભાઈ !'

કહેવાની જરૂર ખરી કે એમના ઘરેથી કદી કોઈ જમ્યા વગર જતું નહીં.

અનિલ વ્યાસની વાર્તા ખૂબ ગમી. કથા તો રસપ્રદ છે જ અને પોત ખૂબ સુંદર વણાયું છે. પોતાને અશુભ ઠરાવતી ઘટનાઓ અને એનાથી થતી નાયિકાની પીડા વર્ણવતા પ્રસંગોમાં ક્યાં ય આયાસ નથી વર્તાતો. બહુ સહજ રીતે વાચકના મન સુધી પહોંચી જાય છે. અર્ચનાની મનઃસ્થિતિ ક્યાંક ખૂબ કલાત્મક રીતે નિરૂપાઈ છે, જેમ કે, ' છાતી પરથી ટ્રેન.......' / 'મારામાંથી રેલાઈને ખાબડું ભરાતું આવે.....' / 'જેવી આંખ ખૂલે કે ધોળી ફક દિવાલો........' સૌથી વધારે ગમ્યું એ કે બધાં પાત્રોને તદન માનવીય સ્પર્શ અપાયો છે. નાયક કે નાયિકાને જરા ઊંચે લઈ જવાની લેખક સહજ લાલચથી અનિલભાઈ દૂર રહ્યાં છે. અને એટલે વાર્તા લેખકની ન રહેતાં વાચકની બની જાય છે. અભિનંદન અનિલભાઈ. વલ્લભભાઈની વાર્તા પણ સરસ થઈ છે, લાલબત્તી ધરતી !!! આનંદરાવ લિંગાયતની વાર્તા 'મોસંબીનો રસ' અગાઉ વાંચી છે અને એમને અભિપ્રાય પણ પહોંચાડેલો છે. હંસાબહેન જાનીની પ્રસંગકથા પણ ગમી.

- લતા હીરાણી

e.mail : latahr55@gmail.com

મારા નવા પુસ્તક 'આપણા હઝલકારો' માટે અપીલ

• મારા નવા પુસ્તક 'આપણા હઝલકારો' માટે એવા હઝલકારોની જોઈથી માહિતી, જે હઝલકારોના ભલે હઝલસંગ્રહો પ્રગટ ન થયા હોય પણ શાસ્ત્રોક્ત રીતે વિપુલ પ્રમાણમાં હઝલોનું સર્જન કર્યું હોય / કરતા હોય.

તેને સારુ આટલી વિગતમાહિતી આવશ્યક છે : પૂરું નામ; તખલ્લુસ; જન્મ તારીખ / સ્થળ; મૂળ વતન; અભ્યાસ; વ્યવસાય; પ્રકાશિત પુસ્તકો; મળેલ ચંદ્રકો, વગેરે; વિદેશમાં વસવાટ ક્યારથી ?; વિદેશ જવાનું / સ્થાયી થવાનું કારણ; ઘર / વ્યવસાયનું સરનામું (ટેલિફોન નંબરો સાથે); ઇ.મૈલ એડ્રેસ; વિશેષ માહિતી.

ઉપરાંત પરિચય સાથે આસ્વાદ માટે જરૂરી, હઝલોના ચૂંટેલા / ચુનંદા અશઆર – ઓછામાં ઓછા ૩૫ થી ૪૦. (શક્ય હોય તો પાસપોર્ટ સાઈઝનો ખુદનો ફોટોગ્રાફ).

શાયર 'સૂફી' મનુબરી જોગ સંદેશ : 'તમારા હઝલસંગ્રહ 'ધબાકો'માંથી કેટલાક શેર ચૂંટ્યા છે. પાછળ જણાવેલ વિગતો ઉપરાંત, 'ધબાકો' સંગ્રહ પછીની રચનાઓમાંથી ચૂંટીને ચુનંદા ૨૦ જેટલા નવા અશઆર મોકલવા વિનંતી. આથી થોડી નવી રચના ઉમેરી શકાય. આભાર.

- આશિત હૈદરાબાદી

[c/o Dhwani Steel & Pipes, 32, Sakhar Gali, Carnac Siding Road, Masjid (East) MUMBAI - 400 009, India]

સભાનતાની સાધના કર્તા-સાધકને .. !

• પ્રત્યેક માસની જેમ સમયસર, જૂન માસનો "ઓપિનિયન" અંક (સળંગ અંક ૧૭૨) મળ્યો. 'જાતને જરા ઢંઢોળો જદુપતિ', પંચમ શુક્લની કાવ્યકૃતિ માનસને ઢંઢોળતી રહી. 'બ્રિટનમાં ગુજરાતી ડાયોસ્પોરા : ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો' - મહેતા દંપતી દ્વારા પ્રકાશન પામેલા પુસ્તકની વિસ્તૃત સમીક્ષા ભદ્રાબહેન વડગામા દ્વારા પ્રાપ્ત થઈ, તે યથાયોગ્ય અને પ્રમાણસરની તેમ જ અચૂક જાત ઢંઢોળતી થઈ છે. તેમણે પુસ્તકમાં થયેલી ક્ષતિઓનો નિર્દેશ માત્ર કરીને લેખનું સમાપન નથી કર્યું, પણ મહેતા દંપતી દ્વારા સૌ પ્રથમવાર બ્રિટનમાં વસતી સમગ્ર ગુજરાતી પ્રજાને આવરી લઈને, થયેલા વિકાસનું વિસ્તૃત વર્ણન કર્યું છે અને તેમાં અકાદમીના માર્ગદર્શનનો ઉલ્લેખ પણ કર્યો છે. લોકાર્પણ પામેલા પુસ્તકનો આનંદ પણ વ્યકત કર્યો છે. તેમાં સાંપડેલી અસંખ્ય અવનવી માહિતિઓથી સભર બ્રિટિશ ગુજરાતીઓ વિષયક ગ્રંથ ઉપલબ્ધ બન્યો છે તે ખરેખર દાદ માંગી લે છે. એક પુસ્તક પ્રકાશન પામે ત્યારે કેટકેટલી માનસિક પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે ,તેનો ખ્યાલ તો જે જાણે છે તે જનની જ જાણે છે. બાળજન્મ વેળાની પ્રક્રિયા કેટલી કષ્ટમય હોય છતાં ય એ જ પ્રક્રિયા સ્ત્રીને માતૃત્વ બક્ષીને અંતે પ્રસન્નતા પ્રેરક પ્રબળતા ય પ્રદાન કરે છે. નિયતિદત્ત પ્રક્રિયાની જેમ જ પુસ્તક પ્રકાશન પણ કષ્ટમય હોવા છતાં ય પ્રસન્નતાપ્રેરક પ્રદાન તો છે જ. તેઓ સૂચવે છે તેમ આ માત્ર અંગૂલિ - નિર્દેશ છે. વિવેચનની ફલશ્રુતિ અંતે તો સાફલ્ય જ માટે જ હોય છે ને. ભદ્રાબહેન વડગામાએ કરેલી પુસ્તક સમીક્ષા આવકારદાયક અને ચિંતનાત્મક તેમ જ ચેતવણીરૂપ બન્યો છે. મહેતા દંપતી અને ભદ્રાબહેનને અમારી સૌની હાર્દિક શુભેચ્છા સાથે, આભાર વ્યક્ત કરતાં આનંદ થાય છે.

તે સાથે 'જૂન મહિનો .... નવો જમાનો' - લેખ "નિરીક્ષક"ના સંપાદક પ્રકાશ ન. શાહ દ્વારા ખૂબ જ અભ્યાસપૂર્ણ તેમજ ચિંતનયુક્ત પ્રાપ્ત થયો છે. ગુજરાત અને દરિયાપારના સંવાદ સેતુરૂપ વૈચારિક પરિણામો દ્વારા કેટલા ઉન્નત મથામણોના તારણો મળતા જાય છે? અભિનંદન ... ! વિચારોના આદાનપ્રદાન એ વાદવિવાદ માટે નહીં પણ વાદસંવાદ રૂપે પ્રગટે ત્યારે ઉન્નત સોપાનો જ બની રહે છે. **આજના તકનિકી યુગમાં સમાનતાભરી સમજ કે સૂઝ એટલે ભેદભાવની નાબૂદી વિના સ્વતંત્રતા સદાય ઊણી - અલૂણી જ ગણાય - બરાબરીની લડાઈમાં બરાબરીની રિપીટ, બરોબરીની ભાગીદારી વગર કાળી, ગોરી, પીળી કે ભૂખરી કાંઈ કહેતાં કોઈ પ્રજાનો એકાંકી જયવારો હવે પછીના દિવસોમાં હોઈ શકવાનો નથી.** કેટલું ગંભીર છતાં ઉન્નત વિશ્વચિંતન .... ! તેમનો લેખ ચિંતનાત્મક અને ખૂબ જ અસરકારક રહ્યો, ગમ્યો. તેમના અહીંનાં થોડાક સમયના રોકાણમાં તેમનાં પ્રત્યક્ષ સાંનિધ્યે સંપન્ન થયેલા સંવાદનું મૂલ્ય અવશ્ય ખૂબ જ ઉન્નત છે અમારે મન - આપણે મન ... !

•

"ઓપિનિયન"ના સપ્ટેમ્બર અંકમાં તેમ જ ગુજરાતી સાહિત્ય અકાદમીના પરિપત્રમાં પાઠવેલી વિદાયવંદનામાં કેટલાંક સાહિત્યપ્રેમીઓ તથા સાહિત્યસર્જકોની ચિરવિદાયની નોંધ વાંચી, તેમાં ય પ્રદ્યુમન તન્ના તેમ જ 'જય મંગલ'ના ઉલ્લેખથી આંખ સહજ હાવભાવથી ભીની થઈ ગઈ. સાહિત્યજગત સાથે અમે સર્જક મિત્રો પણ હ્રદયવિદાયક પ્રસંગોથી વિષાદમય બની ગયા - સમજ છે કે મૃત્યુ એ સનાતન સત્ય છે છતાં ય છેવટે સત્યને સમજવું ય પડે છે. તેમણે સૌએ બક્ષેલા વિશાળ સાહિત્ય વારસાથી આપણા ડાયાસ્પોરિક જનજીવનને સભરતા તો મળી છે, અને તે આપણી જ નહીં; ગુજરાતીભાષાની મહામૂડી પણ બની છે. આપણી ફરજ બની રહે કે આપણે તે સંપન્ન વારસો જાળવીએ અને તેને વિકસાવીએ, તેવી આપણી ફરજ બની રહે.

પ્રદ્યુમ્ન તન્ના એક ઉત્તમ કવિ ઉપરાંત હૃદયપારખુ સ્નેહીજન હતા. અને ૨૦૦૦ના મિલેનિયમ વર્ષ વખતે મારા પ્રથમ પુસ્તક 'જળભર્યા કિનારે ...'ના લોકાર્પણ પ્રસંગે દેશમાંથી પધારેલ ઈલા આરબ મહેતા, વર્ષા અડાલજા, ભોળાભાઈ પટેલ, જયન્ત પંડ્યાની સાથે ઈટલીથી પધારેલ પ્રદ્યુમ્ન તન્ના પણ હતા અને ઈલિંગ રોડ લાયબ્રેરીના ખંડમાં યોજાયેલી સભામાં આગલી હરોળમાં બિરાજમાન હતા. તેમનું પુસ્તક 'છોળ' ભેટ આપતાં બોલેલા શબ્દો સાંભરે છે, 'ભાઈ, "ઓપિનિયન" અને "અસ્મિતા"માં પ્રગટ થતી તમારી કૃતિઓ દ્વારા પરોક્ષ પરિચય તો થયેલો પણ આજે રૂબરૂમાં પ્રત્યક્ષ મળીને ખૂબ જ આનંદ થયો.' મારે મન આ શબ્દોનું મૂલ્ય ઘણું છે - આજે ય ..... પછી તો મારાં પ્રત્યેક પ્રકાશનો વેળાએ છેક ઈટલીથી પત્રો અને તેમની કલાકૃતિઓની છબીઓ ભેટ મોકલતા. 'જય મંગલ' સાથેનો નાતો તો છેક ૧૯૫૬-૫૮થી પત્ર દ્વારા હતો અને ત્યાર પછી અત્રે સાહિત્ય પરિષદો અને અન્ય સમારોહમાં થતો ત્યારે વિચાર વિનિમય અને સલાહસૂચનો આપતા. ત્યારે તેમનો ભાવવાહી ચહેરો ખીલી ઊઠતો - કાર્ડિફ સ્થિત દયાશંકર ત્રિવેદી જેવા પ્રૌઢ પુરુષ સાથેનો નાતો સાંભરે છે. તેઓના હિન્દુધર્મ વિષયક પ્રવચનો તેમ જ સંસ્કૃતભાષા ઉપરનું પ્રભુત્વ પ્રભાવી હતું.

પરમાત્મા સર્વના આત્માને પરમ શાંતિ બક્ષે એ પ્રાર્થના સાથે વિનય કવિ, ડાહ્યાભાઈ પટેલ, સૂર્યકાંત દવે, પોપટલાલ પંચાલ વગેરેની પણ ભાવભીની અંજલિ ....

•

"ઓપિનિયન"ના સપ્ટેમ્બર અંકના સંપાદકીય લેખ વિષયક થોડુંક .... ભાષાના વિકાસ, વૈભવ અને ભાવિ વિષયક લેખ - પ્રવચન સુંદર રહ્યો છે. અને ખાસ કરીને યુનાઈટેડ કિંગ્ડમના વસવાટ સાથે જનજીવનને સ્પર્શતો વિષય તો ખરો જ. આ બાબતમાં મહત્ત્વનાં પરિબળોમાં સામાજિક જાગ્રત પરિબળો ઉપરાંત શાસનકર્તા તરફથી પ્રાપ્ત કાયદા કાનૂનની અત્યંત આવશ્યકતા પણ આવશ્યકતા ગણાય. જેમ જેમ આ પરિબળો અસરકર્તા તરીકે નબળાં પડતાં ગયાં તેમ તેમ ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા આદરેલો ઉન્નત હેતુસભર કાર્યક્રમ; સર્વના સાથ સહકારથી એક ઊંચા પ્રમાણોથી પ્રગતિ કરતો રહ્યો તેમાં પણ પ્રાદેશિક ભાષા તરીકે શાસનકર્તાઓના માધ્યમોમાં 'ગુજરાતી ચલણ એકબાજુ હડસેલાતું રહ્યું' એ વાક્યપ્રયોગ યથાયોગ્ય થયો છે. મરવામાં કે જીવંત હોવાના આભાસમાં નિભાવખર્ચ અને પરીક્ષાર્થીઓની ધીરે ધીરે ઘટતી સંખ્યા અકાદમીના કાર્યકર્તાઓ માટે ચિંતાનો વિષય બનતો ગયો. આપણા લગભગ બે પેઢીથી વધારેનો સમય પસાર થતો હોવા છતાં ફક્ત બે સામાહિકો, એક વિચારપત્ર અને ગણ્યાંગાંઠ્યાં છૂટાછવાયા પરિપત્રો સિવાય ક્યાં ય કશું ય ગુજરાતીમાં પ્રગટ થતું રહે છે? અને તેમાં ય ટેકનોલોજીના વિશ્વવ્યાપી ચલણમાં અંગ્રેજી ભાષા લિપિ કારગત નીવડતી હોવાથી તેમ જ વૈશ્વીક મંદીની જબરજસ્ત અસર સર્વત્ર રહી હોવાથી માંદગી અને મંદવાડમાં માંડ માંડ શ્વસતા દરદી જેવી દશા ભાષા વિકાસ પરત્વે પણ થઈ હોવાનું સર્વમાન્ય બન્યું છે.

તમે પ્રગટ કરેલાં સંખ્યાબંધ નામોનાં સંનિષ્ઠ શિક્ષકો, સેવાભાવી સજ્જનો તથા અનેક માતાપિતાઓના સંનિષ્ઠ પ્રયાસો છતાં ય પરિસ્થિતિ તો વિકટ અને વિષાદમય બનતી જાય છે. તમે દર્શાવેલાં નામો પૈકી ઘણા ખરા ભારતથી સીધા અત્રે આવીને વસેલા છે, તો ઘણાએ પૂર્વ આફ્રિકા થઈ, અહીં કાયમી વસવાટ કરેલો છે. પૂર્વઆફ્રિકામાં જન્મીને મોટી થયેલી પેઢીના શિક્ષણકાળમાં ગુજરાતી ભાષા ત્યાં પણ છેક નીચેથી એટલે બાળમંદિરથી માંડી કોલેજ સુધી શિખવવામાં આવતી હતી અને તે પણ કોઈને કોઈ સ્વરૂપે વિકાસ પામતી રહી હતી. હાલના આપણા ડાયસ્પોરિક ગુજરાતી સાહિત્યના ઘણા સર્જકોએ ગુજરાતી સાહિત્યમાં પોતાની કૃતિઓ કાવ્યો, લેખો, નવલકથા, નવલિકાઓ સમીક્ષાઓ વગેરેથી વિદેશી ગુજરાતી સાહિત્યને પોતપોતાની મેળે સભરતા બક્ષી છે તે સર્વને જાણમાં છે. આજની ૬૦થી ઉપરના હયાત સર્જકો આજે પણ ભાષા વૈભવ માટે કાર્યરત છે પણ વિલાયતમાં જન્મી મોટી થયેલી પેઢીને એ માટે જોઈએ તેટલો લાભ કાં તો પરિસ્થિતિ; સંજોગો અથવા અત્રેના અંગ્રેજીના પ્રબળ માધ્યમ સામે તેની આવશ્યકતા બાબતની બિનજરૂરિયાતના કારણો મુખ્યત્વે ગણાય. આ બાબત શિક્ષણકર્તાઓનો તેમ જ સામાજિક સ્તરનો હોવાથી વધારે તો શું સૂચવું? આખરે જ્યાં વસતા હોઈએ ત્યાંના પરિબળો સામે, સામે વહેણે કેટલું તરી શકાય? એ વાત સાથે સહમત થયા વગર ન ચાલે. ઊંચા તેમ જ કપરાં ચઢાણો ...... હાં કોઈને પણ ફરજના રૂપે કે પારંપારિક રીતે પરિપાક રૂપે કંઈ પીરસી તો ન શકાય. હવેનું રગશિયું ગાડું ક્યાં સુધી ખેંચાશે - એ બાબતનો વિખાદી સૂર તો .... ચાલો જવા દો .... સારાં સત્કર્મો કરનારે તેના ફળની આશા વગર કર્મ કર્યે જ જવાનું - દેવવાણી છે ને?

•

તમારા સંપાદકપણા હેઠળ પ્રતિમાસે પ્રગટ થતું રહેલું "ઓપિનિયન" વિચારપત્ર (સન ૧૯૯૫ થી માર્ચ ૨૦૧૦) અવિરત એકધારું પોતાનો પ્રકાશ પાથરતું રહ્યું છે. આ વિચારપત્રે વિશ્વફલક પર વિદેશ વસતા ભારતીય જનજીવન પ્રત્યેના વિવિધ વિચારમંથનો, મથામણો અને વેઠેલા સંઘર્ષોને અનેક સ્વરૂપે પ્રકાશિત કર્યા છે. તેમાં ય સાહિત્યલક્ષી વિવિધ સ્વરૂપો પૈકી નવલકથા, નવલિકાઓ, લઘુકથાઓ, આત્મકથાઓ, હાસ્યલેખો, વિવિધ વિષયોમાં વિદ્વાનો દ્વારા લખાયેલા લેખો, ચરિત્રનોંધો, કાવ્યો, નિબંધો, અનેક પુસ્તકોની સમીક્ષાઓ, પ્રવાસનોંધો કે સ્મૃતિઅંશોને વિપુલ રાશિમાં પ્રકાશિત કરીને અદ્ભુત કાર્ય કર્યું છે. અને વૈશ્વીક સ્તરે ડાયસ્પોરિક જનજીવન તેમ જ સાહિત્યને એક અથવા બીજી રીતે આદરપાત્ર બનાવવામાં સમુચિત કાર્ય કર્યું છે. આથી વિશેષ તો અમારા ઘરના આંગણે પ્રતિ માસની તા ૨૬મીએ અચૂક "ઓપિનિયન"ની પ્રગટ આવૃત્તિ આવીને પડી જ હોય. અને આવતા થોડા મહિનાઓ પછીના સમયે .... એ સંપાદિક આવૃત્તિ અને વીતેલાં પંદર વર્ષ હવે તો તેનો પૂર્વાર્ધ બની જશે અને ભાવિપથ પર તેનો ઉત્તરાર્થ ઉત્થાન પામશે. આપની આગોતરા જાહેરાત મુજબ ખરું ને?

ઉત્તરાર્ધમાં ડિજિટલ આવૃત્તિ ઉપલબ્ધ થશે ..... અહીં વિચારપત્રની સમાપ્તિ તો નહીં ગણાય .... પત્રની પ્રાપ્તિ પછીની સમાપનવિધિ કે બંધ થવાની કે .... કરવાની તેમ નથી રાખી પણ પ્રાપ્તિ .... પ્રગટપ્રાપ્તિ હવે શક્ય નહીં બને તો પ્રાપ્તિ ય નવલા સ્વરૂપે પુનઃ પ્રાપ્તિ રૂપે આજના યુગની વૈશ્વીક ટેકનિકલ ઉપલબ્ધિરૂપે નવીન દૃષ્ટિએ, નવી નવી દિશાઓથી વિવિધ વિચારો દ્વારા સુલભ થશે. વળી પાછા જંગ સાથે જંગ ખેલતું એ આપણા સૌને દંગ કરતું રહેશે એવી આપે આપેલી હૈયાધારણના આધારે કહી તો શકાય છે. કોઈ પણ સાધક કે સર્જક પોતે પોતાના હાથે જ સર્જેલો સંસાર જાતે જ ભસ્મીભૂત તો ન જ કરે ને? અને તેમાં ય શબ્દના સથવારે અગ્નિપથ પર તપસ્વી જેવું જીવન જીવીને પોતાના માનસને પ્રતિપળ સુવર્ણસમ શુદ્ધિમય રાખી અને પ્રમાણિત કરતો સભાન સાધક તો ક્યારેય ન જ કરે. ..... આખરે એક વાસ્તવિક હકીકતનો સ્વીકાર તો કરવો જ રહ્યો, મળ્યા દેહના સહારે, વયના વાયરાઓ સામે ટક્કર લેતો દેહ ધીરે ધીરે વળતોનો જાય ત્યારે ય માનસ તો પળપળ મળતા હો .... અધ્યાત્મજ્ઞાનની પ્રબળતાથી પ્રસન્નતા પામતું પોતાના સામર્થ્યની અસીમતા પ્રતિ પ્રગતિમય થતું જ રહે. સભાનતાની સાધના કરતા. પ્રતિ પ્રગતિમય થતું જ રહે. સભાનતાની સાધના કરતા સાધક રૂપેને તમે સદૈવ ઓતપ્રોત થતા રહ્યા છો. આ તો મારું પોતાનું અવલોકન છે એક મિત્ર, વાચક, સર્જક, ચાહક અને સહાયક તરીકે થોડા સહભાગી બનવાનું સુયોગ સાધી શકાયાનો હું નિજી આનંદ વ્યક્ત કરું છું.

•

સરકતા સમયની સતત સ્મૃતિ આવ્યા જ કરે છે. સ્મૃતિને શો દોષ દઈએ? ખરેખર તો સ્મૃતિ તો સર્વદા સાથે જ હોય છે અને સ્મૃતિ જ નિજ અંતરને ઓળખ આપ્યા જ કરે છે. એ તો પળપળ 'સ્વ'ના અહમ્ ઓગાળતી રહીને, સર્વમાં સર્વસ્વ પામતા રહીને, ઓળખ આપતી જ રહે છે. મને મારા પિતાજીના શબ્દો યાદ આવે છે 'જા બેટા ! પંદરે પહોંચ્યો ને ... જાતે પુરુષાર્થ પામ ! સામે ઊભું જગ દંગ થઈ જાય તેવો જંગ ખેલી જાણજે. સમયે તો બધું ય જાતે વિખરાતું આવે કે વિસ્તરતું આવે. .. એમાં આનંદ શાનો .. ? વિષાદ શાનો? સુખિનો ભવન્તુ.' - આપણું વિચારપત્ર પણ પંદર વર્ષ પામી ચૂક્યું છે ત્યારે પત્રકારરૂપે તમે તો તમારા પત્રના ચાલકબળ રૂપે છો. તમે હંમેશાં તમારા વિચારપત્રને ક્યારે ય અનાચારનો અખાડો કે સારાખોટાના વ્યાયામનો અખાડો

થવા દીધો નથી. હંમેશાં એક ઉજાગર સંપાદકરૂપે કાર્યરત રહ્યા છો. પત્રકારત્વને ઉત્તમતા બક્ષવામાં ઘરનાં ગોપીચંદન ઘસીને પણ પોતાના ધ્યેય કે આસક્તિને પોતાની આંતરિક શક્તિઓ દ્વારા છતી કરીને અભિમુખતાની પ્રતીતિ કરાવીને ખોટા સિક્કાઓને દૂર રાખવા મથ્યા છો. એને બજારું વિચારપત્ર થવા દીધું નથી. અહીં તમારું સાહસ અને તમારો સાત્વિકભાવ તેમ જ પ્રમાણિત પ્રયાસોથી "ઓપિનિયન"ને ઉન્નત સ્તરે પહોંચાડવા સબળ તેમ જ સક્ષમ નીવડ્યા છો. વિશ્વમાં વસતા તમામ દેશી કે વિદેશી ગુજરાતીઓને (ભારતીયને) સમકાલીન અભિજ્ઞાનથી નવાજ્યા છે. ક્યારેક સ્વભાવદોષોથી આપ કદાચ ઢંકાઈ ગયા હશો ત્યારે ય ક્ષતિ-ભૂલ પરખાતાં પાછા નતમસ્ત કે માફી માંગીને પત્રને અવિચળ રાખ્યું છે. સંયમિત સાદગી અને સ્વભાવવશ સભાનતાની સાધના કરનાર સાધકરૂપે અમે તો તમને નિહાળ્યા છે, પ્રસ્તુત સભાનતાની સંગતિ કરતા રહીને પણ .... શિવાન્તે પ્રસ્થાન...! શિવસંકલ્પંસ્તુ...! તમારા નવલરૂપે આવતા વિચારપત્ર "ઓપિનિયન"ને પણ આગોતરા આવકારું છું. હવે અમે થોડા માસ દેશમાં જવાનું વિચારીએ છીએ ત્યારે.... બસ આટલું .... તમારી પ્રતિબદ્ધતા પર અવિચળ રહી કર્મસાધના કરતા રહો...! સભાનતાની સાધના દ્વારા ઉન્નતે પહોંચો...! We are here to appreciate that happiness; of your consciousness. તમારું સ્વસ્થ્ય તેમ જ માનસ પ્રસન્ન રહો એ જ પ્રાર્થનાસહ વિરમું છું.

- ઉપેન્દ્ર ગોર

(૧૧–B શિવમહલ સોસાયટી, શિવાંગ કોમ્પ્લેક્ષ પાસે, નહેરુ પાર્કની સામે, જૂનાપાદરા રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૭ (ભારત)

ટપાલ ટિકિટ સંગ્રહ કરનારાઓને …

• મને ઑક્સિજન રૂપે ટપાલ ટિકિટો મળી છે. ઘણો આનંદ થયો. ટપાલ ટિકિટના શોખમાં - સંગ્રહમાં અતિવૃદ્ધિ થતી રહી છે. તેમાં ફાળો આપવામાં તમારો સહકાર ઘણો છે. ત્યાં કોઈ ગુજરાતી અને "ઓપિનિયન"ના વાચક હોય અને ટપાલટિકિટમાં રસ ધરાવતા હોય તો તેમનો પરિચય મને થશે તો ગમશે.

- અશોક ડી. પંડ્યા

સમાચાર દુઃખદ છે, પણ તે માટે કારણો હશે જ

• "ઓપિનિયન"નો લાભ મળ્યો. આનંદ થયો. હજી પૂરું વંચાયું નથી; પણ અડધું વાંચ્યું છે. તેટલું ગમ્યું છે – સિવાય કે એક સમાચાર – "ઓપિનિયન" બંધ થાય છે. તે સમાચાર દુઃખદ છે. પણ તમારી પાસે તે માટે કારણો હશે જ. તમારા જેવી માવજત કરી શકે - ભલે વિપુલ નહીં પણ થોડી ઓછી તેવી યોગ્ય વ્યક્તિ ચોપાસ પાછી જણાતી નથી. ઈશ્વરેચ્છા.

- દુષ્યન્ત પંડ્યા

[Sannidhi, Road No. 4, Patel Near Jadeshwar Temple, Patel Colony, JAMNAGAR - 361 008, INDIA]

ખૂબ સરસ; પરંતુ સાથે દુઃખ પણ –

• ડિસેમ્બરનો અંક મળ્યો. ખૂબ જ સરસ છે. સાથે દુઃખ પણ થાય છે કે બે મહિના બાદ "ઓપિનિયન" બંધ થાય છે. ચાલો, આપણા હાથમાં જે ન હોય, તે ઈશ્વરને સોંપી દેવું. તેની મરજી પ્રમાણે તે સંભાળશે. આવું હું મારા અનુભવમાંથી શીખી છું. હવે તમે કશી જ જવાબદારી વગર તમારી મનગમતી પ્રવૃત્તિ કરી, તેમાંથી આનંદ મેળવશો, તેની મને ખાતરી છે. કારણ કે તમે તથા કુંજબહેન ગમે તેવી મુશ્કેલીમાંથી માર્ગ કેમ કાઢવો તે જાણો છો. ઈશ્વર તમને જે પણ પ્રવૃત્તિ કરો તેમાં સહાય કરે તેવી પ્રાર્થના.

- હીરાલક્ષ્મી ગિ. સુદ્રા

['Jamuna Kunj', 5, Garlands Close, Russels Ride, CHESHUNT, Hertfordshire EN8 8TR, U.K.]

સીમાડા વિસ્તારજો, એવી શુભ ભાવનાઓ

• તમને નહીં ગમે; કદાચ કોઈને પણ નહીં ગમે મારી આ વાત, 'સંકેલો' એટલે બીજા અર્થમાં તો 'બેસણું' થયું ને ! કયા ઉમંગે ત્યાં આવવું ? દુઃખ તો આગોતરું થવા માંડ્યું છે. તો ત્યાં શું હાલ થાય ?

તમારો નિર્ણય જાણ્યા પછી ક્યારેક એવા વિચારોના ચગડોળે ચડી જાય છે કે તમને ફોનમાં કાંઠલો પકડીને ખખડાવી નાખવા જોઈએ. ને પૂછવું જોઈએ કે કાયમ 'પોઝિટિવ' વિચારો ધરાવનારને આવા 'નેગેટિવ' વિચારો કેમ આવ્યા ? કોઈ ગોઝારી ઘડીએ આવા વિચારો ફરક્યા હશે. બાકી આવું ન હોય.

જો કે 'હા'ની 'ના' નથી થતી, તેમ 'ના'ની 'હા' પણ નથી થતી, એ હું જાણું છું. એમાં ય નિયંતાનો શુભ હેતુ હશે. સીમાડા વિસ્તારજો, એવી શુભ ભાવનાઓ.

- મહેશ સી. કવિ

[76, Woodland Road, LONDON SE19 1PA, U.K.]

તમારે તો તેલ ગયું, પરંતુ અમારે તો ખેલ ગયો

• "ઓપિનિયન" વિશે શું લખું ? લખવાની શરૂઆત કરીએ તો મને પી. એચડી.ની ઉપાધિ પણ મળી જાય ! પરંતુ શાણા લોકોએ કહ્યું છે તેમ ન બોલ્યામાં નવ ગુણ. મારાં સંગિની નૂરબાનુ મણિયારની વિદાયથી ખાલીપો સાલતો હતો તેમાં વળી દુકાળમાં અધિક માસ જેમ "ઓપિનિયન" પણ હવે વિદાય થશે. તમારે તો તેલ ગયું, પરંતુ અમારે તો ખેલ ગયો. ઈશ્વર - અલ્લાહ સમક્ષ એ બંનેની સદ્ગતિ ઈચ્છીએ.

એ-ફૉર સાઈઝમાં આવતું માનીતું માસિક "ઓપિનિયન"ને વાંચવાની મઝા કો'ક અનેરી જ છે. એને બસમાં કે ટ્રેનમાં બેસીને મજેથી વંચાતું. ઇ-મૈલ કે ઈન્ટરનેટ ઉપર એવી મજા આવશે ? આપણે બધાએ "ઓપિનિયન" હોંશેથી વાંચ્યું, પરંતુ આપણે જે રીતે એની માવજત કરી હોત તો થોડા વધુ દિવસો આપણા હાથમાં તે આવતું રહેત. પરંતુ માલિકનો અટળ નિયમ છે અને તેને ન તો આગળ કે પાછળ ધકેલી શકાય. ઈશ્વર-અલ્લાહના એ નિયમને માથે ચઢાવીને આપણું કામ આગળ વધારો.

એ કહેવાની વાત નથી, એ નક્કર હકીકત છે કે આર્થિકના વંટોળમાં ભલભલા તણખલાંની જેમ ભૂતકાળમાં ઓગળી ગયા, પરંતુ વિપુલભાઈ જેવા 'જવામર્દ' એકલવીરે દીવાદાંડીની જેમ 'ગુજરાતી ભાષા'ની રક્ષા કરીને તન, મન અને ધનથી સેવા કરી છે. તમારા જેવા જ વીરબંકાઓના સથવારે 'મારી ડાયસ્પોરિક માતૃભાષા' જીવિત રહી છે. સલામ ! મારા વીરા, તને સલામ ! ઈશ્વરથી દુઆ છે કે તને લાંબુ અને નિરામય આયુષ્ય આપે, અને "ઓપિનયન' દ્વારા જે કેડી તમે કંડારી છે ઈશ્વર તેની રક્ષા કરે અને આવનાર પેઢી માટે દીવાદાંડી રૂપે દિશા બતાવે. અને અંતમાં, "ઓપિનિયન" માટે 'અલવિદા' માટેના 'જિગર' નબીપુરીના બે શબ્દો ઉમેરી લઉં છું :

આ ગઝલ લખાઈ છે જેના વિરહ વિષાદમાં
શ્વેત કાગળ; કાળા અક્ષર જેનું આવરણ હતું
પૂર્ણતાથી અંત સુધી અલવિદા છે, અલવિદા.

- મોઈનુદ્દીન મણિયાર

[64 Cecil Avenue, WEMBLEY, Middlesex HA9 7EA, U.K.]

કભી અલવિદા ના કહેના

• મળ્યાં ચૌદ વર્ષ તેમાં ગુજરાતી અખબારી આલમની અવનિ ઉપર દુનિયા પારનાં ગુજરાતી ભાંડુંઓની ભાષા-સંસ્કૃતિના સંવર્ધન માટેની સેવા કાજે ભગીરથ, અથથી ઈતિ, તળિયાંથી નળિયાં સુધીના પ્રયત્નો "ઓપિનિયને" કર્યા છે. પ્રાચીન ખ્રિસ્તી સમયના બોલતા લાકડાના ટૂકડાથી માંડી અર્વાચીન ગુજરાતી ડાયસ્પોરાની વાતો વહેવડાવી જાય છે. તંત્રી, નામે વિપુલ, ગુજરાતી ભાષા - સાહિત્યના વિપુલ જ્ઞાનસાગરનું વિપુલ જ્ઞાન ધરાવે છે, જેણે વ્યક્તિગત સામૂહિક અને અન્ય સંસ્થાઓ સાથે સંકળાઈને ગુજરાતી ભાષાનો દીવો જલતો રાખવા અનેક પ્રયાસ કર્યા છે, જે થકી જીવન કલહના સંઘર્ષમાં વ્યસ્ત રહેતાં કેટલાંક માબાપો સંતાન માટે પોતાની ભાષા માટે થોડાક જ પૈસાનો સદ્વ્યય કરી એમની ફરજ અદા કરે તે એમના જીવનનું મોટામાં મોટું દાન થયું ગણાય. જેથી ભારત જાય ત્યારે બાળકો ત્યાંના વાતાવરણ સાથે ભળી જાય.

રામના ચૌદ વર્ષના વનવાસ પછી વિજયી બની અયોધ્યા પધારેલા. ચૌદ વર્ષની સેવા પછી પત્રકારત્વની ગુણવત્તાને વધારવા "ઓપિનિયન"નું

પ્રાગટ્ય સ્થગિત કરી ઇન્ટરનેટના માધ્યમ બનાવતો નવો અવતાર લેશે; મુદ્રિકરણ સમેટીને, સમય સાથે કદમ રાખીને. એમનો ચાહનારો વર્ગ બંધાયેલી મમતા છોડવા રાજી નથી. એમનું કશુંક ખોવાઈ જતું લાગે છે, જે પાછું જડવાનું નથી, તેઓને એ જાણી આશ્વાસન મળશે કે એવાની ઝાંખી ખાલી રહેતી નથી. પણ કરવટ બદલાય છે, નવી કુટિર બંધાઈ રહી છે. કભી અલવિદા ના કહેના.

હીરાલક્ષ્મી કહેતાં હતાં, ઇન્ટરનેટની ભાષાના જાણકાર ન હોવાથી વેબસાઇટની એડિશન મેળવવાની કડાકૂટ લાગશે. એમની જેમ હીરો પણ કહેવા મંડ્યો. બે હાથમાં પકડીને કે ટેબલ પર રાખીને વાચવાની સરળતા કમ્પ્યૂટર કે ઇન્ટરનેટમાં નથી. એના કરતાં લવાજમની રકમમાં ક્ષમતા ચકાસીને સહેજ વૃદ્ધિ કરી, સંપાદન સમિતિમાં સેવાભાવિ ક્ષમતા અને ગમતા રસિકોને ઉમેરી, જૂનું તે સૂનું' પ્રણાલિનો આદર જારી રાખવો. નહીંતર ૧૮૫થી ઓછા ગ્રાહકોને આડકતરી રીતે કમ્પ્યૂટર, ઇન્ટરનેટ, વેબસાઈટની સુવિધા મેળવવાની આડકતરી રીતે ફરજ પડશે, જેમને એ કક્કાવારી આવડતી નથી. મનના માલિક તારી યોજના હલેસે ફાવે ત્યાં એને હંકારી તું જા – ફીર ? આગે તેરી મરજી. બાકી વાચકવર્ગના એક ઘટક તરીકે સાફલ્યની શુભેચ્છા વ્યક્ત કરું કે વિપુલભાઈ જે નિશ્ચિત પ્રયાસ કરશે, નવ નિર્માણ આદરશે, તે ઊગતા સૂરજની દિશામાં ચાલી નીકળીને પ્રકાશ મેળવવાનો હશે; પુરુષાર્થ અને સમર્પણની ભાવના થકી, સિદ્ધ હસ્તે, કસાયેલી કલમે, ભાષાની જ્ઞાનગંગોત્રી વહેતી રાખવા સારુ. કલ્યાણકારી ખેવનાને આંગળી –– ભદ્ર ભવ:

- હીરાભાઈ એમ. પટેલ

[67 Newark Road, LUTON, Bedfordshire LU4 8LF, U.K.]

૨૮ માર્ચ ૨૦૧૦ : બે મિનિટ મૌન

ચિરંજીવી પ્રિય "ઓપિનિયન"

હવે ચિરંજીવી લખવાનો કોઈ અર્થ નથી, કારણ તા. ૨૮ માર્ચ ૨૦૧૦ના લંડન શહેરના ફિન્ચલી સેન્ટ્રલ વિસ્તારમાં 'એડન દેપાળા મિત્રમંડળ' સભાખંડમાં તું દેવાઈ જવાનું છે. તારો સંકેલોત્સવ, દફનોત્સવ અથવા લપેટોત્સવ યોજાવાનો છે. એટલે તારું કુમાર અવસ્થામાં જ મૃત્યુ નિશ્ચિત છે. આ સમાચાર માટે અમારા મુખ્યમંત્રી સાહિત્યપ્રેમી મોદીજીને કહ્યું હોત તો સારો શબ્દ પ્રસંગોચિત આપત. કવિ નર્મદે "ડાંડિયો" બંધ કર્યું ત્યારે આવો અવસર રાખેલો કે નહીં તેની અમને જાણ નથી, પણ કવિતા લખેલી, **'કોઈ નવ કરશો શોક - રસિકડાં'** .....

પ્રિય ઓપિનિયન", તારા અને મારા ઘરોબાની વાત કહી દઉં. તારા તંત્રી વિપુલ કલ્યાણીના મનને તારા અવતરણનું ગર્ભબીજ ધારણ કર્યું ત્યારે હું અને વિપુલભાઈ મારા મિત્ર વિક્રમ શાહ અને તેમના નિવાસસ્થાન વચ્ચેના ફૂટપાથ પર ઊભા રહી તારા પ્રસવની વાત કરતા હતા. **કોઈ પણ સંજોગોમાં જાહેરખબર લીધા વિના વૃત્તપત્ર ન ચાલે** એમ કહી મેં તેમને નિરાશ કરેલા. હું ભારત આવ્યો ત્યાં તો એકાદ મહિના બાદ, મારા હાથમાં તું આવી ગયું. તને મેં ખૂબ વહાલ કર્યું, છતાં પણ ગાંધીજી અને મહાદેવભાઈ દેસાઈના પત્રકારત્વના ખ્યાલો ટાંકી તારા સર્જક પિતાને નારાજ કરેલા. અમારા વડીલ સાક્ષર મિત્ર દાઉદભાઈ ઘાંચી સાહેબે 'શયદા'ની ગઝલ ટાંકી તેમને પ્રોત્સાહિત કર્યા.

આ વાતને દોઢ દાયકો થઈ ગયો. "ઓપિનિયન" ચાલ્યું એટલું જ નહીં જબ્બર ચાલ્યું. આગવું કાઠું કાઢ્યું અને પત્રકારત્વના ઇતિહાસમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી. અમારે માટે "ઓપિનિયન" **ઓપિયમ** બની ગયેલું. અમે તેના પાકા બંધાણી બની ગયા. ૨૬મીએ કાગડોળે રાહ જોઈએ. હાથમાં આવે અને કેફ ચડે. અમને આંતરરાષ્ટ્રીય ખેપ કરાવે.

ઘસારો પીવડાવવો, રસી આપવી, બાળઉછેરમાં જે કાળજી લેવી પડે તે તારા સર્જકે લીધી. તને રૂપાડું બનાવી દીધું. ગુજરાતી સાહિત્ય જગતમાં આગવી ઓળખ ઊભી કરી એટલું જ નહીં બ્રિટન સ્થિત 'ગુજરાતી સાહિત્ય અકાદમી' અને વિશ્વમાં થતી ગુજરાતી બાષાની માવજતનો ચિતાર આપ્યો. નવાનવા વિષયો લઈ આવ્યું. વિશ્વમાં વસતા ગુજરાતી ભાષામાં લખતા લેખકો, નવલકથાકારો, કવિઓ, વગેરેને આગવો દરજ્જો અપાવ્યો. આ લેખકો ગુજરાતના લેખકો કરતાં ગાંજ્યા જાય એવા નથી, તે વાત તારી કુમાર અવસ્થામાં સાબિત કરી આપી. માત્ર ગુજરાતી ભાષા નહીં, વાર્તા, નિબંધ, કાવ્યો, ગઝલ, પત્રકારત્વ, ઇતિહાસ, સંસ્કૃતિ, સ્થાનિક પ્રશ્નો, ડાયસ્પોરા, અનુવાદ, દક્ષિણ આફ્રિકાનાં અપ્રાપ્ય માહિતીઓ અને ફોટાઓ વગેરે અસંખ્ય માહિતી અને કેટકેટલું આપ્યું. સાથે ગુજરાતી અસ્મિતાનું જતન કર્યું.

વિપુલ કલ્યાણી જે નખશિખ ગાંધીભક્ત છે, આદર્શ અને મૂલ્યોનું વળગણ છે. સાથે વિનોબા, જયપ્રકાશ નારાયણ, ભગતસિંહ, સુભાષ પ્રીતિપાત્ર છે. ૧૫ વર્ષમાં વળતરમાંથી લાધેલા ત્રણ બગલ થેલામાં સાન્તાક્લોઝની જેમ અરમાનો અને આશાઓ લઈ તને ફેરવ્યું. તારા સર્જકે મૂલ્યોની ક્યાં ય બાંધછોડ કરી નથી. તેમણે ઉત્તમ પત્રકારત્વને છાજે તેવું દાયીત્વ દાખવ્યું છે. તારા પાલકે તંત્રી, સંત્રી, મંત્રી, ખેપિયા, વકીલ, ચોકિયાત, અનુવાદક, લેખક, સંપાદક અને મજૂરની ભૂમિકા બજાવી છે.

બ્રિટનમાં વસતા અને ઇતિહાસને લગતા લખાયેલાં પુસ્તકોની માહિતી સતત આપતું - જૂનીના ઝઘડામાં પણ કૂદી પડયું. 'ડાયસ્પોરા'નો ઉપાડો લીધો તારા તંત્રીએ. ડાયસ્પોરાને સંવાદો, વિવેચન, દેશ - વિદેશના પ્રવાસો કરી આંતરરાષ્ટ્રીય પ્લેટફૉર્મ પર મૂકી દીધો.

આ બધું હોવા છતાં, બ્રિટનમાં વસતા ગુજરાતીઓની જ નહીં પણ ભારતવાસીઓની ચિંતા કરી, તેમનું હિત હૈયે ધર્યું છે. તેમના પ્રશ્નોને, તેમની હાલાકીને વાચા આપવામાં મણા રાખી નથી. કેટલાક પ્રશ્નોમાં બ્રિટિશ સરકારનાં બારણાં ખખડાવ્યાં છે.

વધુ લખતો નથી, કારણ ડુમો ભરાઈ જાય છે. 'ગુજરાતી સાહિત્ય પરિષદ' નજીક વહેતી સાબરમતી નદી આગળ બેસી બેચાર આંસુ પાડી લઈશ.

તારા તંત્રી પણ ટેમ્સ નદીના કાંઠે બેસી બેત્રણ આંસુ સારી લેશે. દુ:ખ એ વાતનું છે કે તને કોઈએ દત્તક ન લીધું. નવા સ્વરૂપે જનમ્યું તેનો આનંદ છે, "ઓપિનિયન"નું ઇન્ટરનેટી અવતરણ. … અલવિદા – 'જિગર'ના શબ્દોથી તને અંજલિ આપું છું :

ધન્ય છે "ઓપિનિયન'નું આગવું ધોરણ હતું,
એ જ તો સાહિત્યનું અણમોલ પ્રકરણ હતું.

લિ. મંગુભાઈ પટેલ

પ્રમુખ , 'ગુજરાત ઇતિહાસ પરિષદ'

[c/o ભો. જે. વિદ્યાભવન, એચ. કે. કૉલેજની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ભારત]

વિદાય વેળાએ … …

• નવા વરસનો પહેલો મહિનો જાન્યુઆરી (Janus) હંમેશ સંકેત આપતો રહ્યો છે કે એક મોં અતીત તરફ રાખવું અને બીજું મુખ ભવિષ્ય તરફ. "ઓપિનિયન" સામયિક માટે આ સમય નજદીકમાં છે. તમે સામયિકના વાચકોને દોઢ દાયકાનાં ખાટાં-મીઠાં અતીતને વાગોળવાનું મારું સૂચન સ્વીકાર્યું, એનો આનંદ રહે છે; અમૃતભાઈ દેસાઈએ તો જાન્યુઆરી અંકથી - વિદાય વેળાએ - શરૂઆત પણ કરી દીધી છે.

સામયિકના વાચક-લેખક સાથીઓ, વિદાયવેળા હંમેશાં હૃદયને હચમચાવી દેનાર ઘટના છે. વાચક સાથીઓ, આ વિદાય વેળા ખાલીપો અનુભવાઈ રહ્યો છે. સામયિકે એના પંદર પંદર વરસના અંકોમાં કેટકેટલું રસપ્રચૂર વિચારવલોણું, વિપુલ - વિવિધ વાચન સામગ્રી પૂરાં પાડયાં છે. એ માર્ચ મહિના પછી બંધ થઈ જશે એનો આ ખાલીપો આપણા વાચકો માટે છે. અને પંદર પંદર વરસથી લેખકમિત્રોને પણ આ સામયિક એક સબળ માધ્યમ બની 'તડકો' આપતું રહ્યું છે. અને હવે પછી, આપણને એના અસ્તિત્વ વિના એક જાતની 'ટાઢ' લાગવાની.

અહીં તંત્રીશ્રી તમને એક બીજું સૂચન કરવાનું મન થાય છે. 'મંગળ ચોઘડિયે …' સંપાદકલેખમાં લખ્યું હતું, 'અમને જે દેખાય છે એ જ વાત ઘૂંટી ઘૂંટીને કહેવી છે, લખવી છે અને આપવી છે. અમારી પાસે જે કંઈ આવડત છે, જે કંઈ કસબ છે એનો આ એક અખતરો કરવા ધારણા છે.' પંદર પંદર વરસોથી

આ નેમ પૂરી પાડવામાં, આ ધગશમાં તમને જે કંઈ ખાટા-મીઠા અનુભવો થયા હોય, એના પર આગામી અંકમાં એક લાંબો લેખ આપશો તો વાચકોને જરૂર ગમશે. અને અતીતને વાગોળવાનો મીઠો અનુભવ બનશે. અને ભવિષ્યમાં તમારા જેવા 'વીર નર્મદના ગુજરાતી વંશજ', જેમને 'ગુજરાતી મીઠી ભાષા' પર લાગણી અને પ્રેમ છે એમને માટે તમારા વિચારો, તમારા અનુભવો પ્રકાશની કેડી કંડારશે.

મંગળ ચોઘડિયે લેખમાં આગળ ચાલતાં તમે લખેલું, 'અખતરો કરવા ધારણામાં ટકી જવાશે, નભી જવાશે તો ચાલતા રહીશું; નિષ્ફળ જઈશું તો ચાલતી પકડીશું.'

અને તમારો અખતરો કપરા, પ્રતિકુળ સંજોગોમાં કેટલો નભી ગયો - પંદર પંદર વરસ સુધી ટકી રહ્યો, નભી રહ્યો; અને સામયિક પોતાનો પ્રભાવ, બ્રિટનના સીમાડા છોડી દૂર દૂર, ગુજરાતમાં, અમેરિકા - ઑસ્ટ્રેલિયા અને બીજા કેટલા ય દેશોના ગુજરાતી વાચક-લેખક વર્ગમાં પાંખ ફેલાવતું રહ્યું, તે પણ થોડા વખતના 'બાળ મરણ'માં નહીં પણ પંદર પંદર વરસ સુધી. અને હવે 'ચાલતી પકડીશું' સમયમાં પણ નિષ્ફળતાના નિશાન નથી દેખાતા કારણ કે તમે સામયિકનું સમય અનુસાર 'ડિજિટલ'માં રૂપાંતર કર્યું છે. એ ભવિષ્યનો અખતરો કરી રહ્યા છો. એમાં સફળતા પ્રાપ્ત હજો, એવી પ્રાર્થના રહ્યા કરશે. હજુ બે અંકોનો ગાળો છે. એમાં પુન:લેખન પ્રવૃત્તિમાં ગાળીશ. આળસ ખંખેરી અને સામયિક માટે લખતો રહીશ.

દરમિયાન, વિદાયવેળાએ, તમને ખલીલ જિબ્રાનના જગવિખ્યાત પુસ્તક 'ધ પ્રૉફેટ'ના નાયક અલ મુસ્તફા બનાવી અમારા વાચક-લેખકના મનમાં ઊભરતા પ્રશ્નોના પ્રતિભાવ આપવાની અરજ કરી રહ્યો છું. ભાષા માટેનો તમારો ભેખ અને પ્રેમ જાણીતો છે. સાથે સાથે તમારી વાણીનો જોશ પણ અનુભવ્યો છે. 'રણશિંગું' 'ફૂંકાયાનો પ્રખર ઉદ્‌ઘોષ પણ ગુંજતો' બધાયે અનુભવ્યો છે. એટલે જ "ઓપિનિયન" સામયિકને સંકેલવાના સમયે તમારા અનુભવોનો નિચોડ - તારણો રજૂ કરો, તેવી અપેક્ષા રહે છે.

તંત્રીજી, સામયિકના પ્રકાશનના દિવસોની શંકા-કુશંકાઓ, ભય અને ચિંતાઓ વિશે કંઈક જણાવો. તમારા આત્મવિશ્વાસના મૂળની વાત કરો. સામયિક સંકેલી લેતા તમારા દિલમાં ખળભળતી લાગણીઓ વિશે કહો. દોઢ દાયકામાં તમને સાથસહકાર આપનારાઓ વિશે કંઈક કહો. એમનું પીઠબળ કેવું, કેટલું સજ્જડ રહ્યું એ જણાવો.

"ઓપિનિયન"ના વાચકવર્ગના રસ રુચિ, અપેક્ષાઓ કેવા રહ્યાં ? એમના સહકાર વિશે શો અભિપ્રાય બંધાયો ? આપણા ગુજરાતી સાહિત્યકાર - સર્જક સુરેશ દલાલનું ખૂબ જાણીતું વિધાન છે કે ગુજરાતીઓને ચેકબૂક ઘણી વહાલી લાગે છે અને ચોપડી ખરીદવામાં - વાંચવામાં ઉદાસીન રહે છે. ગુજરાતી વસાહતના વાચકોનું વલણ તમને કેવું લાગ્યું ? આ દાખલામાં સુરેશ દલાલનુ વિધાન સાબૂત થતું લાગે છે કે ? વનુભાઈ જીવરાજે પહેલાં અંકમાં તમારા સાહસને સલામ ભરતા લખ્યું હતું, 'વિપુલભાઈએ ભાષાને જીવંત રાખવા હવન શરૂ કર્યો છે. એ હવનમાં સાથ અને સહકારનું ઘી હોમી પ્રજ્વળિત રાખવો એ દરેક ગુજરાતીની ફરજ છે.' ગુજરાતી સમાજનો સાથ સહકાર કેવો રહ્યો ? અહીંની નવી પેઢીમાં ગુજરાતી ભાષા પ્રત્યેનો પ્રેમ કેવો લાગ્યો ? ભાષા પરની પ્રીતિ રહેશે ખરી ?

અહીના લેખક વર્ગ વિશે કંઈક કહો. ગુજરાતી વસાહતી સમાજના મોટાં ગજાનાં સર્જકો – દીપક બારડોલીકર, બળવંત નાયક, યોગેશ પટેલ, વલ્લભ નાંઢા, વનુ જીવરાજ, ઉપેન્દ્ર ગોર, અદમ ટંકારવી, જગદીશ દવે, અમૃત દેસાઈ, નિરંજના દેસાઈ, કુસુમ પોપટ, ડાહ્યાભાઈ પટેલ, પોપટલાલ પંચાલ, વિનય કવિ, શાંતશીલા ગજ્જર, માધવજી દેવળિયા વગેરે વગેરે સાથે તમારો નજીકનો, અંતરંગ સંબંધ રહ્યો છે. એમની શબ્દસૃષ્ટિમાં લાંબા સમય સુધી રહ્યા છો. ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યસર્જનાં સાક્ષી બન્યા છો; તો આ મિત્રો અને એમનાં સર્જન વિશે કંઈક કહો.

ગુજરાતના સર્જકોનો પણ તમે ખૂબ સાથ સંગ માણ્યો છે. તેમની સાથે મૈત્રી પણ કેળવાઈ છે. પ્રકાશભાઈ ન. શાહ, મંગુભાઈ પટેલ, દાઉદભાઈ ઘાંચી, જયન્ત પંડ્યા વગેરે સાથે અંતરંગ સંબંધો રહ્યા છે. આ બધા મહાનુભાવો - સર્જકોએ સામયિકના ઘડતરમાં, કલેવરમાં જે ભાગ ભજવ્યો છે, એના પર પ્રકાશ પાડો.

મંગળ ચોઘડિયે, પહેલા અંકમાં, તમે ભાખ્યું હતું, 'આપણા સમાજના અસંખ્ય સવાલો, આપણી સમાજની ખાસિયતો, આપણી દેણગી, આપણું સાહિત્ય, આપણી વાત, આપણા જીવનમાં બનતી ઘટનાઓ, જન-જીવનમાં આવતા પલટાઓને સમાવી લેવાની' તમારી ઝંખના - નેમ દોઢ દાયકામાં ફળી ખરી કે ?

બળવંતભાઈ નાયકે એ જ અંકમાં, દોઢ દાયકા ઉપર લખ્યું હતું, 'આ દેશમાં બુદ્ધિજીવીઓ માટે માતૃભાષામાં વિચારો વ્યક્ત કરવાનું મન થાય એવું વિચારપત્ર અત્યારે અસ્તિત્વમાં નથી.' હવે પછી, એપ્રિલ ૨૦૧૦ પછી, એવા 'વિચાર વિમોચનનું વાહન'નો અભાવ રહેવાનો, એ વિશે કંઈક કહો.

વલ્લભભાઈ નાંઢાએ પ્રકાશનની વેળાએ લખ્યું હતું, 'તમે જે ધગશ, ખંત અને નિશ્ચયબળથી એક મહારથીના જુસ્સાથી આ ભગીરથ કાર્યનો શુભારંભ કરનાર છો, એથી તમે આ કાર્યમાં સફળ થશો જ. મને પૂરી શ્રદ્ધા છે.' આવા અનેક શુભેચ્છકોની શ્રદ્ધા ફળી ખરી ? તમારા કાર્યમાં સફળ થયા ?

લેસ્ટરનિવાસી દીપક જોશીની શુભેચ્છા હતી : 'બાળક ન રહેતા કુમાર થાય એવી લાખ શુભ કામનાઓ.' તેમની શ્રદ્ધા - શુભેચ્છાઓ - અને બધાની આવી શુભેચ્છાઓ ફળી એનો આનંદ અનુભવો છો ?

વિદાય વેળાએ, દીપકભાઈ બારડોલીકરના શબ્દોમાં 'કાળ દિવસો ને કાળી રાતોની મોસમ બેસી ચૂકી હશે.' આવા ઠંડીના કપરા દિવસોમાં "ઓપિનિયન" સામિયકના ચાહકો, વાચકો અને લેખકોને તમારા શબ્દો જરૂર 'તડકો' આપશે.

- ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

['Kamal Kunj', 3 Buckinham Mews, SUTTON COLDFIELD, West Midlands, B73 5PR, U.K.]

કોઈક માડીજાયો ગુજરાતી તમારો ઝંડો ઉપાડી આગળ ચાલે

• "ઓપિનિયન" ઘણું સુવાચ્ય થતું જતું હતું – ત્યાં જ છેલ્લે 'સંકેલો'નો અવસર આવ્યો. માનવીને પણ જ્યારે જીવનનો 'સંકેલો' આવે છે, ત્યારે તે પણ છેલ્લી ઘડીઓમાં ચમકતો હોય છે !

તમને શું લખું ? તમે ગુજરાતી ભાષા માટે આ દેશમાં જે કર્યું છે તે બીજા કોઈએ કર્યું નથી – અને કરશે પણ નહીં. ગયા અંકના ભારતના "સંદેશ" વર્તમાનપત્રમાં મોહમ્મદ માંકડે તમારી જે પ્રશંસા કરી છે તે યોગ્ય જ છે.

બીજું બ્રિટનના જે બુદ્ધિશાળી લેખકો છે અને હતા તે બધા જ તમારા સર્કલમાં રહ્યા છે અને હતા. ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રીની કલમની મને "ઓપિનિયન" મારફત જ જાણ થઈ હતી, અને પછી તે સ્નેહભરી મિત્રતામાં પરિણમી.

"ઓપિનિયન"ને ભલે સંકેલો પણ આપણો જે સંબંધ છે તે જિંદગીના છેલ્લા શ્વાસ સુધી ચાલુ જ રહેશે. તમે અને હું છાપાના તંત્રીઓ હોવા છતાં સરસ મિત્રો રહ્યા છીએ, તેનો મને ખૂબ જ આનંદ છે.

"ઓપિનિયન"ની સેવા માટે તો તમને લાખ લાખ અભિનંદન. હું ઈચ્છું છું કે કોઈક માડીજાયો ગુજરાતી તમારો ઝંડો ઉપાડી આગળ ચાલે.

— મંજુલા અને વનુ જીવરાજ સોમૈયા

[3 Elsadene Avenue, LEICESTER LE4 7QT, U.K.]

••••••••••••••••••••••••••••

વિચાર આવે

♥ **પંચમ શુક્લ**

વિચાર આવે, સ્થિર રહે; ને સરે,
નજર ફરે બસ – ના કશુંયે અડે.

જડત્વ કે સમતા ગમે તે ગણો,
શરીરનું ખોખું પરમહંસ રે' !

e.mail : spancham@yahoo.com

(અનુસંધાન છેલ્લા પાન પરેથી)

'એ હવે નહિ આવે' વાક્યનું પુનઃઉચ્ચારણ.

વ્હીલચેર ફેરવતાં, આશ્ચર્યસભર નજરે, મુંઝવણમાં તરબોળ અનુરાધા માર્થાને તાકી રહી.

'સોરી, તને ડીસ્ટર્બ કરી, અનુ; પણ દુઃખ વહેંચવાથી જ ઘટે છે.' ખુરશી બાજુમાં ખેંચી બેસતાં માર્થા બોલી.

અનુરાધાની પાંપણે પ્રયત્નપૂર્વક મર્યાદા જાળવતાં આંસુઓ અદબપૂર્વક ટપકી જ પડ્યાં.

'મને મારાં દીકરાઓ મળવા નથી આવ્યા ... ખેર ..... !' માર્થા બોલી.

અચાનક એક નવી દિશા ખુલી ગઈ. વિરુદ્ધ બે પ્રવાહના સંગમમાં બળજબરીથી ટકાવી રાખેલી 'It is none of your business'ની દિવાલ તણાઈ ગઈ.

ગંભીર બનેલી માર્થા રડી પડી. 'એ નહિ આવે, ઓહ ગોડ ... પ્લીઝ, ટેક મી અવે. હું એકલી પડી ગઈ છું.'

'Oh, no. તું પણ ...' અનુરાધાએ હાથ લાંબા કર્યા. માર્થા એને ભેટીને રડવા લાગી. પોતાના દર્દને પાછળ ઠેલતાં. અનુરાધા અનુકંપાથી માર્થાના માથામાં હાથ ફેરવવા લાગી. માર્થા થોડીવાર પછી પોતાનાં આંસુઓ લુછતી શાંત થઈ અને અનુરાધાએ હળવાશ અનુભવતા કહ્યું. 'પ્લીઝ, હિંમત રાખ, હું તારી સાથે છું. તેં મને પહેલાં તારી વાત કેમ જણાવી નહિ?'

ત્યાં ડોક્ટર ખરા ટાણે આવ્યા. 'કેમ છો તમે બંને?' બંને એકમેકની સામે જોઈ રહ્યાં. એમને તપાસ્યા બાદ - 'જુઓ તમારા દીકરાઓ તમારી વગર સુખી છે. ખરું ને?'

'કદાચ,' બંને મંદ સ્વરે બોલ્યાં.

'તો પછી તમે શા માટે દુઃખી રહો છો?'

બંને અનુત્તર ......

'તમારા દુઃખી થવાથી તેઓ આવશે, એમ તમને લાગે છે?'

'અમારું લોહી ...' માર્થા વાક્ય ન પૂરું કરી શકી.

'તમે તમારી ફરજ બજાવી છે, આજે તેઓ સુખી છે, તો તમને એની ખુશી થવી જોઈએ, આમ મન મારી બેસી રહેવાથી શું મળશે?'

'સંતાન માને ભૂલી જાય ... !' અનુરાધા બોલી, 'કેમ?'

'પશુપક્ષીઓ એમનાં સંતાન પાસેથી કોઈ આશા નથી રાખતાં, એમની રાહ જોઈને બેસી નથી રહેતાં. એમ આઈ રાઈટ?'

'ડોક્ટર, ઈટ ઈઝ ડિફિકલ્ટ ... '

'અપેક્ષા જ દુઃખનું મૂળ છે.' ડોક્ટર કહી ચાલી ગયા.

'ભૂતકાળને કેમ ભૂલી શકાય?'

'કદાચ આપણે એની ટ્રાય કરવી પડશે,' અનુરાધા ઉવાચ. એ રાતે અનુરાધાને જલદી ઊંઘ ન આવી, પણ બેચેની ઓછી થતી જણાઈ.

ઘણીવાર માર્થા એને પ્રશ્ન કરતી 'આ ડોક્ટર જે કહી ગયા, એ સાચું છે? હું નથી માનતી.' માર્થાનો નિરાશ ચહેરો અનુને વિચાર કરવા મજબૂર કરી દેતો.

પછીની આવતી સવારો સાથે અનુરાધામાં નવો બાગ ધીરે ધીરે ખીલવા લાગ્યો. ખુદના દર્પણમાં ઉભયનું પ્રતિબિંબ જોતાં બંને ઉજ્જ્વળ થવાં લાગ્યાં. માર્થા તો બેબે દીકરાનો વિયોગ સહી રહી છે. પોતાના કરતાં વધારે કમભાગી. એની ફેમિલી વિશેની વાત કરવાનું માર્થા ટાળતી. પણ ધીરે ધીરે માર્થાનો લાઈફ તરફનો અભિગમ બદલાતો જોઈ અનુને આનંદ થયો. અનુરાધા આસપાસના માહોલમાં વહેવા લાગી. માર્થાને કંપની આપવા, સૌની સાથે ભળતાં બોલવાનો વહેવાર શરૂ કર્યો. માર્થાને પોતે જીવવામાં મદદ કરી રહી છે અનુભવતા એને પોતાને જીવન ગમવા લાગ્યું છે, એની જાણ ન રહી. માર્થાને મનાવતા અનુરાધાની સમજણ બદલાવા લાગી.

માર્થાને હેલ્પ કરવા માટે જ્યારે ડોક્ટરે શાબાશી આપી ત્યારે એ ગદગદ થતી ધન્યતા અનુભવી રહી. કંઈક બદલાઈ રહ્યું હતું.

દિવસો, મહિનાઓ ..... અને વ..ર..સ... મધર્સ ડે ફરી ચોવીસ જ કલાક દૂ...ર... અનુરાધા ફરી પાછી ઉદાસી અનુભવી રહી અને માર્થાને બેચેન બનતી જોઈ, અનુની મુંઝવણ વધી. છાતી પર હાથ મૂકી પથારીમાં ખામોશ પડેલી માર્થા અનુરાધાની વાતો સાંભળતી રહી. જાણે આજે એનો પ્રતિભાવ આપવાનો મુડ નહોતો; એ રાત્રે અનુરાધાની પાંપણો માંડ માંડ ઢળી, ત્યાં -

અચાનક રૂમમાં જાગેલા કોલાહલે અનુરાધાની ઊંઘ ઉડાડી દીધી. પાંચ-છ જણાં માર્થાના બેડની આજુબાજુ ઊભેલા દેખાયાં. ઓક્સિજન, ઈન્જેક્શનો, હાર્ટ મસાજ .... અડધો એક કલાકની ધમાલ બાદ 'આઈ થિંક વી લોસ્ટ હર.' હેડ નર્સનો નિરાશ અવાજ સંભળાતા અનુરાધા ચમકી.

'બેડ હાર્ટ એટેક ...' સાંભળતા અનુરાધા બેભાન ....

આંખો ખુલી ત્યારે જાણીતા ડોક્ટર એની પલ્સ તપાસી રહ્યા હતા. 'હાઉ આર યુ?'

'માર્થા....?'

'હાઉ આર યુ ફિલિંગ?' ડોક્ટરે બ્લડપ્રેશર લેતાં પૂછ્યું. 'જસ્ટ ટેક સમ ટેસ્ટ.'

'માર્થા ...'

'આઇ એમ સોરી.'

'હાર્ટ-એટેક ...?'

'યસ!' ડોક્ટર જવાબ આપતાં ઊભા થયા.

પથારીમાં બેસતાં અનુરાધા બોલી 'કમસેકમ હવે તો માર્થાનું સપનું સાચું પડશે.' રડમસ અવાજે એ બોલી.

'પણ એ તો હવે નથી.'

'એટલે જ કહું છું.'

'આમ કહેવાનો મતલબ?' ડોક્ટરે ભવાં ચઢાવ્યાં.

'આ બહાને એના દીકરા સાથે એની મુલાકાત તો થશે.'

'આ તમે શું કહી રહ્યાં છો ? આઈ ડોન્ટ અન્ડરસ્ટેન્ડ!'

'માર્થાના દીકરા એના ફ્યુનરલમાં જરૂર આવશે.'

'એવું નહિ બને. અસંભવ ....'

'કેમ?' આંખો લુછતાં અનુએ પૂછ્યું.

ડોક્ટર ખામોશ બની અનુરાધાને જોઈ રહ્યાં.

'શું એના દીકરા આટલા નિર્દયી છે. મૃત્યુ પામેલી માને રીસ્પેક્ટ આપવા પણ નહિ આવે?' અનુરાધા ચીખી ઊઠી. ચહેરા પર અકળામણ ઉપસી આવી. 'આવા ... આવા નાલાયક દીકરા કરતાં તો ..' પ્રલંબ નિશ્વાસે એને આગળ બોલતાં અટકાવી. ટપકવા માંગતાં આંસુઓને પાંપણો ગ્રસી રહી.

ઈમોશનલ અનુરાધાનો ડોક્ટરે ખભો થાબડ્યો. એ કશું બોલે એ પહેલાં અનુરાધા આગળ બોલી પડી 'દીકરાએ આવું ન કરવું જોઈએ, એટલીસ્ટ, પોતાની મા સાથે નહિ.'

અનુરાધાની પાસે બેસતા ડોક્ટર શાંત સ્વરે બોલ્યા : 'એ.... હવે પોસિબલ નથી. કારણ કે ..'

ડોક્ટરને વચ્ચેથી કાપતાં, 'એવું તે શું કારણ છે?' અધિરાઈથી ગુસ્સાભર્યો સવાલ એ કરી બેઠી.

'ટેક ઈટ ઈઝી વધુ પડતું ટેન્શન તમારું બીપી .....'

'તમે મા નથી એટલે અમારું દુઃખ નહિ સમજી શકો.'

'યુ આર રાઈટ.'

'સોરી ડોક્ટર', અનુરાધાનો અવાજ ધીમો પડી ગયો.

'એના દીકરાઓને હું ... હું ફોન કરીશ. પ્લીઝ તમે મને એમનો નંબર આપશો.'

'આઈ એમ સોરી - '

'કેમ?' અવાજમાં અણગમો વ્યક્ત થઈ ગયો. ક્ષણ રોકાઈને 'માર્થાની કોઈ ઔલાદ જ નથી.'

અનુરાધા સ્તબ્ધ થઈ ગઈ. માનો એનો શ્વાસ અટકી ગયો. હોઠ માંડ માંડ ફફડ્યા 'ડો-ક-ટ-ર!'

'એ....એ... મેરીડ પણ નહોતી.'

બીજો જનોઈવઢ ઘા 'મા..મારી સાથે ..... વિશ્વાસઘાત?' અવિશ્વાસના ભાર નીચે અનુરાધાનો અવાજ તરડાયો 'એક મધરની ભાવના સાથે આવો નિર્દય ખેલ ... '

'તમે માર્થાને બ્લેમ ન કરો'

'કેમ ન કરું ? હં...હં.... કેમ ન આપું' એ ચિત્કારી ઊઠી.

'એમનો તો આપણે આભાર માનવો જોઈએ.'

'આભાર....?' આંખોમાં જિજ્ઞાસાની જ્વાળા પ્રગટી.

'તમને ડીપ્રેશનમાંથી બહાર લાવવાના મારા બધાં જ પ્રયાસો નિષ્ફળ જતાં મેં હતાશા અનુભવી હતી, ત્યારે તમારા વિચારનું ફોક્સ બદલવા માટે માર્થાએ આ ડ્રામાનો ઉપાય સૂચવ્યો અને એની સફળતાથી તમે અજાણ નથી. આપણી પાસે રહી જશે માત્ર એનો આભાર ન માની શક્યાનો અફસોસ.' ડોક્ટરે કહ્યું

દુઃખી હૃદયે વ્હીલચેરમાં બેસી, અનુરાધા પોતાના ટેબલ પાસે આવી, પળભર થંભી, પછી ટેબલ પર પડેલી ફોટોફ્રેમ હાથમાં લઈ અશ્રુજળનયને થોડીવાર તાકી રહીને એમાંથી પોતાના પુત્રનો ફોટો કાઢી ટેબલ પર ઊંધો મૂકી, પોતાની સાથે માર્થાએ પડાવેલા ફોટાને ગોઠવતા, ભાવુકતાથી બોલી, 'Thank You, my friend. Thank you!'

•

[1531, Buck Creek Drive,
YARDLEY, PA 19067-4053, U.S.A]

Thank You !

• નીલેશ રાણા

'ગુડમોર્નિંગ', 'ગુડમોર્નિંગ' ... 'ગુડ મોર્નિંગ'.

એ જ રોજિંદા ચવાઈ ગયેલા શુષ્ક શબ્દોના વરસાદને, પથારીમાં સુસ્ત પડેલી કાયામાં જાગતાં અનુરાધાના મને ઈગ્નોર કરવાનો પ્રયાસ કર્યો.

વળતી જ પળે 'વોટ્સ ધ મેટર મિસિસ શાહ?' - નર્સના પ્રશ્ને જાણે તમાચો માર્યો !

જવાબ આપવાને બદલે અનુરાધાએ પથારીમાં બેસવું પસંદ કર્યું. સાથે એક ફિક્કા હાસ્યને ધક્કો મારી હોઠો સુધી ધકેલ્યું. અહીંનો રિવાજ હતો. અને ઊઠવામાં મોડું થાય તો બ્રેકફાસ્ટ ઠંડો થઈ જવાનો ભય હતો. આર્મી જેવી જ રેજીમેન્ટલ લાઈફ. નર્સની હેલ્પ લઈ કપડાં સરખાં કરતી વ્હીલચેરમાં ગોઠવાઈ ને બેસિન પાસે જઈ બ્રશ કર્યું.

'નાવ, આઈ વિલ મેનેજ', નર્સ ટેરીને જવાનું સૂચન કર્યું અને વ્હીલચેરનાં પૈડાંને હાથોથી ચલાવવા ગઈ, ત્યાં જ 'લેટ મી હેલ્પ યુ' સાંભળતાં પળભર ખુશી તો થઈ, પણ અવાજ એક સ્ત્રીનો હતો. સામેના નાનકડા ટેબલ પર ગોઠવાયેલી ફોટોફ્રેમ પર નજર પડતાં સરી ગઈ. પાછળ નજર કરી એણે જોયું તો લગભગ એની જ ઉમરની એક સ્ત્રી હસતી ઊભી હતી. અચાનક એને યાદ આવ્યું કે પોતાની રૂમમાં ગઈ કાલે જ આની પધરામણી થઈ હતી.

મર્સી નર્સિંગ હોમ. દરેક રૂમમાં બે જણાંની રહેવાની સગવડ. અહીંયા આવનાર કદીક બહાર પણ જતો અને કદી પાછો પણ ન પણ ફરતો. પણ રૂમો હંમેશાં ભરાયેલી રહેતી. આ હતી અભાગિયાઓની વસ્તી. અનુરાધાનો પડાવ રૂમ નં. ૨૧૪માં, એનો બેડ બારી પાસે.

'માય નેમ ઈઝ માર્થા' વ્હીલચેરનું હેન્ડલ પકડી ચલાવતાં એ બોલી. 'હાવ આર યુ?'

અનુરાધાએ પ્રતિભાવ ન આપ્યો.

'આપણે ક્યાં જવાનું છે?' માર્થાએ પૂછ્યું

ન બોલવાનો પસ્તાવો સહન કરતા અનુરાધા વ્હીલચેરમાં ખામોશ બેસી રહી. નર્સને પૂછી માર્થા ડાઈનિંગ એરિયામાં આવી, અનુરાધાની વ્હીલચેરને બારણાં પાસેના ટેબલ પાસે ગોઠવી, બાજુની ખુરશીમાં બેઠી. અનુરાધાએ છાની રીતે, દિવસના અજવાળામાં, માર્થાના દીદાર કરી લીધા. ગોરો વાન એટલે નક્કી યુરોપિયન અને ગળામાં ક્રોસ એટલે નક્કી ક્રિશ્ચયન છે, સમજાયું.

કિચનના સ્ટાફ જોસેફે પસાર થતાં કહ્યું 'હાય અનુ, હાય માર્થા, રેડી ફોર બ્રેકફાસ્ટ?'

અનુરાધાના હોઠે આવ્યું, 'રેડી ફોર માય ડેથ.' નર્સિંગહોમની દિવાલોમાં બે વર્ષથી ભીંસાતું જીવન ક્યારે પોતાનું ગળું દાબી દે, એની રાહ જોતી પોતે બેઠી હતી. અહીં માત્ર જીવાતું હતું અભિશપ્ત જીવન, જેનું કોઈ મહત્ત્વ નહોતું, જેનો કોઈ મકસદ નહોતો, જેનો કોઈ મતલબ ન રહ્યો હતો. પોતે હતી સિર્ફ વટાવેલું મની ઓર્ડર !

બ્રેકફાસ્ટમાં કૉફી, બ્રેડ, બટર, પોટેટો ચિપ્સ ને ઑમ્લેટ .... (થેપલાં ....ખાખરાનાં સ્વપ્ન) અને પાંચ-છ દવાની ટેબ્લેટ્સ. દરમ્યાન માર્થા વાતો કરતી રહી, અનુરાધા 'અહં....અહં' બે ધ્યાનપણે બોલતી રહી. ઑમ્લેટનો ટુકડો મોઢાંમાં મૂકતા પતિની યાદ આવી, અઢાર વર્ષ પહેલાં એ સાથ છૂટી ગયો હતો (God bless his soul) એ મજાકમાં કહેતા. ઑમ્લેટ ખાવામાં વાંધો નહિ, ચિકન પણ તારી જેમ વેજટેરિયન જ છે. અમેરિકાનું નર્સિંગ હોમ-ગુજરાતીપણું કોણ સાચવે? બ્રેકફાસ્ટ પતાવી, રૂમમાં આવી, સ્પંજ-બાથ લઈ, ફ્રેશ થઈ અને વ્હીલચેરમાં મેઈન હોલમાં આવીને એણે જોયું તો લાઇનમાં ગોઠવેલી ચેરોમાં અર્ધજાગ્રત, અર્ધમૂર્છિત, નિરાશ, હતાશ, થોડાં વર્તમાનમાં હાજર, થોડાં ભૂતકાળમાં ખોવાયેલાં, પોતાનાં જેવાં અન્ય કેદીઓ - પિંજરાનો દરવાજો ખુલ્લો હતો, પણ એમની પાંખો ખરી પડી હતી.

પછી એક્સરસાઇઝ, ગેમ્સમાં ફરજિયાત દાખલ થવું પડ્યું. ત્યારબાદ લંચ, આફ્ટરનૂનનો રેસ્ટ, મ્યુઝિક પાર્ટી, ડિનર, ટી.વી. સાથેની મુલાકાત, રોજનું રૂટિન લોહીમાં વણાઈ ગયું હતું. એણે સમયને સાચવવો પડતો હતો કારણ કે સમય એને સાચવવાનું ભૂલી ગયો હતો.

બીજે દિવસે સવારે માર્થાએ બ્રશ કરતા પ્રશ્ન કર્યો. 'અનુ, તું ક્યારથી રહેવા આવી છે?'

પ્રશ્ન સ્વાભાવિક હતો. કદાચ પૂછવા માટે પૂછાયેલો હતો. પણ એને પોતાના નામની ખબર .... પ્રશ્નાર્થ ભરી નજરનો ભાર હળવો કરવા માર્થાએ જ જવાબ આપ્યો 'રૂમની બહાર આપણાં નામની તકતી લટકે છે.'

'હું અહીં રહેવા નથી આવી, મને નાંખી જવામાં આવી છે.' કટુતાસભર તીક્ષ્ણ શબ્દો માર્થાને વીંધી ગયા.

'આનું કારણ જાણી શકું?'

જવાબ ન આપતા અનુરાધાએ પોતાની આંખો અને કાનો ટી.વી.ની દિશામાં ફેરવ્યા. 'પોતે ક્યારથી આ નર્સિંગ હોમમાં છે ?' 'શા કારણે આવી છે?'ના ઈતિહાસની કબર ખોદવાની પીડાથી અલિપ્ત રહેવા એણે હોઠ બંધ રાખ્યા.

પણ માર્થાએ જાણે બોલવાનો ઈજારો લીધો હોય એમ બોલવાનું ચાલુ રાખ્યું. 'કોઈક તો પોતાની મરજી મુજબ અહીં આવતું હશે. હું તો મારી મરજીથી અહીં આવી છું.'

'મૂર્ખ લાગે છે.' અનુરાધા મનમાં બબડી.

'કદીક આવો નિર્ણય લેવો પડે, લાઈફ .... લાઈફ મળી છે તો એને સાંચવવી પડે, જાળવવી પડે..'

'બસ, બોલવાનું બંધ કર.' – વાક્યને શબ્દાતિત રૂપ ન આપતા, એણે સાંભળ્યા કર્યું.

ત્યાં જ ડોક્ટરની પધરામણી થઈ. 'હાઉ આર યુ ટુડે, મિસિસ શાહ?'

મહિનામાં બે-ત્રણવાર આંટો મારી જતાં ડોક્ટરને જોઈ, 'લો આવી ગયો વિઝિટના પૈસા ભેગાં કરવા!' મનમાં ફરી ધુંધવાતી બબડી.

પોતાને તપાસી ડોક્ટર માર્થાના બેડ પાસે ગયા. તરત જ અનુરાધા વ્હીલચેરના સહારે રૂમની બહાર નીકળી આવી. એમ કરવાનું કારણ એને સમજાયું નહિ. નિરૂદેશે આંટો મારતો રોજર્સ એની સાથે ભટકાતા રહી ગયો.

પછી પોતે જ બાંધેલી અલૂફતાની ઈમારતના દ્વાર પર માર્થા બે મહિનાથી ટકોરા મારી, અંદર દાખલ થવાનો પ્રયત્ન કરતી રહી, એને અશ્રાવ્ય કરતી અવગણના કરવામાં અનુરાધા સફળ રહી. જ્યાં એના ડીપ્રેશનના વર્તુળની શૃંખલા ડોક્ટર પણ તોડવામાં અસફળ રહ્યાં હતાં, ત્યાં માર્થાનું શું ગજુ? પણ માર્થાએ પ્રયત્નો જારી રાખ્યા. અનુરાધાયે લાચાર! નયન સરોવરમાં તરતી ઉદાસીનતાનાં મીનને માર્થા સહાનુભૂતિ સંપન્ન શબ્દોની જાળમાં કેદ ન કરી શકી. અનુરાધા એક કિલ્લો ચણી બેઠી હતી.

અનુરાધા બને એટલું બોલવાનું ટાળતી, પોતાના જ દુ:ખોની દુનિયામાં ગુમ, ગુમસૂમ રહેતી. પતિના સ્વર્ગવાસ બાદ, પાંચ વર્ષના એકના એક પુત્રના ઉછેર માટે, યુવાનીસભર કેટલા ય દિવસો સળગાવી દીધા હતા. આજે એ જ પુત્રની મહેરબાનીથી જતી જિંદગીના દિવસો એને બાળી રહ્યા હતા. અંગત ગણાતું સગપણ આજે એકતરફી ડચકા ખાઈ રહ્યું હતું. એક અનંત આગની આંચ, જીવન ખરું પણ લાઈફલેસ ... વાંક ખુદનો, દીકરાનો કે અહીંની પરિસ્થિતિનો ... ? દીકરા પાસે એટલું બધું ય નહોતું માંગ્યું. એક ટેકણ લાકડી જેટલો જ સહારો ....

કેલેન્ડરે આવતા મધર્સ-ડેની જાણકારી આપી. મર્સી નર્સિંગહોમમાં આનંદની આછેરી લહેરખી ફરી વળી. ઘણી બધી નિસ્તેજ આંખોમાં આશાના આગિયાઓ ચમક્યા. ટૂંટિયું વાળી પડેલા જીવને ટટ્ટાર બેસવાનો પ્રયાસ જારી કર્યો. ગયા મધર્સ-ડે વખતે ત્યાંના બાકીના રહેનારાઓને, મળવા આવતાં સંતાનો દ્વારા અપાતી Hug અને Kiss, સુંદર ફૂલાવર બુકે, ચોકલેટના બોક્સ ત્યારે દર્દીઓના મુખ પર પ્રગટતી સંતોષની આત્મા (ભલે જે એ માત્ર એક દિવસ પૂરતી જ હોય) જોતાં અનુરાધાને ઈર્ષા જરૂર થઈ હતી અને બીજે દિવસે એ જ આનંદનો સૂર્યાસ્ત જોઈ એ રડી પણ હતી. તેથી આ મધર્સ-ડેના દિવસે પોતાની રૂમમાં જ બારી પાસે બેસી રહી.

બારી બહાર ફેલાતી અનુરાધાની નજર, પાર્કિંગલોટમાં ગોઠવાતી કારો, એમાંથી ઊતરી નર્સિંગહોમ તરફ આવતી યુવાન સંતાનોની હારમાળા, પણ આ અજાણ્યા ચહેરાના ટમટમતા તારલાઓ અમાસની રાત્રિ લઈને આવ્યા. જાણીતા ચંદ્રની એક ઝલક જોવાની વાંઝણી ઈચ્છા પાંપણે આંસુ બની પ્રગટી.

'એ હવે નહિ આવે...'

ઝટ ચહેરાના ચિત્રપટ પર દૃશ્ય બદલતા અનુરાધાએ પાછળ જોયું. માર્થા એની વ્હીલચેર પાછળ ઉભી હતી.

(અનુસંધાન પાનાં 23 પરે)

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 250 · ગ્રાહક : 183 · [15.02.2010]